# કાળચક્ર

## (જૈન દર્શનના પરિપ્રેક્ષ્યમાં)


લેખક :

**ડૉ. સંજીવકુમાર ગોધા**

એમ.એદ્વય (જૈન વિદ્યા તુલનાત્મક ધર્મદર્શન, ઈતિહાસ),
નેટ, એમ. ફિલ (જૈનદર્શન), પીએચ.ડી.
બી-૫૪, જનતા કોલોની, જયપુર

ગુજરાતી અનુવાદક :

**પ્રશમ જિતેન્દ્રભાઈ મોદી,**

સોનગઢ


## પ્રકાશકીય

શ્રી અખિલ ભારતવર્ષિય દિગંબર જૈન વિદ્વત્પરિષદ દિગંબર જૈન સમાજના શિર્ષસ્થ વિદ્વાનોની પુરાતન પ્રતિષ્ઠિત સંસ્થા છે કે જેની સ્થાપના પં. ગણેશપ્રસાદજી વર્ણીજી દ્વારા વીરશાસન જયંતીના દિવસે ઈ.સ. ૧૯૪૪માં કરવામાં આવી હતી. આ સંસ્થાનો પોતાનો એક ગૌરવશાળી ઈતિહાસ રહ્યો છે.

વિદ્વત્પરિષદના પ્રખ્યાત વિદ્વાનો દ્વારા દેશભરમાં શિબિરો અને સંગોષ્ઠીઓનું આયોજન કરવામાં આવતું રહ્યું છે. સિદ્ધાંત ચક્રવર્તી આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજના સસંઘ પાવન સાન્નિધ્યમાં ૧૮ થી ૨૨ એપ્રિલ ૧૯૯૯ સુધી સંસ્થાનો સ્વર્ણજયંતી સમારોહ અને સમયસાર વાંચન વર્ષ આયોજિત કરવામાં આવ્યું કે જેમાં વર્ષભર સંગોષ્ઠીઓ અને વાંચનોની ધૂમ ચાલી રહી.

વિદ્વત્પરિષદ દ્વારા સમય સમય પર રાષ્ટ્રીય સંગોષ્ઠીઓનું આયોજન, વિધાન પૂજન, પ્રશિક્ષણ શિબિર, ધ્યાન અને સામાયિક શિબિર, વિદ્વત્સન્માન આદિ મહત્વપૂર્ણ કાર્ય તો કરવામાં આવે જ છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સત્સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રમાં અત્યાર સુધી લોકોપયોગી ૨૪ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ જ શૃંખલામાં અ.ભા.દિ.જૈન વિદ્વત્પરિષદના પ્રકાશન મંત્રી તથા લગભગ અઢાર વર્ષોથી જોડાયેલા યુવા વિદ્વાન ડૉ. સંજીવકુમાર ગોધા દ્વારા લિખિત કાળચક્ર નામનું પુસ્તકનું પ્રથમ ગુજરાતી સંસ્કરણ પ્રકાશિત કરી રહ્યા છીએ. ગોધાજી આજે દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત પ્રવચનકાર વિદ્વાનના રૂપમાં પ્રસિદ્ધ છે. સંપૂર્ણ ભારતવર્ષની સાથે સાથે તેઓ કેનેડા, અમેરિકા, ઈન્ગ્લેન્ડ આદિ દેશોના અનેક શહેરોમાં જઈને તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં મહત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે.

તેમના દ્વારા જિનાગમના પ્રચાર-પ્રસાર હેતુ ઉલ્લેખનીય યોગદાન હેતુ અ.ભા.દિ.જૈન વિદ્વત્પરિષદે ઓક્ટોબર ૨૦૧૫માં તેમને પંડિતપ્રવર ટોડરમલ પુરસ્કાર પ્રદાન કરતા 'યુવા વિદ્વરત્ન'ના માનદ્ બિરુદથી વિભૂષિત કર્યા.

જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં કાળચક્રનું સર્વાંગિણ, તર્કસંગત, શોધપરક પ્રસ્તુતિકરણ કરવાવાળી આ કાળચક્ર નામની કૃતિ નિશ્ચયથી પાઠકોને આ વિષયનું સમગ્ર જ્ઞાન કરાવશે. તમે બધા તેનો ભરપૂર લાભ ઉઠાવો એ જ આશા સાથે.

—અખિલ જૈન બંસલ

## અનુક્રમણિકા


કાળની વ્યાખ્યા / સ્વરૂપ ........ ૬
કાળના ભેદ — ........ ૯
(૧) વ્યવહાર અને નિશ્ચયકાળ ........ ૯
(૨) વ્યવહારકાળના વિવિધ માપદંડ ........ ૧૨
(૩) સંખ્યાત, અસંખ્યાત અને અનંતકાળ ........ ૧૪
(૪) ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ ........ ૧૫
(૫) ઉત્સર્પિણી - અવસર્પિણીકાળ ........ ૧૭
— અવસર્પિણીના પહેલાં ત્રણકાળ (ભોગભૂમિ) ........ ૨૩
— કલ્પવૃક્ષોનું સ્વરૂપ ........ ૨૫
— અવસર્પિણીનો પહેલો કાળ (સુષમાસુષમા) ........ ૨૯
— અવસર્પિણીકાળનો બીજો કાળ (સુષમા) ........ ૩૨
— કુલકર વ્યવસ્થા ........ ૩૭
— અવસર્પિણીના અંતિમ ત્રણ કાળ (કર્મભૂમિ) ........ ૪૩
— અવસર્પિણીનો ચોથો કાળ (દુષમા-સુષમા) ........ ૪૩
— ૬૩ શલાકા પુરુષ ........ ૪૪
— અવસર્પિણીનો પાંચમો કાળ (દુષમા) ........ ૪૯
— કલ્કી અને ઉપકલ્કી ........ ૫૦
— અવસર્પિણીનો છઠ્ઠો કાળ (અતિદુષમા) ........ ૫૩
— કલ્પાંત કાળ (પ્રલય) ........ ૫૫
— હુંડાવસર્પિણીકાળ — ........ ૫૬
— ઉત્સર્પિણીના છ કાળ — ........ ૫૮
— ઉત્સર્પિણીકાળમાં કુલકર — ........ ૫૯
— કાળ અપરિવર્તન વાળા ક્ષેત્ર — ........ ૬૧
(૬) કેટલીક સહજ જિજ્ઞાસાઓ ........ ૬૩
— વર્તમાનમાં ક્યો કાળ—ઉત્સર્પિણી કે અવસર્પિણી? ........ ૬૩
— તમે ગમે તે કહો, અમને તો બધે વિકાસ જ દેખાય છે ........ ૬૫
— વિશ્વાસ નથી થતો, કાલ્પનિક જેવું લાગે છે ........ ૬૮
— છઠ્ઠા પછી છઠ્ઠો કે પહેલો કાળ? ........ ૭૦
— શું કાળ પરિવર્તન થતાં બધું બદલાઈ જાય છ ? ........ ૭૦
— ક્યો કાળ શ્રેષ્ઠ ? ........ ૭૨
(૭) અભિપ્રાય (વિદ્વાનોની દૃષ્ટિમાં પ્રસ્તુત પ્રકાશન) ........ ૭૫
(૮) સંદર્ભ ગ્રંથ સૂચિ ........ ૭૯


### જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં –

# કાળચક્ર

કાળ ઘણો જ પ્રચલિત શબ્દ છે, તેનો પ્રયોગ વિભિન્ન અર્થોમાં થાય છે. અહીં આપણે જૈનદર્શનનાં પરિપ્રેક્ષ્યમાં કાળદ્રવ્યની ચર્ચા કરતાં થકી છ કાળરૂપ ચક્રનું વિસ્તૃત નિરૂપણ કરીશું. જોકે નૈયાયિક, વૈશેષિક, બૌદ્ધ, સાંખ્ય, યોગ આદિ ભારતીય દર્શનો ઉપરાંત પાશ્ચાત્ય દાર્શનિકોએ કોઈને કોઈ રૂપમાં કાળનો સ્વીકાર કર્યો છે, પરંતુ જેવું સૂક્ષ્મ અને વિષદ વિવેચન જૈન દાર્શનિકોએ કર્યું છે તેવું અન્યત્ર મળવું દુર્લભ છે.

જૈનદર્શન અનુસાર કાળનું શું સ્વરૂપ છે? તેના કેટલા ભેદ-પ્રભેદ છે? અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ કાળચક્ર ક્યા પ્રકારે બદલતું રહે છે? ક્યા ક્ષેત્રોમાં ક્યો કાળ વર્તી રહ્યો છે? વિભિન્ન કાળમાં મનુષ્ય આદિની ઊંચાઈ, આયુષ્ય આદિની વિવિધતાની સાથે-સાથે તે કાળની વિશિષ્ટ પરિસ્થિતિઓ, ભોગભૂમિ, કર્મભૂમિ, કલ્પવૃક્ષનું સ્વરૂપ, કુલકર વ્યવસ્થા, યુગ પ્રવર્તક તીર્થંકર-ચક્રવર્તી આદિ શલાકાપુરુષ, ધર્મ વિધ્વંસની ચેષ્ટા કરવાવાળા કલ્કી તથા અર્ધકલ્કી, સૃષ્ટિ પ્રલયનું સ્વરૂપ, ફરી સૃષ્ટિ સર્જન, હુંડાવર્સિપિણી-કાળની વિચિત્રતાઓ આદિ અનેક મહત્વપૂર્ણ વિષયોને અહીં રોચક રીતે પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે. અંતમાં વિવિધ જિજ્ઞાસાઓનું સમુચિત સમાધાન શોધતાં દૃષ્ટિને સ્વભાવ સન્મુખ કરવાની પ્રેરણા આપી છે; એ જ ઉપાદેય છે.

'કાળચક્ર' બે શબ્દોનો સમુદાય છે. કાળનો અર્થ છે 'સમય' અને ચક્રનો અર્થ છે 'પરિવર્તન'—આ રીતે સમયનું પરિવર્તન/બદલાવ જ કાળચક્ર છે.

આપણે અહીં સર્વપ્રથમ કાળની ચર્ચા કરી રહ્યા છીએ, પછી ચક્ર/પરિવર્તનની ચર્ચા અવસર્પિણી તથા ઉત્સર્પિણીકાળના રૂપમાં આગળ વિસ્તારથી કરીશું.

## કાળની પરિભાષા/સ્વરૂપ—

જૈનદર્શન અનુસાર લોક ષટ્દ્રવ્યાત્મક છે.[1] છ દ્રવ્યોમાં કાળ પણ એક દ્રવ્ય છે[2] કે જે સ્વતંત્ર પદાર્થ છે. વિભિન્ન ગ્રંથોમાં કાળનું સ્વરૂપ નીચે અનુસાર કહ્યું છે–

(૧) સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત, અગુરુલઘુત્વગુણ સહિત અને વર્તના લક્ષણથી યુક્ત કાળદ્રવ્ય છે.[3]

(૨) **जीवादिदव्वाणं परिवट्टणकारणं हवे कालो।**[4] અર્થાત્ જીવાદિ દ્રવ્યોના પરિવર્તનનું કારણ કાળદ્રવ્ય છે.

(૩) **वर्तनापरिणामक्रियाः परत्वापरत्वे च कालस्य।**[5] અર્થાત્ વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ કાળના ઉપકાર છે.

(૪) જે લોકાકાશના એકેક પ્રદેશ ઉપર રત્નોની રાશિ સમાન ભિન્ન-ભિન્ન સ્થિત છે એવા કાલાણુ અસંખ્ય દ્રવ્ય છે.[6]

૧. ષડ્દર્શનસમુચ્ચય, ૪/૪૯/૧૭૧/પૃ. ૨૫૦
૨. 'કાલશ્ચ'—તત્ત્વાર્થસૂત્ર, ૫/૩૯
૩. તિલોયપણ્ણત્તી, ૪/૨૮૧
૪. નિયમસાર, ગાથા-૩૩
૫. તત્ત્વાર્થસૂત્ર, ૫/૨૨
૬. દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૨



(૫) પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં સદાય વર્તે જ છે. તેમની આ વર્તના કોઈ બાહ્ય સહકારી કારણ વિના થઈ શકતી નથી. તેથી તેમને પરિણમાવવાવાળું સહકારી કારણરૂપ વર્તના લક્ષણ જેમાં જોવા મળે છે તેને કાળ કહે છે. કાળના આધારથી જ સમસ્ત દ્રવ્ય વર્તે છે.[7]

(૬) કાળદ્રવ્ય અનાદિનિધન છે, વર્તના તેનું લક્ષણ માનવામાં આવ્યું છે. આ અત્યંત સૂક્ષ્મ પરમાણુ સમાન છે તથા અસંખ્યાત હોવાના કારણે સંપૂર્ણ લોકાકાશમાં ભરેલું છે. તેમાં અનંત પદાર્થોને પરિણમન કરાવવાનું સામર્થ્ય છે. તેથી સ્વયં અસંખ્યાત હોવા છતાં પણ અનંત પદાર્થોના પરિણમનમાં સહકારી થાય છે.[8]

જેવી રીતે દ્રવ્યોમાં ધર્માસ્તિકાય જીવ-પુદ્ગલોને ગમનમાં તથા અધર્માસ્તિકાય તેમની સ્થિતિમાં નિમિત્ત થાય છે,[9] આકાશ દ્રવ્ય બધા દ્રવ્યોને અવગાહના[10] દેવાનું કાર્ય કરે છે, તેવી જ રીતે કાળદ્રવ્ય બધા દ્રવ્યોના પરિણમન/વર્તનામાં નિમિત્ત થાય છે.

લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે. પ્રત્યેક પ્રદેશ ઉપર એક-એક કાલાણુ સ્થિત હોવાથી કાળદ્રવ્ય પણ અસંખ્યાત છે. પ્રત્યેક કાલાણુ એકબીજાથી ભિન્ન છે, સ્વતંત્ર છે અને એકપ્રદેશી છે. કાળદ્રવ્ય એકપ્રદેશી હોવાથી અસ્તિકાયમાં સમાવિષ્ટ નથી. જિનાગમમાં બહુપ્રદેશી દ્રવ્યોને અસ્તિકાય કહ્યા છે. તેથી કાળને છોડીને શેષ પાંચ દ્રવ્ય અસ્તિકાય[11] કહેવાય છે

૭. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૬૮
૮. આદિપુરાણ, ભાગ-૧, ૩/૨-૩
૯. '**गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरूपकारः।**' –તત્ત્વાર્થસૂત્ર, ૫/૧૭
૧૦ '**आकाशस्यावगाहः।**' –એજન, ૫/૧૮
૧૧. બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૩

કાળને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમાન લોકવ્યાપી એક અખંડ દ્રવ્ય માની શકાતું નથી. કારણ કે તેને અનેક દ્રવ્ય માન્યા વિના જગતના વિભિન્ન ક્ષેત્રોમાં કાળભેદ સંભવ નથી. આકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર સમયભેદ, તેને અનેક દ્રવ્ય માન્યા વિના બની શકતા નથી. ભરત-ઐરાવત ક્ષેત્રમાં દિવસ અને તે જ સમયે વિદેહક્ષેત્રમાં રાત્રિરૂપ વ્યવહારથી પણ કાળદ્રવ્યની અનેકતા સિદ્ધ થાય છે.

સૂર્ય-ચંદ્રાદિ મનુષ્યક્ષેત્રમાં નિરંતર સુમેરુ પર્વતની પ્રદક્ષિણા[૧૨] કરતા રહે છે, તે જ કારણે કાળનો વિભાગ[૧૩] અર્થાત્ દિવસ-રાતની વ્યવસ્થા બને છે. મનુષ્યલોક અર્થાત્ અઢીદ્વીપની બહાર સૂર્ય-ચંદ્રાદિ ગમન કરતા નથી. તેથી બહાર દિવસ-રાતનું પરિવર્તન પણ થતું નથી. ત્યાં સદૈવ એક સમાન પરિસ્થિતિ રહે છે. આ જ કારણ છે કે આચાર્ય હરિભદ્રસૂરિ કાળદ્રવ્યનો સદ્ભાવ મનુષ્યલોકમાં જ માને છે. તેમનું કહેવું છે કે '**मनुष्यलोकाद् बहिः कालद्रव्यं नास्ति**'[૧૪] અર્થાત્ મનુષ્યલોકની બહાર કાળદ્રવ્ય નથી. તેમના આ કથનને જ્યોતિષ વિમાનોના ગમનની અપેક્ષા ઉપચારમાત્ર જ સમજવું જોઈએ.

કાળને જ્યારે આકાશના પ્રદેશો પર '**रयणाणं रासी इव**'[૧૫] અર્થાત્ વિખરાયેલી રત્નરાશિ સમાન જોઈએ તો તે નિશ્ચય કાળ અર્થાત્ કાલાણુ સંપૂર્ણ લોકાકાશમાં મોજૂદ છે, પરંતુ જ્યારે કાળને દિવસ-રાત્રિના કારણની દૃષ્ટિથી જોઈએ છીએ તો તે (વ્યવહારકાળ) નો સદ્ભાવ માત્ર અઢીદ્વીપમાં કહી શકાય છે.

૧૨. '**मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ।**' –તત્ત્વાર્થસૂત્ર, ૪/૧૩

૧૩. '**तत्कृत कालविभागः ।**' –એજન ૪/૧૪

૧૪. ષડ્દર્શનસમુચ્ચય, ૪/૪૯/૧૭૭/પૃ. ૨૫૩

૧૫. દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૨



આ સાપેક્ષ કથન છે, ખરેખર તો વ્યવહારકાળનો સદ્ભાવ પણ સંપૂર્ણ લોકમાં છે.

## કાળના ભેદ —

કાળ એક દ્રવ્ય હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવતાયુક્ત છે. તેમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય જોવા મળે છે. જો કે કાળમાં પ્રતિક્ષણ પરિણમન હોવાથી ઉત્પાદ-વ્યય થતું રહે છે, તેમ છતાં વસ્તુસ્વરૂપ (દ્રવ્ય)ની દૃષ્ટિથી તે જેમનું તેમ રહે છે, તેના સ્વરૂપમાં કોઈ પરિવર્તન થતું નથી, તે ક્યારે પણ કાળાંતરરૂપ અથવા અકાળરૂપ થતું નથી. અતીત, વર્તમાન કે ભવિષ્ય કોઈપણ અવસ્થા કેમ ન હોય, બધામાં 'કાળ, કાળ, કાળ...' આ સાધારણ વ્યવહાર જોવા મળે જ છે. અવિરલ પ્રવાહમાન તે કાળદ્રવ્યના વિવિધ અપેક્ષાઓથી અનેક ભેદ જોવા મળે છે. જેવી રીતે વ્યવહારકાળ, નિશ્ચયકાળ, ભૂત-વર્તમાન-ભવિષ્યકાળ, ઉત્સર્પિણી-અવસર્પિણી-કાળ ઈત્યાદિ.

### (૧) વ્યવહાર અને નિશ્ચયકાળ —

કાળદ્રવ્યના મુખ્ય (નિશ્ચય) અને અમુખ્ય (વ્યવહાર) એવા બે ભેદ છે, તેમાંથી મુખ્યકાળના આશ્રયથી અમુખ્યકાળની પ્રવૃત્તિ થાય છે.[૧૬] જે બીજા દ્રવ્યોના પરિવર્તનરૂપ છે તે વ્યવહારકાળ છે તથા સ્વયં વર્તનાલક્ષણયુક્ત નિશ્ચયકાળ છે.[૧૭] આચાર્ય પૂજ્યપાદસ્વામી કહે છે કે '**परमार्थकालो वर्तनालक्षणः, परिणामादि लक्षणो व्यवहारकालः**'[૧૮] અર્થાત્ પરમાર્થકાળ વર્તનાલક્ષણવાળો અને

૧૬. તિલોયપણ્ણત્તિ, ૪/૨૮૨

૧૭. દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૧

૧૮. સર્વાર્થસિદ્ધિ, ૫/૨૨/૫૬૯/પૃ. ૨૨૩

વ્યવહારકાળ પરિણામ આદિ લક્ષણવાળો છે.

વ્યંજનપર્યાયના વર્તમાનરૂપમાં સ્થિત રહેવા જેટલા કાળને વ્યવહારકાળ કહે છે.[૧૯] આ સમય, આવલિ, ઉચ્છ્વાસ, નાડી આદિ અનેક પ્રકારનો હોય છે, તેની ગણના સૂર્યાદિ જ્યોતિષચક્રના ફરવાથી થાય છે.[૨૦] આચાર્ય પૂજ્યપાદસ્વામી પણ આ જ પ્રકારની વાત કહે છે કે સમય અને આવલિ આદિરૂપ વ્યવહારકાળના વિભાગ ગતિવાળા જ્યોતિષી દેવોના કારણે જ કરવામાં આવ્યો છે.[૨૧] આચાર્ય અકલંકદેવે પણ વ્યવહારકાળનું કારણ જ્યોતિષી દેવોને જ કહ્યું છે.[૨૨]

વ્યવહારકાળનું ક્ષેત્ર બતાવતા આચાર્ય નેમિચંદ્ર લખે છે કે '**माणुसखेत्तम्हि**'[૨૩] અર્થાત્ આ મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. વાસ્તવમાં વ્યવહારકાળનો સંબંધ સૂર્ય, ચંદ્રાદિ વિમાનોના ગમનથી છે, તે બધા વિમાન મનુષ્યલોકમાં (અઢી દ્વીપમાં) જ ગમન કરે છે. તેથી તે અપેક્ષાથી વ્યવહારકાળ પણ મનુષ્યક્ષેત્રમાં જ પ્રવર્તે છે. અઢીદ્વીપની બહાર સમસ્ત દ્વીપ-સમુદ્રોમાં તથા ઉર્ધ્વ-અધોલોકમાં સર્વત્ર મનુષ્યલોકની અપેક્ષાથી જ કાળની ગણના થાય છે.

આચાર્ય કુંદકુંદસ્વામી પંચાસ્તિકાય[૨૪]માં કહે છે કે સમય, નિમિષ, કાષ્ઠા, કળા, ઘડી, દિવસ-રાત, મહિનો, ઋતુ, અયન

૧૯. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૭૨ૉ

૨૦. આદિપુરાણ, ૩/૧૨

૨૧. સર્વાર્થસિદ્ધિ, ૪/૧૪/૪૬૯/ પૃ. ૧૮૫

૨૨. તત્ત્વાર્થરાજવાર્તિક, ૪/૧૪/પૃ. ૪૦૭

૨૩. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૭૭

૨૪. પંચાસ્તિકાય, ગાથા-૨૫



અને વર્ષ — તેમાં પરાશ્રિતપણું અર્થાત્ પરની અપેક્ષા હોવાથી તેને વ્યવહારકાળ કહેવામાં આવે છે.

નિશ્ચયકાળનું સ્વરૂપ સમજાવતાં આચાર્ય કુંદકુંદદેવ લખે છે કે – કાળદ્રવ્ય પાંચ વર્ણ તથા પાંચ રસથી રહિત, બે ગંધ તથા આઠ સ્પર્શથી રહિત, અગુરુલઘુ, અમૂર્ત અને વર્તનાલક્ષણવાળું છે.[૨૫] આચાર્ય અમૃતચંદ્રદેવ ક્રમથી થવાવાળી સમયરૂપ પર્યાયોને વ્યવહારકાળ તથા તેના આધારભૂત દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. તેમનું મૂળ કથન આ પ્રકારે છે —

'**क्रमानुपाती समयाख्यः पर्यायो व्यवहारकालः, तदाधारभूतं द्रव्यं निश्चयकालः ।**'[૨૬]

આ આ જ પ્રકારનો ભાવ તેઓ આગળ પણ વ્યક્ત કરે છે — '**निश्चयकालो नित्यः द्रव्यरूपत्वात्, व्यवहारकालः क्षणिकः पर्याय रूपत्वादिति**'[૨૭] અર્થાત્ નિશ્ચયકાળ દ્રવ્યરૂપ હોવાથી નિત્ય છે તથા વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી ક્ષણિક છે.

**ઉપરોક્ત સંપૂર્ણ આગમ પ્રમાણોના આધારે કહી શકાય છે કે વર્તનાલક્ષણયુક્ત કાલાણુ નિશ્ચયકાળદ્રવ્ય છે** અને જે બીજા દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત થાય તે **વ્યવહારકાળ છે. તથા જ્યારે દ્રવ્યોના પરિણમનમાં સહયોગી થવાને નિશ્ચયકાળ કહેવામાં આવે છે, ત્યારે ઘડી, કલાક, દિવસ, રાત આદિને વ્યવહારકાળ કહે છે.**

૨૫. પંચાસ્તિકાય, ગાથા-૨૪

૨૬. એજન, ગાથા-૧૦૦ની ટીકા

૨૭. એજન, ગાથા-૧૦૧ની ટીકા

## (૨) વ્યવહારકાળના વિવિધ માપદંડ —

વ્યવહારકાળને પ્રદર્શિત કરવા માટે જૈનાચાર્યોએ અનેક માપદંડ નિર્ધારિત કર્યા છે. ગોમ્મટસાર જીવકાંડ[૨૮] તથા લોકવિભાગ[૨૯]માં આપવામાં આવેલા વિવિધ ઘટકોને નીચે અનુસાર જોઈ શકાય છે —

| | | |
|---|---|---|
| કાળનો અવિભાગી અંશ | = | ૧ સમય |
| અસંખ્યાત સમય | = | ૧ આવલિ |
| સંખ્યાત આવલી | = | ૧ ઉચ્છ્વાસ |
| ૭ ઉચ્છ્વાસ | = | ૧ સ્તોક |
| ૭ સ્તોક | = | ૧ લવ |
| ૩૮.૫ લવ (૨૪ મિનિટ) | = | ૧ નાડી (ઘડી/ઘટી) |
| ૨ નાડી | = | ૧ મુહૂર્ત |
| ૧ મુહૂર્તમાં એક સમય ઓછો | = | ભિન્નમુહૂર્ત/અંતર્મુહૂર્ત |
| ૩૦ મુહૂર્ત (૨૪ કલાક) | = | ૧ દિવસ-રાત |
| ૧૫ દિવસ | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ મહિનો |
| ૨ મહિના | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ અયન (છ મહિના) |
| ૨ અયન | = | ૧ વર્ષ |

વ્યવહારકાળસૂચક આ પ્રકારના વિવિધ ઘટકોની ચર્ચા થોડો શબ્દભેદ કરતાં થકા આચાર્ય યતિવૃષભસ્વામી[૩૦]એ તથા આચાર્ય

૨૮. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૭૩ થી ૫૭૬

૨૯. લોકવિભાગ, ૬/૨૦૧-૨૦૪

૩૦. તિલોયપણ્ણત્તિ, ૪/૨૮૯-૨૯૨



અમૃતચંદ્ર[૩૧]એ નીચે અનુસાર કરી છે —

| | | |
|---|---|---|
| અસંખ્ય સમય | = | ૧ નિમિષ |
| ૮ નિમિષ | = | ૧ કાષ્ઠા |
| ૧૬ કાષ્ઠા | = | ૧ કળા |
| ૩૨ કળા | = | ૧ ઘડી |
| ૬૦ ઘડી | = | ૧ અહોરાત્ર |
| ૩૦ અહોરાત્ર | = | ૧ મહિનો |
| ૨ મહિના | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ અયન (છ મહિના) |
| ૨ અયન | = | ૧ વર્ષ |

કાળનો સૌથી નાનો અવિભાગી અંશ સમયના નામથી જણાય છે, તેનું પરિણામ જણાવતાં કહ્યું છે કે પુદ્ગલના પરમાણુને આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ ઉપર ગમન કરવામાં જે અવિભાગી કાળ લાગે છે તે સમય છે.[૩૨] લોક વિભાગમાં એક પરમાણુ દ્વારા બીજા પરમાણુનું ઉલ્લંઘન કરવામાં લાગતા કાળને સમય કહ્યો છે.[૩૩] જૈનાચાર્યોએ ૧૫૦ અંક પ્રમાણ વર્ષોના કાળે ઉત્કૃષ્ણ સંખ્યાતકાળ કહ્યો છે અને તેને અચલાત્મ[૩૪] સંજ્ઞાથી સંબોધિત કર્યો છે. વર્ષથી લઈને અચલાત્મ સુધીના કાળાંશોની ચર્ચાને આચાર્ય યતિવૃષભસ્વામીએ તિલોયપણ્ણત્તિ[૩૫]માં વિસ્તારથી જણાવી છે.

૩૧. નિયમસાર, ગાથા-૩૧ની ટીકા

૩૨. તિલોયપણ્ણત્તિ, ૪/૨૮૮

૩૩. લોકવિભાગ, ૬/૨૦૧

૩૪. તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૨

૩૫. એજન, ૪/૨૯૪ થી ૩૧૨નો સાર

## (૩) સંખ્યાત, અસંખ્યાત અને અનંતકાળ —

જૈન આગમો[૩૬,૩૭]માં બેને જઘન્ય સંખ્યાત તથા અચલાત્મને ઉત્કૃષ્ટ સંખ્યાત કહ્યું છે. આ બંનેની વચ્ચેની સંખ્યાઓને મધ્યમ સંખ્યાત કહેવામાં આવી છે. ઉત્કૃષ્ટ સંખ્યાતકાળનો ૧૫૦ અંકપ્રમાણ ઉપરોક્ત માપ કાઢવા માટે બુદ્ધિકલ્પિત ૧ લાખ યોજન વિસ્તારવાળા અને ૧ હજાર યોજન ઊંડા શલાકા, પ્રતિશલાકા, મહાશલાકા તથા અનવસ્થા નામના ચાર કુંડ સ્થાપિત કરી તેમાં સરસવના દાણાને આધાર બનાવીને વિસ્તારથી સમજાવ્યું છે. **આ ૧૫૦ અંક પ્રમાણ ઉત્કૃષ્ટ સંખ્યાત ૧૪ પૂર્વના જ્ઞાતા શ્રુતકેવળીના જ્ઞાનનો વિષય છે.**

ઉત્કૃષ્ટ સંખ્યાતમાં ૧ જોડી દેતા જઘન્ય અસંખ્યાત થઈ જાય છે. અહીં અસંખ્યાતના પણ નવ ભેદ કહેવામાં આવ્યા છે — જઘન્ય પરિતાસંખ્યાત, મધ્યમ પરિતાસંખ્યાત, ઉત્કૃષ્ટ પરિતાસંખ્યાત, જઘન્ય યુક્તાસંખ્યાત, મધ્યમ યુક્તાસંખ્યાત, ઉત્કૃષ્ટ યુક્તાસંખ્યાત, જઘન્ય અસંખ્યાતાસંખ્યાત, મધ્યમ અસંખ્યાતાસંખ્યાત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાત. આ **ઉત્કૃષ્ટ અસંખ્યાત અવધિજ્ઞાનનો વિષય** છે.[૩૮]

ઉત્કૃષ્ટ અસંખ્યાતા સંખ્યાતમાં ૧ જોડતાં જઘન્ય અનંત થાય છે. તેના પણ નવ ભેદ કહ્યા છે — જઘન્ય પરિતાનંત, મધ્યમ પરિતાનંત, ઉત્કૃષ્ટ પરિતાનંત, જઘન્ય યુક્તાનંત, મધ્યમ

૩૬. તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૩ અને ટીકાનો સાર

૩૭. તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૩૮/પૃ. ૨૦૬

૩૮. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૪ અને ટીકાથી
(૨) તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૩૮/પૃ. ૨૦૬/પં. ૩૦



યુક્તાનંત, ઉત્કૃષ્ટ યુક્તાનંત, જઘન્ય અનંતાનંત, મધ્યમ અનંતાનંત અને ઉત્કૃષ્ટ અનંતાનંત. **આ અનંત કેવળજ્ઞાનનો વિષય છે,**[૩૯] છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી.

નિષ્કર્ષરૂપે કહી શકાય છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના માધ્યમથી જ્યાં સુધીની ગણનાને જાણી શકાય છે તે સંખ્યાત છે, તેનાથી વધારે જ્યાં સુધીની ગણના અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાનનો વિષય બને તે અસંખ્યાત છે અને તેનાથી વધારે જેને માત્ર કેવળજ્ઞાનના માધ્યમથી જાણી શકાય તે અનંત છે.

આ રીતે આત્માના જ્ઞાન નામના એક ગુણની એક સમયની પર્યાયમાં અપરિમિત અનંતકાળને જાણવાનું સામર્થ્ય છે. તેનાથી જ્ઞાનગુણનું સામર્થ્ય તથા જ્ઞાન જેવા અનંતગુણ જે આત્મામાં છે એવા આત્માના સામર્થ્યનું અનુમાન કરી શકાય છે. અનંત સામર્થ્યવાન થઈને પણ આ જીવ પોતાની પ્રભુતાને ન ઓળખવાના કારણે જે અનંત દુઃખ ભોગવી રહ્યો છે.

## (૪) ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ —

વ્યવહારકાળના ભૂત, વર્તમાન અને ભવિષ્યના રૂપમાં ત્રણ ભેદ પણ કર્યા છે. આચાર્ય પૂજ્યપાદસ્વામી કહે છે કે —'**स त्रिद्या व्यवतिष्ठते—भूतो वर्तमानो भविष्यन्निति। तत्र परमार्थकाले कालव्यपदेशो मुख्यः, भूतादिव्यपदेशो गौणः। व्यवहारकाले भूतादिव्यपदेशो मुख्यः, कालव्यपदेशो गौणः।**'[૪૦] અર્થાત્ તે

૩૯. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૫ અને ટીકામાંથી
(૨) તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૩૮/પૃ. ૨૦૬/પં. ૩૧

૪૦. સર્વાર્થસિદ્ધિ, ૫/૨૨/૫૬૯/પૃ. ૨૨૩

કાળ — ભૂત, વર્તમાન અને ભવિષ્યના ભેદથી ત્રણ પ્રકારનો કહેવામાં આવ્યો છે. નિશ્ચયકાળનું કથન કરતાં કાળસંજ્ઞા મુખ્ય તથા ભૂતકાળ આદિનો વ્યપદેશ (કથન) ગૌણ રહે છે તથા વ્યવહારકાળનું કથન કરતાં ભૂતકાળ આદિરૂપ સંજ્ઞા મુખ્ય છે અને કાળસંજ્ઞા ગૌણ છે. આચાર્ય અમૃતચંદ્રદેવે પણ '**अतीतानागतवर्तमानभेदात् त्रिधा वा**'[૪૧] કહીને વ્યવહારકાળને ત્રણ ભેદવાળો કહ્યો છે. આદિપુરાણમાં કહ્યું છે કે સંસારનો વ્યવહાર ચલાવવામાં સમર્થ હોવાથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપથી વ્યવહારકાળની કલ્પના કરી છે.[૪૨]

આ ત્રણેયકાળની પરિભાષા કહેતાં થકા આચાર્ય નેમિચંદ્ર[૪૩] કહે છે કે સિદ્ધરાશિને સંખ્યાત આવલિ પ્રમાણથી ગુણતા જે પ્રમાણ આવે તેટલું જ **ભૂતકાળ**નું પ્રમાણ છે. વાસ્તવમાં દર છ મહિના અને આઠ સમયમાં છસો આઠ જીવ મુક્તિ પ્રાપ્ત થાય છે. તેથી સિદ્ધરાશિને છ મહિના અને આઠ સમયથી ગુણીને છસો આઠનો ભાગ આપતા અતીતકાળનું પ્રમાણ સંખ્યાત આવલિ ગુણિત સિદ્ધરાશિ પ્રાપ્ત થાય છે.

વર્તમાનકાળનું પ્રમાણ એક સમયમાત્ર છે તથા સંપૂર્ણ જીવરાશિ અને સમસ્ત પુદ્‌ગલ દ્રવ્યરાશિથી પણ અનંત ગુણો **ભવિષ્યકાળ** છે. આ વ્યવહારકાળ વર્તમાનની અપેક્ષા ઉત્પન્ન-ધ્વંસી અને ભૂત-ભવિષ્યની અપેક્ષા દીર્ઘાંતરસ્થાયી અર્થાત્ લાંબા સમય સુધી રહેવાવાળો છે.

૪૧. નિયમસાર, ગાથા-૩૧ની ટીકા

૪૨. આદિપુરાણ, ૩/૧૧

૪૩. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૫૭૮ થી ૫૮૦



## (૫) ઉત્સર્પિણી - અવસર્પિણીકાળ —

જૈન પરંપરા અનુસાર કાળચક્ર ઉત્સર્પિણી અને અવસર્પિણીના રૂપમાં ક્રમશઃ નિરંતર પરિવર્તન કર્યા કરે છે. ઉત્સર્પિણીકાળ ઉત્થાનનો કાળ છે. આ કાળમાં વિકાસ જોવામાં આવે છે તથા અવસર્પિણીકાળ હ્રાસનો કાલ છે જેમાં નિરંતર પતન જોવામાં આવે છે. આ બંનેનું સ્વરૂપ સ્પષ્ટ કરવાવાળા કેટલાક શાસ્ત્રીય ઉદ્ધરણ નીચે અનુસાર છે. અલ્પ શબ્દભેદથી લગભગ બધામાં એક સમાન વાત કહેવામાં આવી છે —

(૧) **णर-तिरियाणं आऊ, उच्छेह-विभूदि-पहुदियं सव्वं ।**
**अवसप्पिणिए हायदि, उस्सप्पिणियासु वड्ढेदि ।।**[૪૪]

અવસર્પિણીકાળમાં મનુષ્ય અને તિર્યંચોનું આયુષ્ય-શરીરની ઊંચાઈ અને વિભૂતિ આદિ બધુ ઘટતું રહે છે તથા ઉત્સર્પિણીકાળમાં વધતું રહે છે.

(૨) **भरते ऐरावते च मनुष्याणां वृद्धिह्रासाविति....अनुभवायुः प्रमाणादिकृतौ ।**[૪૫] જેમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં મનુષ્યોના અનુભવ, આયુષ્ય, પ્રમાણ આદિની વૃદ્ધિ થાય છે તે ઉત્સર્પિણીકાળ છે અને જેમાં તેમનો હ્રાસ થાય છે તે અવસર્પિણીકાળ છે.

(૩) **अनुभवादिभिरवसर्पणशीला अवसर्पिणी ।**
**तद्विपरीतोत्सर्पिणी ।**[૪૬]

જેમાં અનુભવ, આયુષ્ય, શરીરાદિની ઉત્તરોત્તર ઉન્નતિ

૪૪. તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૮

૪૫. સર્વાર્થસિદ્ધિ, ૩/૨૭/૪૧૮/પૃ. ૧૬૬

૪૬. તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૨૭/૪-૫/પૃ. ૧૯૧

થાય તે ઉત્સર્પિણી અને જેમાં અવનતિ થાય તે અવસર્પિણી છે.

(૪) **उत्सर्पिण्यवसर्पिण्यौ द्वौ भेदौ तस्य कीर्तितौ ।**
**उत्सर्पादवसंपच्चि बलायुर्देहवर्ष्मणाम् ।।**[૪૭]

જેમાં મનુષ્યોના બળ, આયુષ્ય અને શરીરનું પ્રમાણ ક્રમક્રમથી વધતું જાય તેને ઉત્સર્પિણી કહે છે અને જેમાં તે ક્રમ-ક્રમથી ઘટતું જાય તેને અવસર્પિણી કહે છે.

(૫) જ્યારે બાહુબળ, વૈભવ, મનુષ્ય શરીર, ધર્મ, જ્ઞાન, ગાંભીર્ય અને ધૈર્ય વધે છે તે ઉત્સર્પિણીકાળ હોય છે અને જ્યારે તે ઘટે છે તે અવસર્પિણીકાળ હોય છે.[૪૮]

(૬) પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રોમાં જીવોના શરીરની ઊંચાઈ અને આયુષ્ય અને બળની ક્રમશઃ અવસર્પિણીમાં હાનિ થાય છે અને ઉત્સર્પિણીકાળમાં વૃદ્ધિ થાય છે.[૪૯]

## અવસર્પિણી – ઉત્સર્પિણીકાળનું પ્રમાણ —

બંને જ કાળ છ-છ પ્રકારના છે. **અવસર્પિણીકાળ** — સુષમાસુષમા, સુષમા, સુષમાદુષમા, દુષમાસુષમા, દુષમા અને અતિદુષમા (દુષમાદુષમા)ના ભેદથી છ પ્રકારનો છે; તથા **ઉત્સર્પિણીકાળ** અતિદુષમાથી શરૂ કરીને ક્રમશઃ વધતો થકો સુષમાસુષમા સુધી જાય છે. બંને કાળનું પ્રમાણ ૧૦-૧૦ કોડાકોડી સાગરોપમ છે. બંનેને ભેગા કરતાં એક **કલ્પકાળ** થાય

૪૭. આદિપુરાણ, ૩/૧૪

૪૮. આચાર્ય પુષ્પદંત : મહાપુરાણ, ભાગ-૧, સંધિ-૨/૮/પૃ. ૩૧

૪૯. ત્રિલોકસાર, ગાથા-૭૭૯



છે.[૫૦] કોડાકોડીનો અર્થ કરોડ ગુણ્યા કરોડ થાય છે. વર્તમાનમાં કેટલીક વિચારક ગણનાઓમાં સાંમજસ્ય બેસાડવા માટે કોડી શબ્દનો અર્થ ૨૦ અથવા ૧૦ પણ કહેવા લાગ્યા છે. લૌકિકમાં પતંગ આદિ કેટલીક વસ્તુઓ કોડીની ગણનાનુસાર વહેંચાય છે, પરંતુ અલૌકિક ગણનાઓમાં આ અર્થ ઉચિત પ્રતીત થતો નથી.

**સાગરોપમ** — આ કાળનું એક માપ છે, જેનો અર્થ મનુષ્યને જ્ઞાત સમસ્ત સંખ્યાઓથી અધિક કાળવાળા કાળખંડની ઉપમા દ્વારા પ્રદર્શિત પરિણામ થાય છે. ૧૦ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.[૫૧] પલ્યોપમની ચર્ચા તિલોયપણ્ણત્તિ[૫૨], સર્વાર્થસિદ્ધિ[૫૩], રાજવાર્તિક[૫૪], ત્રિલોકસાર[૫૫], કાર્તિકેયાનુપ્રેક્ષા[૫૬] આદિ અનેક આગમ ગ્રંથોમાં વિસ્તારથી કરવામાં આવી છે. ત્યાં તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે ૧ યોજન પ્રમાણ વિસ્તારવાળા અને એટલા જ ઊંડા ખાડાને ઉત્તમ ભોગભૂમિમાં એક દિવસથી લઈને સાત દિવસ સુધીના ઉત્પન્ન થયેલા ઘેટાના કરોડો રોમોના અવિભાગી ખંડોથી ભરીને સો-સો વર્ષોમાં એક-એક રોમ કાઢવા. જ્યારે તે ખાડો સંપૂર્ણ ખાલી થઈ જાય ત્યારે એક વ્યવહારપલ્ય (પલ્યોપમ) થાય છે. અસંખ્ય વ્યવહારપલ્યનું એક ઉદ્ધારપલ્ય તથા

૫૦. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૩૧૯ અને ૩૨૦ (પૂર્વાર્ધ)
(૨) તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૨૭/પૃ. ૩૨૮
(૩) આદિપુરાણ, ૩/૧૫/પૃ. ૪૭

૫૧. તિલોયપણ્ણત્તિ, ૧/૧૩૦

૫૨. તિલોયપણ્ણત્તિ, ૧/૧૧૯-૧૩૦નો સાર

૫૩. સર્વાર્થસિદ્ધિ, ૩/૩૮/૪૩૯/પૃ. ૧૭૪નો સાર

૫૪. તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૩૮/૭/પૃ. ૨૦૮નો સાર

૫૫. ત્રિલોકસાર, ગાથા-૧૦૨

૫૬. કાર્તિકેયાનુપ્રેક્ષા, લોકાનુપ્રેક્ષા, ભાવાર્થ પૃ.૫૬-૫૭

અસંખ્ય ઉદ્ધારપલ્યનો એક અદ્ધાપલ્ય થાય છે. ૧૦ કોડાકોડી અદ્ધાપલ્યોપમનો ૧ **સાગરોપમ** થાય છે. આવા ૨૦ કોડાકોડી સાગરોપમનો એક કલ્પકાળ કહેવામાં આવ્યો છે.

**અવસર્પિણી અને ઉત્સર્પિણીના વિભાગ** — તિલોયપણ્ણત્તિ[૫૮], સર્વાર્થસિદ્ધિ[૫૯], રાજવાર્તિક[૬૦], ત્રિલોકસાર[૬૧] અને લોકવિભાગ[૬૨]માં અવસર્પિણી અને ઉત્સર્પિણીના ૧૦-૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળને તેના છ ભેદમાં વિભાજિત કર્યો છે. અવસર્પિણીના છ વિભાગ-કાળ નીચે અનુસાર છે —

(૧) સુષમાસુષમા – ૪ કોડાકોડી સાગર
(૨) સુષમા – ૩ કોડાકોડી સાગર
(૩) સુષમાદુષમા – ૨ કોડાકોડી સાગર
(૪) દુષમાસુષમા – ૧ કોડાકોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા
(૫) દુષમા – ૨૧ હજાર વર્ષ
(૬) અતિદુષમા – ૨૧ હજાર વર્ષ

ઉત્સર્પિણીના છ વિભાગ[૬૩] તેનાથી વિપરીત ક્રમમાં છે કે જે નીચે અનુસાર છે —

(૧) અતિદુષમા – ૨૧ હજાર વર્ષ

૫૮. તિલોયપણ્ણત્તિ, ૪/૩૨૦-૩૨૩
૫૯. સર્વાર્થસિદ્ધિ, ૩/૨૭/૪૧૮/પૃ. ૧૬૬-૧૬૭
૬૦. તત્ત્વાર્થ રાજવાર્તિક, ૩/૨૭/પૃ. ૩૮૮
૬૧. ત્રિલોકસાર, ૭૮૧
૬૨. લોકવિભાગ, ૫/૫-૭
૬૩. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૭૬-૭૭



(૨) દુષમા – ૨૧ હજાર વર્ષ
(૩) દુષમાસુષમા – ૧ કોડાકોડી સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા
(૪) સુષમાદુષમા – ૨ કોડાકોડી સાગર
(૫) સુષમા – ૩ કોડાકોડી સાગર
(૬) સુષમાસુષમા – ૪ કોડાકોડી સાગર

ઉપરોક્ત નામોમાં કાળ અથવા સમયસૂચક 'સમા' શબ્દમાં 'સુ' અને 'દુર્' ઉપસર્ગોનો પ્રયોગ તેમના શુભ અને અશુભના સૂચક છે. આ ઉપસર્ગોથી છએ કાળોના નામની સાર્થકતા કહેતાં આચાર્ય જિનસેન લખે છે કે —

**समा कालविभागः स्यात् सुदुसावर्हगर्हयोः ।**
**सुषमा दुःषमेत्येवमतोऽन्वर्थत्वमेतयोः ।।**[૬૪]


સમા કાળના વિભાગને કહે છે તથા **'સુ'** અને **'દુર્'** ઉપસર્ગ ક્રમથી સારા અને ખરાબ અર્થમાં આવે છે. **'સુ'** અને **'દૂર'** ઉપસર્ગોને પૃથક્-પૃથક્ સમા સાથે જોડી દેતા તથા વ્યાકરણના નિયમાનુસાર **'સ'**ને **'ષ'** કરી દેવાથી **સુષમા** અને **દુષમા** શબ્દોની સિદ્ધિ થાય છે કે જેનો અર્થ ક્રમથી સારો કાળ અને ખરાબ કાળ થાય છે. આ રીતે ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળના છએ ભેદ સાર્થક નામવાળા છે.

આ ઉત્સર્પણી અને અવસર્પિણી નામના બંને ભેદ કાળચક્રના પરિભ્રમણથી પોતાના છએ કાળની સાથે-સાથે **કૃષ્ણપક્ષ** અને **શુક્લપક્ષ**ની જેમ ફરતા રહે છે[૬૫] અર્થાત્ જેવી રીતે કૃષ્ણપક્ષ પછી

૬૪. આદિપુરાણ, ૩/૧૯
૬૫. એજન, ૩/૨૧

શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ આવે છે, તેવી જ રીતે અવસર્પિણી પછી ઉત્સર્પિણી અને ઉત્સર્પિણી પછી અવસર્પિણીકાળ આવે છે. કૃષ્ણ અને શુક્લપક્ષ સમાન કાળચક્ર-પરિવર્તનની વાત રવિષેણાચાર્યએ **પદ્મપુરાણ**[૬૬]માં પણ કરી છે. તિલોયપણ્ણત્તિમાં ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં રેંટ-ઘટિકાના ન્યાય[૬૭]ની જેમ અનંતાનંત[૬૮] ઉત્સર્પિણી અને અવસર્પિણી થવાનો ઉલ્લેખ છે, તે ક્રમ સદાય ચાલતો જ રહે છે.

આ કાળચક્રના ક્રમને ચિત્ર દ્વારા નીચે અનુસાર સમજી શકાય છે.




૬૬. પદ્મપુરાણ, પ્રથમ ભાગ, ૩/૭૩

૬૭. **રેંટ ઘટિકા ન્યાય** – જેવી રીતે રેંટની ઘડી ચક્ર સમાન ફરતી વારંવાર ઉપર અને નીચે આવજા કરે છે, તેવી જ રીતે અવસર્પિણી પછી ઉત્સર્પિણી અને ઉત્સર્પિણી પછી અવસર્પિણી – આ કાળોનું પરિવર્તન થતું જ રહે છે.

૬૮. તિલોયપણ્ણત્તિ, ૪/૧૬૩૬



## અવસર્પિણીના પહેલાં ત્રણકાળ (ભોગભૂમિ) —

ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં અવસર્પિણીના પહેલા ત્રણકાળમાં ભોગભૂમિ હોય છે. આ કાળમાં ભોગની પ્રધાનતા હોવાથી જ્યાં આ કાળ વર્તે છે તેને ભોગભૂમિ કહે છે. અહીં બધી જ બાહ્ય સામગ્રી વિવિધ પ્રકારના કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થાય છે. અહીં બધા **યુગલિયા**[૭૦] જન્મ લે છે અને તેઓ જીવનપર્યંત પતિ-પત્ની સમાન રહે છે. આ મનુષ્યોના આયુષ્યના નવ મહિમા બાકી રહેતાં જ સ્ત્રી ગર્ભ ધારણ કરે છે, બાકીના કાળમાં કોઈને પણ ગર્ભ રહેતો નથી. પછી નવ મહિના પૂર્ણ થતાં યુગલ (સ્ત્રી-પુરુષ) ભૂશૈયા ઉપર સૂઈને ગર્ભથી યુગલ – પુત્ર-પુત્રીનો જન્મ થતાં જ તરત જ મરણને પ્રાપ્ત થઈ જાય છે.[૭૧] અંતિમ સમયમાં છીંક અને સ્ત્રીને બગાસું આવવાથી મૃત્યુ થાય છે[૭૨] અથવા આદિપુરાણ[૭૩] અને તત્ત્વાર્થશ્લોકવાર્તિક[૭૪] અનુસાર આયુષ્યના અંતમાં પુરુષને બગાસું અને સ્ત્રીને છીંક આવવાથી મૃત્યુ થાય છે.

ભોગભૂમિમાં સ્ત્રી-પુરુષ બંનેના શરીર શરદઋતુના મેઘ સમાન સ્વયં જ મૂળથી જ વિલિન થઈ જાય છે.[૭૫] તત્ત્વાર્થ શ્લોકવાર્તિક[૭૬] અનુસાર તેમના શરીર વીજળી સમાન વિઘટન પામે છે. અહીં ઉત્પન્ન થયેલા જીવોનું કદલીઘાત મરણ અથવા

૭૦. યુગલિયા=બાળક-બાળિકા યુગલરૂપમાં

૭૧. તિલોયપણ્ણત્તિ, ૪/૩૭૯-૩૮૦

૭૨. એજન, ૪/૩૮૧

૭૩. આદિપુરાણ, ૩/૪૨

૭૪. તત્ત્વાર્થશ્લોકવાર્તિક ભાગ-૫, ૩/૩૧/પૃ. ૩૫૧/પં.૪

૭૫. તિલોયપણ્ણત્તિ, ૪/૩૮૧

૭૬. તત્ત્વાર્થશ્લોકવાર્તિક ભાગ-૫, ૩/૩૧/પૃ. ૩૫૧/પં.૫

આયુષ્યનું અપવર્તન થતું નથી.[૭૭] તેમનું શરીર સપ્તધાતુમય હોવા છતાં પણ છેદી-ભેદી શકાતું નથી. અશુચિતાથી રહિત હોવાને કારણે તેમના શરીરથી મૂત્ર તથા વિષ્ટાનો આસ્રવ થતો નથી.[૭૮] આદિપુરાણ અનુસાર તે લોકોને પરસેવો પણ થતો નથી.[૭૯] અહીં શરીરમાં રોગ પણ નથી થતો, કોઈ કોઈના શત્રુ નથી હોતા, સિંહ અને હાથી પણ સાથે રહે છે, લોકોનું લાવણ્ય રંગ અને વિલાસથી પરિપૂર્ણ ઉંમર અને યૌવન પણ નષ્ટ થતા નથી.

જુઓ, પુણ્યોદયનો આ ઠાઠ જોઈને આપણું મન લલચાય છે, પરંતુ ભાઈ! આપણે પણ આત્મજ્ઞાનના અભાવમાં આ પંચપરાવર્તનરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં થકા ભોગભૂમિમાં અનંતવાર જન્મ લીધો છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય બધી જ ભોગભૂમિઓમાં આપણે અનંતવાર જન્મ-મરણ કરી ચૂક્યા છીએ.

અનેકવાર ભાવલિંગી મુનિરાજોને આહારદાન આપ્યા બાદ ભોગભૂમિમાં જન્મ લઈને પણ આ જીવ સ્વયં સમ્યક્ત્વથી શૂન્ય રહ્યો. ત્યાં અનંતવાર ત્રણ પલ્યોપમના આયુષ્ય સુધી બાહ્ય અનુકૂળતામય જીવન પણ પારમાર્થિક સુખ વિના દુઃખથી જ વીતાવ્યું.

ભોગભૂમિમાં બધા જ જીવ સ્વભાવથી જ કોમળ પરિણામી હોવાથી મરીને સ્વર્ગમાં જ જાય છે, તેમની સ્વર્ગ સિવાય બીજી કોઈ ગતિ થતી નથી.[૮૧] અહીંના મિથ્યાદષ્ટિ મનુષ્ય-તિર્યંચ મરીને

૭૭. (૧) તિલોયપણ્ણત્તિ ૪/૩૬૧ (૨) તત્ત્વાર્થસૂત્ર, ૨/૫૩
(૩) સર્વાર્થસિદ્ધિ, ૨/૫૩/૩૬૫/પૃ. ૧૪૮

૭૮. તિલોયપણ્ણત્તિ, ૪/૩૮૭

૭૯. આદિપુરાણ, ૩/૩૧

૮૦. આચાર્ય પુષ્પદંતકૃત મહાપુરાણ, ભાગ-૧, સંધિ-૨/૮, પૃ. ૩૧

૮૧. આદિપુરાણ, ૩/૪૩



ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં તથા સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય-તિર્યંચ મરીને સૌધર્મ યુગલમાં ઉત્પન્ન થાય છે.[૮૨] તેનાથી ઉપર નથી જતાં.

આ કાળખંડમાં જન્મ લેવાવાળા મનુષ્યાદિ પ્રાણીઓનું જીવન ભોગપ્રધાન રહે છે. આ સમયે પ્રકૃતિ એટલી સંપન્ન હોય છે કે તેના નિવાસીઓને જીવન વ્યતીત કરવા માટે કોઈપણ પ્રકારની કૃષિ, મસિ, વ્યાપાર, ઉદ્યોગ, શિલ્પ અથવા અસિ આદિ કર્મની આવશ્યકતા હોતી નથી. પ્રકૃતિથી સહજરૂપથી પ્રાપ્ત ભોગ્ય સામગ્રીનો ઉપભોગ કરવો તે જ એમનું કાર્ય રહે છે. બધી સામગ્રી તેમને સંકલ્પમાત્રથી **કલ્પવૃક્ષો** દ્વારા પ્રાપ્ત થઈ જાય છે.

### કલ્પવૃક્ષોનું સ્વરૂપ —

ભોગભૂમિમાં ઉત્પન્ન થયેલા જીવોને મનવાંછિત પદાર્થ કલ્પવૃક્ષથી પ્રાપ્ત થઈ જાય છે. પુણ્યાત્મા પુરુષોને મનવાંછિત ભોગ આપવામાં સમર્થ હોવાથી જ જ્ઞાનીઓએ તેની કલ્પવૃક્ષ સંજ્ઞા સાર્થક કહી છે.[૮૩] આ ભોગભૂમિઓમાં જન્મેલા યુગલ કલ્પવૃક્ષો દ્વારા આપવામાં આવેલી વસ્તુઓને ગ્રહણ કરીને અને વિક્રિયા દ્વારા ઘણા પ્રકારના શરીર બનાવીને અનેક ભોગ ભોગવે છે.[૮૪] તેમના ભોગોની બાહુલ્યતા કહેતાં થકા આચાર્ય યતિવૃષભદેવ લખે છે —

**'जुगलाणि अणंतगुणं, भोगं चक्कहर भोग लाहादो ।'**[૮૫]

૮૨. તિલોયપણ્ણત્તિ, ૪/૩૮૨

૮૩. આદિપુરાણ, ૩/૩૮

૮૪. તિલોયપણ્ણત્તિ, ૪/૩૬૨

૮૫. એજન, ૪/૩૬૧ (પૂર્વાર્ધ)

અર્થાત્ આ જુગલિયા જીવ ચક્રવર્તીના ભોગ-લાભની અપેક્ષા અનંતગુણા ભોગ ભોગવે છે. ચક્રવર્તી તો કર્મભૂમિમાં થાય છે, તેમને વિશેષ કર્મ કરવા પડે છે, જ્યારે ભોગભૂમિયા જીવોને સર્વ સુવિધાઓ કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થાય છે, તેમને મનવાંછિત સમસ્ત ભોગસામગ્રી પ્રાપ્ત થાય છે. તેમ છતાં આચાર્ય નેમિચંદ્ર લખે છે કે —

**'सुलहेसु वि णो तित्ती तेसिं पंचक्खविसएसु'**[૮૬]

અર્થાત્ પંચેન્દ્રિય ભોગોની અતિસુલભતા પણ તેમને તૃપ્તિ પ્રદાન નથી કરતી. કહેવાનું તાત્પર્ય એમ છે કે ભોગોની બાહુલ્યતા આ જીવને સુખી કરવામાં સમર્થ નથી.

ભોગસામગ્રી ભેગી કરતાં પહેલાં આપણે પણ આ વિચાર કરવો જોઈએ કે ભોગોમાં સુખ છે પણ કે નહીં? 'આમાં સુખ છે જ નહીં' – જો આવી પ્રતીતિ થઈ જાય તો ભોગોની વાસના મટ્યા વિના રહે નહીં. વર્તમાનમાં આપણે કેટલી પણ ભોગસામગ્રી એકત્રિત કરી લઈએ, તે ભોગભૂમિની તુલનામાં અત્યંત અલ્પ જ થશે. તેથી વિચાર કરવો કે ભોગભૂમિમાં આટલી અનુકૂળ સામગ્રીમાં પણ તૃપ્તિ નથી થઈ તો હવે આ અલ્પ સામગ્રીથી તૃપ્તિ કેવી રીતે થશે? તેથી ભોગસામગ્રીથી દૃષ્ટિ હટાવીને પોતાના સ્વભાવને જોવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જીવનપર્યંત ભોગવવામાં આવવાવાળી આ સમસ્ત ભોગસામગ્રી તેમને દસ પ્રકારના કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થાય છે. જૈન આગમોમાં તેમની **દસ જાતિઓ** જણાવી છે, તેમના નામ નિમ્નાનુસાર છે —

૧. પાનાંગ, ૨. તૂર્યાંગ, ૩. ભૂષણાંગ, ૪. વસ્ત્રાંગ, ૫.

૮૬. ત્રિલોકસાર, ગાથા-૭૯૦ (ઉત્તરાર્ધ)



ભોજનાંગ, ૬. આલયાંગ, ૭. દીપાંગ, ૮. ભાજનાંગ, ૯. માલાંગ અને ૧૦. તેજાંગ.[૮૭] તેમના નામ થોડા શબ્દભેદથી આદિપુરાણ[૮૮]માં નીચે અનુસાર જોવા મળે છે — ૧. મદ્યાંગ, ૨. તૂર્યાંગ, ૩. વિભૂષાંગ, ૪. સ્રગંગ, ૫. જ્યોતિરંગ, ૬. દીપાંગ, ૭. ગૃહાંગ, ૮. ભોજનાંગ, ૯. પાત્રાંગ અને ૧૦. વસ્ત્રાંગ.

આ બધાય વૃક્ષ પોતપોતાના નામ અનુસાર જ ફળ પ્રદાન કરવાવાળા છે. તિલોયપણ્ણત્તિ[૮૯], લોકવિભાગ[૯૦] આદિ ગ્રંથોમાં તેમનું સ્વરૂપ આ પ્રકારે કહ્યું છે —

**૧. પાનાંગ** — આ જાતિના કલ્પવૃક્ષ ભોગભૂમિયા જીવોને મધુર, સુસ્વાદ, છ રસથી યુક્ત પ્રશસ્ત, અતિ શીતળ તથા તુષ્ટિ અને પુષ્ટિકારક ૩૨ પ્રકારના પેય આપે છે.

**૨. તૂર્યાંગ** — આ જાતિના કલ્પવૃક્ષ ઉત્તમ વીણા, પટુ પટહ, મૃદંગ, ઝાલર, પાપ, શંખ, દુંદુભિ, ભંભા, ભેરી અને કાહલ ઈત્યાદિ ભિન્ન-ભિન્ન પ્રકારના વાજા આપે છે.

**૩. ભૂષણાંગ/રત્નાંગ** — આ જાતિના કલ્પવૃક્ષ પુરુષોને ૧૬ પ્રકારના અને સ્ત્રીઓને ૧૪ પ્રકારના કંકણ, કટિસૂત્ર, હાર, કેયૂર, મંજીર, કટક, કુંડળ, કિરીટ અને મુકુટ ઈત્યાદિ વિવિધ ઉત્તમ આભૂષણ પ્રદાન કરે છે.

**૪. વસ્ત્રાંગ** — આ જાતિના કલ્પવૃક્ષ નિત્ય ચીનપટ (સુતરાઉ

૮૭. તિલોયપણ્ણત્તિ, ૪/૩૪૬

૮૮. આદિપુરાણ ૩/૩૯-૪૦

૮૯. તિલોયપણ્ણત્તિ, ૪/૩૪૭-૩૫૭

૯૦. લોકવિભાગ ૫/૧૪-૨૩

વસ્ત્ર) અને ઉત્તમ ક્ષૌમ(રેશમી) વસ્ત્ર તથા મન અને નેત્રને આનંદિત કરવાવાળા વિવિધ પ્રકારના અન્ય વસ્ત્ર આપે છે.

**૫. ભોજનાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ ૧૬ પ્રકારના આહાર, ૧૬ પ્રકારના વ્યંજન, ૧૪ પ્રકારના સૂપ (દાળ આદિ), ૧૦૮ પ્રકારના ખાદ્ય પદાર્થ, ૩૬૩ પ્રકારના સ્વાદ્ય પદાર્થ અને ૬૩ પ્રકારના રસભેદ પૃથક્-પૃથક્ આપે છે.

**૬. આલયાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ સ્વસ્તિક અને નંદ્યાવર્ત આદિ ૧૬ પ્રકારના રત્નમય અને સુવર્ણમય રમણીય દિવ્ય ભવન આપે છે.

**૭. દીપાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ પ્રાસાદોમાં શાખા, પ્રવાલ, ફળ, ફૂલ અને અંકુરાદિ દ્વારા બળતા દીપક સમાન પ્રકાશ આપે છે.

**૮. ભાજનાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ સ્વર્ણ અને ઘણા પ્રકારના રત્નોથી નિર્મિત થાળ, ઝારી, કળશ, ગાગર, ચામર અને આસન આદિક પ્રદાન કરે છે.

**૯. માલાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ બલ્લી, તરુ, ગુચ્છાઓ અને લતાઓથી ઉત્પન્ન સોળ હજાર ભેદરૂપ પુષ્પોની માળાઓ આપે છે.

**૧૦. તેજાંગ/જ્યોતિરાંગ**—આ જાતિના કલ્પવૃક્ષ મધ્ય દિવસના કરોડો સૂર્યોના કિરણો સમાન થતા નક્ષત્ર, ચંદ્ર અને સૂર્યાદિની કાંતિનું સંહરણ કરે છે.



આ કલ્પવૃક્ષ વનસ્પતિરૂપ નથી હોતા અને તેમનું સ્વરૂપ કોઈ વ્યંતર સમાન પણ નથી હોતું. આ પૃથ્વીરૂપ હોવા છતાં પણ જીવોને તેમના પુણ્યનું ફળ પ્રદાન કરવામાં સમર્થ હોય છે. તેમના માધ્યમથી ભોગભૂમિના જીવ નિરંતર ઇન્દ્રિયજનિત ઉત્તમ સુખોને ભોગવે છે અને અત્યંત સંતોષપૂર્વક પોતાનું જીવન યાપન કરે છે, પરંતુ તૃપ્ત થતાં નથી.

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં અવસર્પિણીના પહેલા, બીજા અને ત્રીજા કાળમાં જીવોને પ્રાપ્ત બધી જ અનુકૂળતાઓ આ કલ્પવૃક્ષો દ્વારા જ પ્રાપ્ત થાય છે. સામાન્યરૂપથી ત્રણેય ભોગભૂમિઓમાં ભોગસામગ્રીઓની બાહુલ્યતા છે–ભોગોની જ પ્રધાનતા રહે છે, છતાં પણ ત્રણેયનું સ્વરૂપ અને પરિસ્થિતિઓમાં થવાવાળા પરિવર્તનને આપણે પૃથક્-પૃથક્ જોઈએ—

## અવસર્પિણીનો પહેલો કાળ (સુષમાસુષમા)—

આ કાળ ઉત્તમ ભોગભૂમિનો કાળ કહેવાય છે. આ કાળમાં ભરત-ઐરાવતક્ષેત્રોની પરિસ્થિતિઓ ઉત્તરકુરુ અને દેવકુરુ નામની શાશ્વત ભોગભૂમિઓ સમાન હોય છે. ધ્યાન રહે, છ **કાળનું પરિવર્તન ભરત અને ઐરાવતના બધા જ ખંડોમાં નથી થતું, આ પરિવર્તન આ ક્ષેત્રોના માત્ર આર્યખંડમાં જ થાય છે.** મ્લેચ્છખંડોની વ્યવસ્થાને આગળ 'કાળ અપરિવર્તનવાળા ક્ષેત્ર' શીર્ષકમાં કહેવામાં આવ્યું છે.

આ સુષમાસુષમા નામનો પહેલો કાળ ચારકોડાકોડી સાગરનો કહેવામાં આવ્યો છે. આ કાળમાં ભૂમિ, રજ, ધુમાડો, અગ્નિ અને હિમરહિત સાફ-સુથરી, ઓલાવૃષ્ટિ અને વીંછી આદિ

કીડાઓના ઉપસર્ગથી રહિત, નિર્મળ દર્પણ સમાન, નિંદ્ય પદાર્થોથી રહિત દિવ્ય રેતીમય હોય છે કે જે તન, મન અને નેત્રોને સુખ ઉત્પન્ન કરે છે.[૯૧] ચારે તરફ પાંચ વર્ણયુક્ત મૃદુલ અને સુગંધથી પરિપૂર્ણ સુંદર નાના-નાના ઘાસના મેદાન હોય છે. ઝીલ, તળાવ, વાપિકા અને નદીઓ સ્વચ્છ, શીતળ જળથી પરિપૂર્ણ તથા મગર આદિ જળચર જીવોથી રહિત હોય છે અને તે જ જળાશયોના કિનારાઓ રત્નોની સીડીઓથી યુક્ત શૈયા અને આસનોના સમૂહથી પરિપૂર્ણ ભોગભૂમિઓના પ્રાકૃતિક ભવન, પ્રાસાદ આદિ આવાસ – સ્થળ બનેલા હોય છે.[૯૨]

આ કાળમાં શંખ, કીડી, માંકડ, માખી, ડાઁસ, મચ્છર અને કૃમિ આદિ વિકલેન્દ્રિય જીવ નિયમથી નથી હોતા. અહીં અસંજ્ઞી પણ નથી હોતા. સ્વામી અને સેવકનો ભેદ પણ નથી હોતો. કલહ અને ભીષણ યુદ્ધ આદિ તથા ઈર્ષ્યા અને રોગ આદિ પણ નથી હોતા. અહીં અંધકાર ન હોવાથી દિવસ-રાતનો ભેદ નથી, ગરમી અને ઠંડીની વેદના પણ નથી; નિંદા, પરસ્ત્રીરમણ અને પરધનહરણ આદિ દુષ્કૃત્ય પણ અહીં હોતા નથી.

આ કાળમાં ઉત્પન્ન થયેલા યુગલ ચોથા દિવસે બોર બરાબર આહાર ગ્રહણ કરે છે.[૯૪] તેમના શરીરની ઊંચાઈ ૬૦૦૦ ધનુષ (ત્રણ કોસ) અને આયુષ્ય ત્રણ પલ્ય પ્રમાણ હોય છે. પુરુષ અને સ્ત્રી બંનેના પૃષ્ઠભાગમાં ૨૫૬ હાડકા[૯૫] હોય છે. અહીં જન્મેલા

૯૧. તિલોયપણ્ણત્તિ, ૪/૩૨૪-૩૨૫

૯૨. એજન, ૪/૩૨૬, ૩૨૮-૩૨૯

૯૩. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૩૩૫-૩૩૭ (૨) લોકવિભાગ ૫/૨૯-૩૦

૯૪. આદિપુરાણ ૩/૩૦

૯૫. લોકવિભાગ ૫/૧૧



પુરુષો માટે લોકવિભાગમાં '**नवसहस्त्रेभविक्रमा**'[૯૬] શબ્દનો પ્રયોગ કરીને ૯૦૦૦ હાથીઓ સમાન બળની વાત કરી છે.

આ કિંચિત્ લાલ હાથ-પગવાળા, નવા ચંપકના ફૂલની સુગંધથી વ્યાપ્ત માર્દવ અને આર્જવગુણોથી સંયુક્ત, મંદકષાયી, સુશીલ હોય છે. તેમનું શરીર વજ્રવૃષભનારાચસંહનનથી યુક્ત અને સમચતુરસ્રસંસ્થાનવાળું હોય છે. તેઓ ઉદિત થતા સૂર્ય સમાન તેજસ્વી, કવલાહાર કરવા છતાં પણ મળમૂત્રથી રહિત હોય છે. નર-નારીથી અતિરિક્ત તેમનો કોઈ બીજો પરિવાર હોતો નથી.[૯૭]

ઉત્તમ મુગટને ધારણ કરવાવાળા અહીંના પુરુષ ઈન્દ્રથી પણ અધિક સુંદર આકારવાળા હોય છે. અને મણિમય કુંડળોથી વિભૂષિત કપાળવાળી સ્ત્રીઓ અપ્સરાઓ સમાન અત્યંત સુંદર હોય છે.[૯૮]

આવા ઉત્તમ અનુકૂળતાઓવાળા કાળમાં પણ આપણે અનંતવાર જન્મમરણ કરી ચૂક્યા છીએ, પરંતુ આત્મજ્ઞાન વિના અશાંત જ રહ્યા.

આ કાળમાં આયુષ્ય પૂર્ણ થવાના નવ મહિના પૂર્વ જ સ્ત્રીને ગર્ભ રહે છે તથા યુગલ પુત્ર-પુત્રીને જન્મ આપીને સ્ત્રી-પુરુષ બંનેનું મરણ થઈ જાય છે. નવજાત બાળક-બાળિકાના શૈયા ઉપર સૂતા-સૂતા પોતાના અંગૂઠા ચૂસવામાં ત્રણ દિવસ વ્યતીત થઈ જાય છે. પછી ત્રણ દિવસમાં તેઓ બેસતા શીખી જાય છે, પછી ત્રણદિવસ સુધી અસ્થિરગમન અને આગળના ત્રણ દિવસમાં દોડવા લાગે છે. પછી ક્રમશઃ કલાગુણોની પ્રાપ્તિ, તરુણ અવસ્થા

૯૬. લોકવિભાગ ૫/૨૬

૯૭. તિલોયપણ્ણત્તિ, ૪/૩૩૮-૩૪૪

૯૮. એજન ૪/૩૬૩

અને સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતામાં ત્રણ-ત્રણ દિવસ વ્યતીત થાય છે.[૯૯] આ રીતે ઉત્તમ ભોગભૂમિમાં જન્મેલા મનુષ્ય માત્ર ૨૧ દિવસમાં યૌવનથી પરિપૂર્ણ[૧૦૦] થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિને યોગ્ય થઈ જાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કારણોની ચર્ચા કરતાં આચાર્ય યતિવૃષભે[૧૦૧] ત્રણ કારણ કહ્યા છે — (૧) જાતિસ્મરણજ્ઞાન, (૨) દેવો દ્વારા પ્રતિબોધિત અને (૩) ચારણઋદ્ધિધારી મુનિરાજનો સદુપદેશ.

આ બધા ઉત્તમ યુગલ પારસ્પરિક પ્રેમમાં અત્યંત મુગ્ધ રહ્યા કરે છે, તેથી તેમને શ્રાવકોચિત વ્રત, સંયમ હોતા નથી.[૧૦૨]

જેમ જેમ સુષમા-સુષમા નામનો પહેલો કાળ વ્યતીત થતો જાય છે, તેમ તેમ મનુષ્ય-તિર્યંચોનું શરીર, આયુષ્ય, બળ, ઋદ્ધિ આદિ પણ ઘટતા જાય છે. આ રીતે, ચાર કોડાકોડી સાગરમાં આ કાળ પૂર્ણ થઈ જાય છે. આપણે અતીતમાં અનંતવાર આ પ્રકારનો કાળ સુખથી દૂર રહીને વિતાવ્યો છે.

## અવસર્પિણીકાળનો બીજો કાળ (સુષમા) —

આ કાળ મધ્યમ ભોગભૂમિનો કાળ કહેવાય છે. આ કાળમાં ભરત અને ઐરાવતક્ષેત્રોની પરિસ્થિતિઓ હરિક્ષેત્ર[૧૦૩] અને રમ્યક્ક્ષેત્ર નામની શાશ્વત ભોગભૂમિઓ સમાન હોય છે.

૯૯. તિલોયપણ્ણત્તિ, ૪/૩૮૩-૩૮૪

૧૦૦. 'दिवसेयरेकविंशत्या पूर्यन्ते यौवनेन च ।'
— લોકવિભાગ, ૫/૨૫ (પૂર્વાધ)

૧૦૧. તિલોયપણ્ણત્તિ, ૪/૩૮૫

૧૦૨. 'तेसुं सावय वद संजमो णत्थि' —એજન ૪/૩૯૦

૧૦૩. 'शेषो विधिस्तु निश्शेषो हरिवर्षसमो मतः'—આદિપુરાણ ૩/૫૦



ત્રણ કોડાકોડી સાગર પ્રમાણ સુષમા નામના આ બીજા કાળના પ્રારંભમાં મનુષ્યોના શરીરની ઊંચાઈ ૪૦૦૦ ધનુષ (બે કોસ), આયુષ્ય બે પલ્ય અને શરીરની પ્રભા પૂર્ણ ચંદ્ર સમાન હોય છે. તેમના પૃષ્ઠભાગમાં ૧૨૮ હાડકા હોય છે. સ્ત્રીઓ અપ્સરાઓ સમાન અને પુરુષો દેવો સમાન હોય છે. આ કાળમાં મનુષ્ય સમચતુરસ્રસંસ્થાનથી યુક્ત બે દિવસ પછી ત્રીજા દિવસે બહેડા ફળ બરાબર અમૃતમય આહાર કરે છે.[૧૦૪]

જન્મ ઉપરાંત યુવાન થતાં સુધીનો જે ક્રમ ઉત્તમ ભોગભૂમિમાં ત્રણ-ત્રણ દિવસના અંતરાળથી સાત ચરણોમાં કહ્યો હતો તે જ ક્રમ અહીં મધ્યમ ભોગભૂમિ – સુષમા નામના બીજા કાળમાં પાંચ-પાંચ દિવસનો વિકાસ ક્રમથી થાય છે અર્થાત્ બાળકોને શૈયા ઉપર સૂતાં-સૂતાં પોતાનો અંગૂઠો ચૂસવો, બેસવું, અસ્થિરગમન, સ્થિરગમન, કલાગુણોની પ્રાપ્તિ, તારુણ્ય અને સમ્યક્ત્વગ્રહણની યોગ્યતા – આ બધી અવસ્થામાં પાંચ-પાંચ દિવસ લાગે છે.[૧૦૫] આ રીતે અહીંના જીવ જન્મ્યા પછી માત્ર **૩૫ દિવસ**માં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

ભોગભૂમિ સંબંધી શેષ વર્ણન ઉત્તમ ભોગભૂમિ સમાન જ છે. આ કાળના પ્રારંભથી અંત સુધીની પરિસ્થિતિઓમાં પણ અવસર્પિણીકાળ હોવાથી બળ, આયુષ્ય, શરીર આદિનો હ્રાસ જોવા મળે છે. આ રીતે ત્રણ કોડાકોડી સાગર વ્યતીત થતાં આ કાળ સમાપ્ત થઈ જાય છે.

૧૦૪. તિલોયપણ્ણત્તિ, ૪/૪૦૦-૪૦૨

૧૦૫. એજન ૪/૪૦૩-૪૦૪

## અવસર્પિણીનો ત્રીજો કાળ (સુષમા-દુષમા) —

આ કાળ જઘન્ય ભોગભૂમિનો કાળ કહેવાય છે. આ કાળમાં ભરત અને ઐરાવતક્ષેત્રોની પરિસ્થિતિઓ હૈમવતક્ષેત્ર અને હૈરણ્યવતક્ષેત્ર નામની શાશ્વત જઘન્ય ભોગભૂમિ સમાન હોય છે. અહીં પણ સંપૂર્ણ કાર્ય કલ્પવૃક્ષોથી જ સંપન્ન થાય છે.

તિલોયપણ્ણત્તિ[૧૦૬] અને આદિપુરાણ[૧૦૭]માં આ કાળનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે સુષમા-દુષમા નામનો આ કાળ બે કોડાકોડી સાગર પ્રમાણ છે. તેના પ્રારંભમાં મનુષ્યોની **ઊંચાઈ** ૨૦૦૦ ધનુષ (એક કોસ), **આયુષ્ય** એક પલ્ય અને વર્ણ પ્રિયંગુફળ સમાન હોય છે. આ કાળમાં સ્ત્રી-પુરુષના પૃષ્ઠભાગમાં ૬૪ **હાડકા**ઓ હોય છે. અહીંના મનુષ્ય એક દિવસના અંતરાળમાં આમળા બરાબર અમૃતમય આહારને ગ્રહણ કરે છે.

આ કાળમાં જન્મેલા યુગલના શૈયા ઉપર અંગૂઠો ચૂસવામાં સાત દિવસનો કાળ વ્યતીત થઈ જાય છે. શેષ પરિસ્થિતિઓ — બેસવું, અસ્થિરગમન, સ્થિરગમન, કલાગુણોની પ્રાપ્તિ, તારુણ્ય અને સમ્યક્ત્વ ગ્રહણની યોગ્યતા – આ બધી અવસ્થાઓમાં પણ ક્રમશઃ સાત-સાત દિવસ લાગે છે.[૧૦૮] આ રીતે આ કાળમાં ઉત્પન્ન થયેલા જીવોમાં માત્ર **૪૯ દિવસ**માં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રગટ થઈ જાય છે.

અહીં બધા જીવોને પોતાના પુણ્ય પ્રમાણે કલ્પવૃક્ષોથી

૧૦૬. ૧-૦૦ ૪/૪૦૭-૪૧૦

૧૦૭. આદિપુરાણ ૩/૫૩-૫૪

૧૦૮. તિલોયપણ્ણત્તિ, ૪/૪૧૧-૪૧૨



અનુકૂળતાઓની પ્રાપ્તિ થવાને કારણે કોઈ ચોર હોતા નથી. અહીં કોઈની કોઈની સાથે દુશ્મની હોતી નથી. અહીં ઠંડી, ગરમી, પ્રચંડવાયુ અને વર્ષા હોતી નથી. તેથી પ્રાકૃતિક વાતાવરણ મનોરમ રહે છે.

## અવસર્પિણીના પ્રારંભિક ૩ કાળ (ભોગભૂમિ) એક નજરમાં—

| **વિષય** | **સુષમા-સુષમા** | **સુષમા** | **સુષમા-દુષમા** |
|---|---|---|---|
| ભૂમિ રચના | ઉત્તમ ભોગભૂમિ | મધ્યમ ભોગભૂમિ | જઘન્ય ભોગભૂમિ |
| કાળ પ્રમાણ | ૪કો.કો. સાગર | ૩ કોડાકોડી | ૨ કોડાકોડી |
| ઉત્કૃષ્ટ આયુ | ૩ પલ્યોપમ | ૨ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| જઘન્ય આયુ | ૨ પલ્યોપમ | ૧ પલ્યોપમ | ૧કોટિપૂર્વ+૧ સમય |
| ઉત્કૃષ્ટ ઊંચાઈ | ૩ કોસ | ૨ કોસ | ૧ કોસ |
| જઘન્ય ઊંચાઈ | ૨ કોસ | ૧ કોસ | ૫૦૦ ધનુષ |
| પૃષ્ઠ હાડકાઓ | ૨૫૬ | ૧૨૮ | ૬૪ |
| આહાર પ્રમાણ | બોર બરાબર | બહેડા બરાબર | આંબળા બરાબર |
| આહાર અંતરાળ | ૩ દિવસ પછી | ૨ દિવસ પછી | ૧ દિવસ પછી |
| શરીરનો રંગ | સૂર્યપ્રભા સમાન | પૂર્ણ ચંદ્ર સમાન | પ્રિયંગુ ફળ સમાન |
| સમ્યક્ત્વ પાત્રતા | ૨૧ દિવસ પછી | ૩૫ દિવસ પછી | ૪૯ દિવસ પછી |

ભોગભૂમિના ત્રણેય કાળમાં જેવી રીતે મનુષ્યોના યુગલ કલ્પવૃક્ષ સંબંધી આહારથી સંતુષ્ટ થઈને પ્રેમપૂર્વક ક્રીડા કરે છે, તેવી રીતે સંતુષ્ટ ચિત્તના ધારક **તિર્યંચોના જોડા** પણ પ્રેમપૂર્વક ક્રીડા કરે છે. તે સમયે ક્યાંક સિંહના યુગલ, ક્યાંક હાથીના યુગલ, ક્યાંક ઊંટના યુગલ, ક્યાંક શૂકરના યુગલ અને ક્યાંકથી મદથી

ધીમી ચાલ ચાલવાવાળા વાઘના યુગલ ક્રીડા કરે છે. કોઈ જગ્યાએ મનુષ્ય સમાન આયુષ્યને ધારણ કરવાવાળી ગાય, ઘોડા અને ભેંસના જોડા પોતાની ઈચ્છાનુસાર અત્યધિક ક્રીડા કરે છે.[૧૦૯] ત્યાં રહેવાવાળા વાઘ આદિ ભૂમિચર અને કાગડા આદિ નભચર તિર્યંત માંસાહાર વિના કલ્પવૃક્ષોના મધુર ફળ ભોગવે છે. મનુષ્ય સમાન તિર્યંચોને પણ પોતપોતાની યોગ્યતાનુસાર ફળ, કંદ, તૃણ અને અંકુરાદિનો ભોગ હોય છે.[૧૧૦]

આ કાળમાં પુરુષ સ્ત્રીને આર્યા કહીને અને સ્ત્રી પુરુષને **આર્ય** કહીને બોલાવે છે. આર્યા અને આર્ય ભોગભૂમિજ સ્ત્રી-પુરુષના સાધારણ નામ છે. તે સમયે બધાની એક જ ઉત્તમ જાતિ હોય છે. ત્યાં બ્રાહ્મણ આદિ ચાર વર્ણ હોતા નથી અને ન તો અસિ, મસિ આદિ ષટ્કર્મ હોય છે. ત્યાં ન તો સેવક-સ્વામીનો સંબંધ હોય છે અને ન તો વેષધારી સાધુ હોય છે. ત્યાંના પ્રાણી બધા જ વિષયોમાં મધ્યસ્થ રહે છે, ત્યાં ન મિત્ર હોય છે અને ન શત્રુ. તે બધા સ્વભાવથી જ અલ્પકષાયી જ હોય છે.[૧૧૧]

આ રીતે, એમ કહી શકાય કે ભોગભૂમિનો કાળ ઉત્તમકાળ છે કે જ્યાં પ્રાણીઓને સર્વપ્રકારની બાહ્ય અનુકૂળતાઓ મળે છે, પરંતુ એ પ્રસિદ્ધ કહેવત છે કે '**सबै दिन जात न एक समाना**' અર્થાત્ બધા દિવસો એક સમાન રહેતા નથી. ભોગભૂમિનો કાળ પણ ભરત અને ઐરાવતક્ષેત્રોમાં એક સમાન રહેતો નથી, સમયની સાથે-સાથે પરિવર્તન થાય છે. ભોગભૂમિનો કાળ ઉત્તમથી મધ્યમ

૧૦૯. હરિવંશપુરાણ ૭/૯૯-૧૦૧

૧૧૦. ૧-૦૦ ૪/૩૯૬-૩૯૫

૧૧૧. હરિવંશપુરાણ ૭/૧૦૨-૧૦૪



અને જઘન્ય થઈને હવે સમાપ્ત થવા તરફ આગળ વધે છે. તેમાં લગભગ નવ કોડાકોડી સાગરનો કાળ વ્યતીત થઈ જાય છે.

ત્રીજા કાળના અંતમાં ધીરે ધીરે કલ્પવૃક્ષોની ફળદાન શક્તિ ઘટવા લાગે છે. હવે યુગપરિવર્તન થવાનું છે, ભોગભૂમિ સમાપ્ત થશે અને કર્મભૂમિનો પ્રારંભ થશે. આ સંધિકાળમાં સૃષ્ટિમાં ઘણા મોટા પ્રાકૃતિક પરિવર્તન થવા લાગે છે, તેનાથી ભયભીત પ્રજાઓની સમસ્યાઓ દૂર કરવા માટે કૂળ પરંપરાઓથી આ પૃથ્વી પર વિશિષ્ટ પુણ્યશાળી મહાપુરુષોનો જન્મ થાય છે કે જે જૈન પરંપરામાં કુલકરના નામથી જણાય છે.

## કુલકર વ્યવસ્થા —

ભોગભૂમિના અંતિમ ચરણમાં ભરત અને ઐરાવત ક્ષેત્રોના આર્યખંડોની ભૂમિ પર અત્યંત યુગાંતરકારી પ્રાકૃતિક અને જૈવિક પરિવર્તન થાય છે. આ પરિવર્તનોથી અનભિજ્ઞ અને ભયભીત મનુષ્યજાતિને, આ પરિવર્તનોને યોગ્ય સમાનતાનો ઉપદેશ દેવાવાળા કેટલાક મહાપુરુષનો જન્મ ત્રીજાકાળના અંતમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં થાય છે કે જેને જૈન ગ્રંથોમાં મુખ્યરૂપથી કુલકર કહેવામાં આવે છે, **હિન્દુપુરાણ**માં તેમના માટે **મનુ** શબ્દનો પ્રયોગ થયો છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે જ્યારે ચોથો કાળ શરૂ થવામાં પલ્યનો આઠમો ભાગ બાકી રહે છે ત્યારે ક્રમથી ૧૪ કુલકર ઉત્પન્ન થાય છે.

સુષમાદુષમા નામનો ત્રીજોકાળ સમાપ્ત થવામાં જ્યારે પલ્યના આઠમા ભાગ પ્રમાણ કાળ બાકી રહી ગયો તથા કલ્પવૃક્ષ પણ ક્રમક્રમથી ઓછા થવા લાગ્યા ત્યારે આ ભરતક્ષેત્રની દક્ષિણ

દિશામાં ગંગા અને સિંધુ નદીઓની વચ્ચે આર્યખંડમાં ૧૪ **કુલકરો**ની ઉત્પત્તિ થઈ.[૧૧૨] તેઓ પ્રજાના જીવન જીવવાના ઉપાયનું મનન કરવાથી અર્થાત્ જાણવાથી **મનુ** તથા આર્યપુરુષોના કુળની રચના કરવાથી **કુલકર** કહેવાય છે, તેમણે અનેક વંશ (કુળ) સ્થાપિત કર્યા હોવાથી કુળને ધારણ કરવાથી **કુળધર** છે તથા યુગની આદિમાં થયા હોવાથી **યુગાદિપુરુષ** પણ કહેવાય છે.[૧૧૩] આચાર્ય યતિવૃષભ[૧૧૪] કહે છે કે તેઓ બધા કુળ ધારણ કરવાથી **કુળધર** નામથી અને કુળને કરવામાં કુશળ હોવાથી **કુલકર** નામથી પણ લોકમાં પ્રસિદ્ધ છે. તેઓ તેમની મનુસંજ્ઞાની સાર્થકતા જણાવતા કહે છે કે તેઓ પોતાના અવધિજ્ઞાન અને જાતિસ્મરણજ્ઞાનથી ભોગભૂમિજ મનુષ્યોને જીવનનો ઉપાય બતાવતા હોવાથી મુનિન્દ્રો દ્વારા મનુ કહેવાય છે.[૧૧૫] સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં આચાર્ય અભયદેવે[૧૧૬] લખ્યું છે કે કુળની વ્યવસ્થાનું સંચાલન કરવાવાળા પ્રકૃષ્ટ પ્રતિભા સંપન્ન વ્યક્તિ **કુલકર** કહેવાય છે.

૧૪ કુલકરોના નામ ત્રિલોકસાર[૧૧૭] અને આદિપુરાણ[૧૧૮] અનુસાર આ પ્રમાણે છે — પ્રતિશ્રુતિ, સન્મતિ, ક્ષેમંકર, ક્ષેમંધર, સીમંકર, સીમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન, યશસ્વી, અભિચંદ્ર, ચંદ્રાભ, મરુદેવ, પ્રસેનજિત, નાભિરાય.

૧૧૨. હરિવંશપુરાણ ૭/૧૨૨-૧૨૪
૧૧૩. (૧) આદિપુરાણ ૩/૨૧૧-૨૧૨ (૨) લોકવિભાગ ૫/૧૨૦-૧૨૧
૧૧૪. તિલોયપણ્ણત્તિ, ૪/૫૧૬
૧૧૫. એજન ૪/૫૧૫
૧૧૬. સ્થાનાંગવૃત્તિ ૭૬૭/૫૧૮/૧ (જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, પ્રસ્તાવના, પૃષ્ઠ-૨૮ થી સાભાર)
૧૧૭. ત્રિલોકસાર ગાથા-૭૯૨-૭૯૩
૧૧૮. આદિપુરાણ ૩/૨૨૯-૨૩૨



ત્રિલોકસાર[૧૧૯] અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર[૧૨૦]માં નાભિરાયના પુત્ર ઋષભદેવને પંદરમા કુલકર કહ્યા છે. લોકવિભાગ[૧૨૧] અને આદિપુરાણ[૧૨૨]માં નાભિરાયના પુત્ર ઋષભદેવ અને તેમના પુત્ર ભરતને પણ પંદરમા અને સોળમા કુલકરના રૂપમાં સ્વીકાર કર્યા છે. આ બધા **કુલકરો** માટે આદિપુરાણમાં **મનુ** શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે.

આ બધા કુલકર પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં ઉચ્ચકુલીન મહાપુરુષ હતા, ત્યાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં પહેલાં જ ભોગભૂમિનું આયુષ્ય બાંધીને ત્રીજા કાળમાં ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયા.[૧૨૩] આ ચૌદ કુલકરોમાંથી કેટલાય કુલકરોને જાતિસ્મરણ હતું અને કેટલાય અવધિજ્ઞાની હતા.[૧૨૪] તેથી, પોતાના વિશિષ્ટ જ્ઞાનના સામર્થ્યથી પ્રજાની વિભિન્ન સમસ્યાઓનું સમાધાન કર્યા કરતાં હતા.

ભોગભૂમિમાં સદાય કલ્પવૃક્ષોનો પ્રકાશ રહેતો હોવાથી સૂર્ય-ચંદ્ર આદિ વિમાન દેખાતા ન હતા. હવે કલ્પવૃક્ષ સમાપ્ત થઈ જવાથી સૂર્ય-ચંદ્રાદિ દેખાવા લાગ્યા, તેમને જોઈને લોકોને ખૂબ જ ભય ઉત્પન્ન થયો. ભોગભૂમિમાં પુત્ર-પુત્રીનો જન્મ થતાં જ માતા-પિતાનું મરણ થતું હોવાથી તેઓ બાળકોનું મુખ જોઈ શકતા ન

૧૧૯. ત્રિલોકસાર ગાથા-૭૯૩
૧૨૦. इमे पण्णरस कुलगरा समुप्पज्जित्था—જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, ૨/૩૫/પૃ. ૫૪
૧૨૧. લોકવિભાગ ૫/૧૨૨
૧૨૨. ·ᣛ ક્કશ્વ. ક્થ્ભશ્ચૅ ભટ્ટબષ્ટનઈ઼ે ક્છ્ભક્ક્ષ ઋક્ળ્ઠ ત્ન
૧૨૩. આદિપુરાણ ૩/૨૦૭-૨૦૯
૧૨૪. એજન ૩/૨૧૦

હતા, હવે બાળકોનું મુખ જોઈને ડરવા લાગ્યા. આ રીતની અનેક સમસ્યાઓ ભોગભૂમિના સમાપન સમયે ઉત્પન્ન થવા લાગે છે કે જેનું સમુચિત સમાધાન કુલકરોના માધ્યમથી કરવામાં આવે છે.

આ સમયે અપરાધીને એટલું જ કહી દેવામાં આવતું હતું **'હા'** અર્થાત્ આ શું કર્યું? બસ, આટલા શબ્દમાત્ર અપરાધી માટે સજાનું કાર્ય કરતા હતા. આનાથી મોટી સજાના રૂપમાં મકાર દંડ વ્યવસ્થા પ્રચલિત થઈ કે જેમાં અપરાધીને 'હા' ની અતિરિક્ત 'મા' કહેવામાં આવતું હતું. **'મા'** અર્થાત્ ન કરવું. સૌથી મોટી સજા **'ધિક્'** અર્થાત્ ધિક્કાર છે. આ રીતે, કુલકરોના સમયમાં હકાર, મકાર અને ધિક્કાર (હા-મા-ધિક્) — આ ત્રણ નીતિ દંડના રૂપમાં પ્રચલિત થઈ. જેમ જેમ કાળ વ્યતીત થતો ગયો, તેમ તેમ માનવના અંતર્માનસમાં પરિવર્તન થતું ગયું અને અધિકાધિક કઠોર દંડની વ્યવસ્થા કરવામાં આવી.

કુળ પરંપરાથી થયેલા ચૌદ કુલકરોની સામે ઉપસ્થિત વિવિધ પ્રકારની સમસ્યાઓ – પરિસ્થિતિઓ અને તેમના ઉપદેશ દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ સમાધાનને તિલોયપણ્ણત્તિ[૧૨૫]માં ૮૩ ગાથાઓમાં, હરિવંશપુરાણ[૧૨૬]માં ૪૬ શ્લોકોમાં તથા આદિપુરાણ[૧૨૭]માં લગભગ ૧૦૦ શ્લોકોમાં ઘણા જ વિસ્તારથી જણાવ્યા છે. અહીં. તે સંપૂર્ણ વિષય વસ્તુને **સંક્ષિપ્ત તાલિકા**ના રૂપમાં પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે.

૧૨૫. તિલોયપણ્ણત્તિ, ૪/૪૨૮-૫૧૦

૧૨૬. હરિવંશપુરાણ ૭/૧૨૫-૧૭૦

૧૨૭. આદિપુરાણ ૩/૫૫-૧૫૧, ૧૬૪



| ક્રમ | નામ | સમસ્યા/પરિસ્થિતિ | ઉપદેશ/સમાધાન |
|---|---|---|---|
| ૧ | પ્રતિશ્રુતિ | આકાશમાં ચંદ્ર-સૂર્યને જોઈને પ્રજા ભયભીત હતી | આ સૂર્ય-ચંદ્ર નિત્ય જ છે, તેજાંગ જાતિના કલ્પવૃક્ષોનું તેજ મંદ પડવાથી હવે પ્રગટ થયા છે. આ રીતે સૂર્ય-ચંદ્રનો પરિચય આપીને પ્રજાનો ભય દૂર કર્યો. |
| ૨ | સન્મતિ | સૂર્યના અસ્ત થતા અંધકાર અને તારાગણને જોવાથી પ્રજામાં ભય ઉત્પન્ન થયો. | તેજાંગ કલ્પવૃક્ષ સર્વથા નષ્ટ થઈ ચૂક્યા છે એવું જ્ઞાન કરાવીને અંધકાર અને તારાગણોનો પરિચય આપીને ભય દૂર કર્યો. |
| ૩ | ક્ષેમંકર | વાઘ આદિ તિર્યંચોમાં ક્રૂર પરિણામ જોઈને પ્રજામાં ભયથી વ્યાકુળતા. | કાળના વિકારથી આ તિર્યંચ ક્રૂરતાને પ્રાપ્ત થયા હોવાથી હવે તેમનો વિશ્વાસ ક્યારેય પણ કરવો નહીં, એવો દિવ્ય ઉપદેશ આપ્યો. |
| ૪ | ક્ષેમંધર | ક્રૂરતાને પ્રાપ્ત સિંહ આદિ તિર્યંચો દ્વારા મનુષ્યોનું ભક્ષણ. | તે ક્રૂર તિર્યંચોથી પોતાની સુરક્ષાના ઉપાયભૂત દંડ આદિ રાખવાનો ઉપદેશ આપ્યો. |
| ૫ | સીમંકર | કલ્પવૃક્ષ અલ્પ ફળવાળા થયા, મનુષ્યોમાં લોભની વૃદ્ધિ થવાથી તેના સ્વામિ-ત્વમાં પરસ્પર ઝઘડો. | કલ્પવૃક્ષોની સીમાઓના નિર્ધારિણ દ્વારા પારસ્પરિક સંઘર્ષ પર રોક. |
| ૬ | સીમંધર | કલ્પવૃક્ષોની અત્યંત હાનિ થવાથી કલહમાં વૃદ્ધિ | કલ્પવૃક્ષોને ચિન્હિત કરીને તેમના સ્વામિત્વનું વિભાજન. |
| ૭ | વિમલવાહન | ગમનાગમનમાં બાધાનો અનુભવ | હાથી, ઘોડા આદિની સવારી તથા વાહનોના પ્રયોગનો ઉપદેશ |

| ક્રમ | નામ | સમસ્યા/પરિસ્થિતિ | ઉપદેશ/સમાધાન |
|---|---|---|---|
| ૮ | ચક્ષુષ્માન્ | અત્યાર સુધી સંતાનનું મુખ જોયા પહેલા જ માતા-પિતાનું મૃત્યુ થઈ જતું હતું, પરંતુ હવે સંતાનનું મુખ જોયા પછી મરણ થવા લાગ્યું હોવાથી પોતાના જ બાળકોને જોઈને ભયભીત થવું. | સંતાનનો પરિચય આપીને ભય દૂર કર્યો. |
| ૯ | યશસ્વી | ભોગભૂમિજ યુગલ બાળકોના નામ રાખવા સુધી જીવિત રહેવા લાગ્યા. | બાળકોના નામકરણની શિક્ષા. |
| ૧૦ | અભિચંદ્ર | માતા-પિતા બાળકોના બોલવા તથા રમવાનું જોવા સુધી જીવિત રહેવા લાગ્યા. | શિશુઓનું રુદન રોકવા માટેનો ઉપદેશ તથા તેમને બોલતા અને રમતા શીખવાડવાની શિક્ષા. |
| ૧૧ | ચંદ્રાભ | ઠંડી વધી ગઈ, તુષાર છવાવા લાગ્યો તથા અતિવાયુ ચાલવા લાગ્યો. | સૂર્યના કિરણોથી શિત નિવારણની શિક્ષા તથા કર્મભૂમિની નિકટતાનું જ્ઞાન |
| ૧૨ | મરુદેવ | મેઘ, વર્ષા, વીજળી, નદી, પર્વત આદિના દર્શન | નૌકા, છત્રી આદિના પ્રયોગનો ઉપદેશ તથા પર્વત ઉપરસીડીબનાવવાની શિક્ષા |
| ૧૩ | પ્રસેનજિત્ | જરાયુથી વિંટળાયેલ યુગલ શિશુનો જન્મ જોઈને માતા-પિતા ભયભીત | જરાયુ દૂર કરવાનો ઉપદેશ. |
| ૧૪ | નાભિરાય | બાળકોની નાભિ-નાળ અત્યંત લાંબી થવા લાગી તથા કલ્પવૃક્ષોનો અત્યંત અભાવ થઈ ગયો. પૃથ્વી પર ઔષધિ, ધાન્ય અને ફળોની ઉત્પત્તિ થવા લાગી | નાભિનાળને કાપવાનો તથા આજીવિકાના ઉપાયનો ઉપદેશ, ઔષધિ અને ધાન્ય આદિની ઓળખાણ તથા તેમના પ્રયોગની શિક્ષા |



## અવસર્પિણીના અંતિમ ત્રણ કાળ (કર્મભૂમિ) —

જે ભૂમિમાં અસિ, મસિ, કૃષિ, વિદ્યા, શિલ્પ, વાણિજ્ય આદિ કર્મની પ્રધાનતા હોય તે **કર્મભૂમિ** છે. તેને અંતર્ગત જે દુષમા આદિ ત્રણકાળ વિભાગોની ગણના કરવામાં આવે છે, તે વિભાગ કૃષિ આદિ ષટ્કર્મપ્રધાન હોવાના કારણે કર્મભૂમિના નામથી અભિહિત કરવામાં આવે છે.

જૈન પરંપરાનુસાર વર્તમાન કલ્પાર્ધમાં કર્મભૂમિની વ્યવસ્થાના આદિ સંસ્થાપક રાજા ઋષભદેવ હતા. તેમણે જ જીવિકા ઉપાર્જન માટે ભારતવાસીઓને સર્વપ્રથમ ષટ્કર્મોનો ઉપદેશ આપ્યો. અંતિમ કુલકર નાભિરાયના પુત્ર પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને તેમના પુત્ર પ્રથમ ચક્રવર્તી સમ્રાટ ભરત પણ સુષમા-દુષમા નામના ત્રીજા કાળમાં જ ઉત્પન્ન થયા. આ જ કાળમાં ઋષભદેવનું નિર્વાણ પણ થઈ ગયું. જો કે ત્રીજો કાળ ભોગભૂમિનો કાળ છે, તેમ છતાં આ કાળના અંતિમ ચરણમાં જ કર્મભૂમિનો પ્રારંભ થઈ ગયો હતો.

## અવસર્પિણીનો ચોથો કાળ (દુષમા-સુષમા) —

અવસર્પિણીકાળના પ્રારંભથી નવ કોડાકોડી સાગર સુધી ચાલતા ભોગભૂમિનો કાળ સમાપ્ત થયા પછી એક કોડાકોડી સાગરમાં ૪૨ હજાર વર્ષ ઓછા પ્રમાણવાળા દુષમા-સુષમા નામના ચોથા કાળનો પ્રારંભ થાય છે. આ કાળ ઋષભદેવના નિર્વાણ પ્રાપ્તિ પછી ૩ વર્ષ, ૮ મહિના અને ૧૫ દિવસ પછી શરૂ થયો.[૧૨૮]

૧૨૮. તિલોયપણ્ણત્તિ, ૪/૧૨૮૭

આ કાળમાં કલ્પવૃક્ષોનો પૂર્ણતઃ અભાવ થાય છે અને તેમના સ્થાન ઉપર વિવિધ પ્રકારની વનસ્પતિઓ સ્વયમેવ ઊગવા લાગે છે. પહેલા તો માનવજીવન તેના ઉપર જ આધારિત રહ્યું, પરંતુ ધીરે-ધીરે જ્યારે તેનો પણ અભાવ થવા લાગ્યો, ત્યારે મનુષ્યએ કૃષિ આદિ સંપૂર્ણ કાર્યોથી પોતાની આવશ્યકતાનુસાર તેનું ઉત્પાદન આદિ પ્રારંભ કરી દીધું. કૃષિ આદિ ષટ્કર્મોની મુખ્યતાથી જ આ કાળને કર્મભૂમિનો કાળ કહેવામાં આવ્યો છે.

આ કાળના પ્રારંભમાં ઉત્કૃષ્ટ આયુ ૧ કરોડ પૂર્વનું હોય છે, શરીરની ઉત્કૃષ્ટ અવગાહના (ઊંચાઈ) ૫૨૫ ધનુષ તથા પૃષ્ઠ ભાગમાં ૪૮ હાડકા હોય છે.[૧૨૯] લોકવિભાગમાં તેમની ઉત્કૃષ્ટ ઊંચાઈ ૫૦૦ ધનુષ કહી છે.[૧૩૦] તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય લગભગ એક કોડાકોડી સાગરકાળ સુધી ક્રમશઃ ઘટતા-ઘટતા અંતમાં ૧૨૦ વર્ષ રહી જાય છે. કર્મભૂમિના બધા જ મનુષ્ય, તિર્યંચોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે.[૧૩૧]

### ૬૩ શલાકા પુરુષ —

આ ચતુર્થકાળમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પુણ્યોદયથી મનુષ્યોમાં શ્રેષ્ઠ અને સંપૂર્ણ લોકમાં પ્રસિદ્ધ ૬૩ શલાકા પુરુષ — ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળભદ્ર, ૯ નારાયણ અને ૯ પ્રતિનારાયણ ઉત્પન્ન થાય છે.[૧૩૨] આ બધી પદવીઓ સમ્યગ્દૃષ્ટિ

૧૨૯. તિલોયપણ્ણત્તિ, ૪/૧૨૮૮

૧૩૦. લોકવિભાગ ૫/૧૪૩

૧૩૧. ત્રિલોકસાર ગાથા-૩૩૦

૧૩૨. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૫૧૭-૫૧૮ (૨) લોકવિભાગ ૫/૧૪૨



જીવોને જ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ તેમાંથી નરકમાં જવાવાળાને સમ્યક્ત્વ છૂટી જાય છે, પરંતુ તેઓ પણ ભવિષ્યમાં ક્યારેક ને ક્યારેક ફરી સમ્યક્ત્વ લઈને મોક્ષ અવશ્ય જાય છે.

**તીર્થંકર** — જેઓ ધર્મતીર્થનો ઉપદેશ આપે છે, સમવસરણ આદિ વિભૂતિઓથી યુક્ત હોય છે અને જેમને તીર્થંકર નામકર્મ[૧૩૩] નામના મહા પુણ્યનો ઉદય હોય છે, તેમને તીર્થંકર કહે છે. ચાર ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમની અરિહંત સંજ્ઞા છે. તેમના જીવનમાં સર્વોત્કૃષ્ટ પુણ્યોદય જોવા મળતો હોવાથી આચાર્ય કુંદકુંદદેવે તેમના માટે **पुण्यफला अरहंता**[૧૩૪] શબ્દનો પ્રયોગ કર્યો છે.

પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ૨૪ તીર્થંકર હોય છે, તેઓ બધા જૈનધર્મના પ્રવર્તક છે, સિદ્ધાંતોને કહેવાવાળા છે, બનાવવાવાળા નથી. તેઓ પ્રાણીમાત્રને સમાન કહીને બધા પ્રત્યે સમભાવનો ઉપદેશ આપે છે. આચાર્ય પ્રભાચંદ્ર તીર્થંકરનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખે છે —

‘**तीर्थकृतः संसारोतरणहेतुभूतत्वात्तीर्थमिव तीर्थमागमः तत्कृतवतः** ।’[૧૩૫] અર્થાત્ સંસારથી તરવાના કારણભૂત હોય તે તીર્થ છે, આવું તીર્થ આગમ છે, તેના કર્તા તીર્થંકર છે. ધર્મતીર્થને ચલાવવાવાળા હોવાથી તેઓ તીર્થંકર કહેવાય છે. તેમની ઘણી મોટી ધર્મસભા હોય છે કે જેને સમવસરણના નામથી જાણવામાં

૧૩૩. તીર્થંકર નામકર્મ – જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોમાં નામકર્મની એક પ્રકૃતિ. આ કર્મના ઉદયમાં તીર્થંકરપણું થાય છે.

૧૩૪. પ્રવચનસાર ગાથા-૪૫

૧૩૫. સમાધિતંત્ર શ્લોક-૨ સંસ્કૃત ટીકા

આવે છે. આચાર્ય યતિવૃષભ[૧૩૬] કહે છે — આમાં પૂર્વાદિ પ્રદક્ષિણારૂપથી બાર કોઠા – સભા હોય છે, જેમાં પ્રમુખ શિષ્ય ગણધર અને મુનિરાજ, ચાર પ્રકારના દેવ, ચાર પ્રકારની દેવીઓ, આર્યિકા અને સ્ત્રીઓ, પુરુષ અને તિર્યંચ બેસીને ધર્મોપદેશનો લાભ પ્રાપ્ત કરે છે. તિર્યંચગતિના હાથી, સિંહ, વાઘ અને હરણ આદિ પણ પરસ્પર વેર છોડીને સમવસરણમાં મિત્રભાવથી બેસે છે.

આપણે પણ અનંતવાર સમવસરણમાં ગયા, તીર્થંકર પરમાત્માની વાણી પણ સાંભળી, તેમની મહિમા પણ આવી, પરંતુ તેમ છતાં પોતાના નિજ જ્ઞાયકની મહિમા અને તેનું અવલંબન ન હોવાથી સંસારસમુદ્રથી પાર થવાની રાહ મળી શકી નહીં.

**ચક્રવર્તી** — પ્રત્યેક ચતુર્થકાળમાં ૧૨ ચક્રવર્તી હોય છે. વર્તમાન ચતુર્થકાળમાં ભરતક્ષેત્રમાં ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, સુભૌમ, પદ્મ, હરિષેણ, જયસેન અને બ્રહ્મદત્ત — આ બાર ચક્રવર્તી[૧૩૭] છ ખંડરૂપ પૃથ્વીમંડળને જીતવાવાળા પરમ પ્રતાપી પુરુષ થયા છે.

આ બધા ચક્રવર્તીઓનો વૈભવ તિલોયપણ્ણત્તિમાં ૪/ ૧૩૮૨ થી ૧૪૦૯ સુધી ઘણા જ વિસ્તારથી કહ્યો છે. તેમને ૯૬ હજાર રાણીઓ, ૮૪ લાખ હાથી, ૧૮ કરોડ ઘોડા, કેટલાય કરોડ વિદ્યાધર, ૮૮ હજાર મ્લેચ્છ રાજા, ૩૨ હજાર મુકુટબદ્ધ રાજા, એટલી જ નાટ્યશાળાઓ, એટલી જ સંગીતશાળાઓ, ૧૪ રત્ન, ૯ નિધિ, ૩૨ હજાર અંગરક્ષકદેવ, છત્ર, ૩૨ ચમર આદિ હોય છે. આ સમસ્ત દિવ્ય વૈભવથી યુક્ત થઈને તેઓ

૧૩૬. ૧-૦૦ ૪/૮૬૫-૮૭૨નો સાર

૧૩૭. એજન ૪/૫૨૨-૫૨૩



દશાંગ ભોગ ભોગવે છે.

ધ્યાન રહે, ચક્રવર્તી જો રાજ્યભોગમાં મરે તો નિયમથી સાતમી નરકમાં જાય છે અને જો રાજ્યનો ત્યાગ કરી મુનિવ્રત અંગીકાર કરે તો ઉર્ધ્વગામી થઈ સ્વર્ગ અથવા મોક્ષને પ્રાપ્ત કરે છે. આ બધા ભોગ આપણને જોવામાં – ભોગવવામાં તો ઘણા સારા લાગે છે, પરંતુ છે ખૂબ જ ખતરનાક! પંચેન્દ્રિય વિષયભોગોને ભોગવવા અથવા ભોગવવાના પરિણામોનું ફળ તો અધોગતિ જ છે. તેથી, સાવધાન રહીને તેનાથી વિરક્ત થવાની ભાવના ભાવવી જોઈએ.

**બળદેવ, નારાયણ અને પ્રતિનારાયણ** — વર્તમાન અવસર્પિણીના ચોથા કાળમાં તીર્થંકર અને ચક્રવર્તીઓ સમાન જ વિશિષ્ટ પુણ્યશાળી ૯ બળદેવ, ૯ નારાયણ અને ૯ પ્રતિનારાયણ થયા છે. તિલોયપણ્ણત્તી[૧૩૮]માં તે બધાના નામોનો ઉલ્લેખ આ પ્રમાણે છે — વિજય, અચલ, સુધર્મ, સુપ્રભ, સુદર્શન, નંદી, નંદિમિત્ર, રામ અને **બળદેવ** — આ નવ બળભદ્ર થયા છે. ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુંડરિક, દત્ત, નારાયણ(લક્ષ્મણ) અને કૃષ્ણ — આ નવ **નારાયણ – વિષ્ણુ** છે તથા અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિશુંભ, બલિ, પ્રહરણ, રાવણ અને જરાસંઘ — આ નવ પ્રતિનારાયણ થયા છે. તેમના પર્યાયાંતરના સંબંધમાં આચાર્ય યતિવૃષભનું મૂળકથન નીચે પ્રમાણે છે —

'**उड्ढंगामी सव्वे बलदेवा केसवा अधोगामी**'[૧૩૯] અર્થાત્ આ બધા બળભદ્ર નિયમથી ઉર્ધ્વગામી (સ્વર્ગ અથવા મોક્ષગામી) હોય છે.

૧૩૮. ૧-૦૦ ૪/૫૨૪-૫૨૬ તથા ૪/૧૪૨૩-૧૪૨૫

૧૩૯. એજન ૪/૧૪૪૮

અને બધા જ નારાયણ નિયમથી અધોગામી (નરક જવાવાળા) હોય છે. તથા '**तहेव पडिसत्तू**'[૧૪૦] શબ્દનો પ્રયોગ કરીને તે પ્રતિનારાયણની પણ નિયમથી અધોગતિ કહે છે.

તેમાં નારાયણ નિયમથી બળભદ્રના નાનાભાઈ હોય છે.[૧૪૧] પ્રતિનારાયણ ત્રણ ખંડના શાસક હોય છે. જૈન શાસ્ત્રો[૧૪૨] અનુસાર બધા જ પ્રતિનારાયણોનું મૃત્યુ નારાયણો દ્વારા જ થાય છે, તેને મારીને જ નારાયણ ત્રણ ખંડના અધિપતિ થાય છે, તેને **અર્ધચક્રી** કહેવામાં આવે છે. રાવણ પ્રતિનારાયણ હતો જેથી તેનો વધ બળભદ્ર રામે નહીં, પરંતુ નારાયણ લક્ષ્મણે કર્યો હતો. પદ્મપુરાણ[૧૪૩]માં રાવણ અને લક્ષ્મણના યુદ્ધનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત બધા જ શલાકાપુરુષ કર્મભૂમિમાં જ થાય છે. કારણ કે તેમના જીવનમાં વિશિષ્ટ કર્મનો ઉદય હોય છે. આચાર્ય પૂજ્યપાદસ્વામી[૧૪૪] કર્મભૂમિ જ તેને કહે છે કે જ્યાં શુભ અને અશુભ કર્મોનો આશ્રય હોય. જો કે ત્રણલોકમાં સર્વત્ર કર્મનો આશ્રય છે, તેમ છતાં તેમાં કર્મભૂમિમાં ઉત્કૃષ્ટતાનું જ્ઞાન હોય છે કે તેના પ્રકર્ષરૂપથી કર્મનો આશ્રય છે. સાતમી નરકને પ્રાપ્ત કરવાવાળા અશુભકર્મને ભરતાદિક્ષેત્રોમાં જ ઉપાર્જન કરવામાં આવે છે. આ રીતે, સર્વાર્થસિદ્ધિ આદિ સ્થાનવિશેષને પ્રાપ્ત કરવાવાળા પુણ્યકર્મનું ઉપાર્જન તથા પાત્રદાન આદિની સાથે કૃષિ

૧૪૦. ૧-૦૦ ૪/૧૪૫૦
૧૪૧. પદ્મપુરાણ ભાગ-૧, ૨૦/૨૧૪
૧૪૨. તિલોયપણ્ણત્તિ, ૪/૧૪૩૫
૧૪૩. પદ્મપુરાણ ભાગ-૩, ૭૬/૨૮-૩૪/પૃ. ૬૯
૧૪૪. સર્વાર્થસિદ્ધિ ૩/૩૭/૪૩૭/પૃ. ૧૭૩



આદિ છ પ્રકારના કર્મનો આરંભ પણ અહીં જ થાય છે. તેથી ભરત આદિ (ભરત, ઐરાવત, વિદેહ)ની કર્મભૂમિ સંજ્ઞા સાર્થક છે.

## અવસર્પિણીનો પાંચમો કાળ (દુષમા) —

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પ્રાપ્તિ કર્યાને ૩ વર્ષ ૮ મહિના અને ૧૫ દિવસ પછી પંચમકાળની શરૂઆત થઈ.[૧૪૫] આ કાળ ૨૧ હજાર વર્ષ પ્રમાણ છે, તેની શરૂઆતમાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨૦ વર્ષ, ઊંચાઈ સાત હાથ અને પૃષ્ઠભાગના ૨૪ હાડકા કહેવામાં આવ્યા છે.[૧૪૬]

ભગવાન મહાવીરના નિર્વાણ પછી પણ આ પંચમકાળની શરૂઆતમાં ચોથા કાળના જન્મેલા અનેક લોકોએ મુક્તિ પ્રાપ્ત કરી. ભગવાન મહાવીર પછી ઈન્દ્રભૂતિ ગૌતમ, સુધર્માસ્વામી અને જંબૂસ્વામી આ ત્રણ અનુબદ્ધ કેવળી[૧૪૭] થયા. આ યુગમાં અંતિમ મોક્ષ જવાવાળા શ્રીધર કેવળીનું નામ મળે છે. તેઓ કુંડલપુરથી મોક્ષ ગયા.[૧૪૮] કેવળીઓની પછી દ્વાદશાંગના જ્ઞાતા — નંદી, નંદીમિત્ર, અપરાજિત, ગોવર્ધન અને ભદ્રબાહુ નામના પાંચ શ્રુતકેવળી થયા.[૧૪૯] પાંચેય શ્રુતકેવળી અત્યારે વર્તમાનમાં સ્વર્ગમાં જ છે, તેમાંથી કોઈપણ મુક્ત નથી થયા. અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીથી પ્રસિદ્ધ ઐતિહાસિક સમ્રાટ **ચંદ્રગુપ્ત મૌર્ય**

૧૪૫. તિલોયપણ્ણત્તિ, ૪/૧૪૮૬
૧૪૬. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૧૪૮૭ (૨) લોકવિભાગ ૫/૧૪૬ (પૂર્વાર્ધ)
૧૪૭. એજન ૪/૧૪૮૮-૮૯
૧૪૮. कुण्डलगिम्मिम्म चरिमो, केवलणाणीसु सिरिधरो सिद्धो ।
—તિલોયપણ્ણત્તિ, ૪/૧૪૯૧
૧૪૯. તિલોયપણ્ણત્તિ, ૪/૧૪૯૪

જિનદીક્ષા અંગીકાર કરવાવાળા અંતિમ મુકુટબદ્ધ શાસક હતા. ભારતીય ઇતિહાસમાં પણ ચંદ્રગુપ્તના રાજ્યાભિષેક આદિનો ઉલ્લેખ તો મળે છે, પરંતુ તેમનું મૃત્યુ ક્યાં અને કેવી રીતે થયું? તે વિષયમાં કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.[૧૫૦]

વીર નિર્વાણ બાદ ૬૮૩ વર્ષો સુધી અંગ અને પૂર્વોના જ્ઞાતા મુનિરાજો દ્વારા શ્રુત પરંપરા ચાલતી રહી આચાર્ય લોહાર્યની પછી કોઈ આચારાંગના ધારક થયા નથી, પરંતુ તેમ છતાં આગળ ૨૦૩૧૭ વર્ષ (૨૧૦૦૦-૬૮૩) સુધી શ્રુતતીર્થ પરંપરા હીયમાનરૂપથી ચાલતી રહેશે. ત્યારબાદ પંચમકાળની સમાપ્તિ સમયે શ્રુતનો વ્યુચ્છેદ થઈ જશે.[૧૫૧] વચ્ચે વચ્ચે પણ ધર્મનો વિધ્વંશ કરવાની ચેષ્ટા કરવાવાળા કલ્કી અને ઉપકલ્કી થતા રહેશે.

## કલ્કી અને ઉપકલ્કી —

જૈનાગમમાં કલ્કી નામના રાજાના નામનો ઉલ્લેખ જૈન યતિઓ ઉપર અત્યાચાર કરવા માટે ખૂબ જ પ્રસિદ્ધ છે. તિલોયપણ્ણત્તિમાં આ પંચમકાળમાં ૨૧ કલ્કી અને ૨૧ ઉપકલ્કી થવાનો ઉલ્લેખ મળે છે. પ્રત્યેક કલ્કી ૧૦૦૦ વર્ષના અંતરાળથી તથા તેના ૫૦૦ વર્ષ પછી ઉપકલ્કી થાય છે.[૧૫૨] વીર નિર્વાણના હજાર વર્ષ પછી ઇન્દ્રપુરમાં કલ્કી ઉત્પન્ન થયો, તેનું નામ ચતુર્મુખ, આયુષ્ય ૭૦ વર્ષ અને રાજ્યકાળ ૪૨ વર્ષ રહ્યો.[૧૫૩] તે પોતાના રાજ્યકાળમાં અતિલોભી થઈને મુનિરાજોના આહારમાંથી પણ પ્રથમ ગ્રાસ કર સ્વરૂપે માગવા લાગ્યો. મુનિરાજ અંતરાય જાણીને

૧૫૦. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ ભાગ-૧ પરિશિષ્ટ પૃ. ૪૮૨નો સારાંશ

૧૫૧. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૦૪-૧૫૦૫નો સાર

૧૫૨. એજન ૪/૧૫૨૮

૧૫૩. એજન ૪/૧૫૨૧ (ત્રિલોકસાર ગાથા-૮૫૧માં રાજ્યકાળ ૪૦ વર્ષ કહ્યો છે.)



નિરાહાર ચાલ્યા જાય છે. તેમાંથી કોઈ મુનિરાજને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આ ઘટનાને કોઈ અસુરદેવ પોતાના અવધિજ્ઞાનથી જોઈને ધર્મદ્રોહી કલ્કીને મારી નાંખે છે. તે કલ્કીનો પુત્ર અજિતંજય પોતાની પત્ની ચેલકા સહિત 'રક્ષા કરો... રક્ષા કરો...' કહીને દેવના ચરણોમાં નમસ્કાર કરે છે અને તે દેવ તેની રક્ષા કરીને જિનધર્મની મહિમા કહીને ધર્મપૂર્વક રાજ્ય કરવાનો ઉપદેશ આપે છે. ત્યારબાદ કેટલાક વર્ષો સુધી લોકોમાં ધર્મની વૃત્તિ હોય છે, પછી ફરી હીન થઈ જાય છે.[૧૫૪] એવી જ પરિસ્થિતિ પ્રત્યેક કલ્કી અને ઉપકલ્કીના કાળમાં બને છે. પ્રત્યેક કલ્કીના દુષમા–પંચમકાળવર્તી એક-એક સાધુને અવધિજ્ઞાન હોય છે, તે સમયે ચતુર્વિધ સંઘ પણ અલ્પ રહી જાય છે.

આ પંચમકાળના પ્રારંભથી વિવિધ વનસ્પતિઓ નિરસ થઈ જાય છે, મનુષ્ય પોતાના કુળક્રમથી પ્રાપ્ત શીલ, સત્ય, બળ, તેજ તથા યથાર્થજ્ઞાન આદિ ગુણોથી હીન પુરુષોની સેવા કરે છે, સ્વયં મિથ્યાત્વ અને મોહથી ગ્રસ્ત રહેવાના કારણે મર્યાદા અને લજ્જાથી રહિત થઈ જાય છે. આ કાળના મનુષ્ય વિનયવિહીન, ચિંતાયુક્ત, દંભ, મદ, ક્રોધ, લોભ અને નિર્દયતાની મૂર્તિ દેખાય છે. આ કાળમાં જીવ પાપ કરીને આવે છે અને પાપાચરણ કરતા થકા જ જીવન વ્યતીત કરે છે.[૧૫૫]

કેટલાક જીવોને પૂર્વ પુણ્યોદયથી કુદાન આદિના ફળમાં

૧૫૪. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૨૩-૧૫૨૭ (ત્રિલોકસાર ગાથા ૮૫૫માં કલ્કીપુત્ર અજિતંજયની પત્નીનો નામોલ્લેખ તથા ગાથા ૮૫૬માં અજિતંજયને સમ્યગ્દર્શન ગ્રહણ કરવાનો ઉલ્લેખ પણ કર્યો છે.)

૧૫૫. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૩૦-૧૫૩૫નો સાર
(૨) લોકવિભાગ ૫/૧૪૭-૧૪૮

**બાહ્ય અનુકૂળતાઓ પણ પ્રાપ્ત થતી દેખાય છે, તેમ છતાં ચિત્ત તો અશાંત જ રહે છે. કેટલાક લોકોને જિનવાણીના અવલંબનથી તત્ત્વાભ્યાસ કરતાં કિંચિત્ શાંતિનો અનુભવ થાય છે, તેમની સંખ્યા અત્યલ્પ છે, તે વિરલા છે.**

આ પંચમકાળમાં સંયમગુણથી વિશિષ્ટ મનુષ્યોનો અભાવ થવાના કારણે અહીં ચારણઋદ્ધિધારી મુનિ, દેવ (વૈમાનિક) અને વિદ્યાધર પણ આવતા નથી.[૧૫૬]

## અંતિમ કલ્કી —

અત્યારે વર્તમાનમાં ભરત અને ઐરાવતક્ષેત્રોમાં પાંચમો કાળ ચાલી રહ્યો છે. ધીરે ધીરે અહીં ધર્મ, આયુષ્ય અને ઊંચાઈ આદિ ઓછા થતા જશે. ત્યારબાદ પંચમકાળના અંતમાં 'જલમંથન' નામનો એકવીસમો કલ્કી ઉત્પન્ન થશે, તે જ સમયે ઈન્દ્રરાજ નામના અંતિમ આચાર્યના શિષ્ય વિરાંગજ નામના એક ભાવલિંગી મુનિરાજ, સર્વશ્રી નામની આર્યિકા, અગ્નેય અને પંગુશ્રી નામના શ્રાવકયુગલ થશે.

સર્વજ્ઞકથિત જિનાગમમાં ભવિષ્યની ઘટનાઓનું નામોલ્લેખ સહિત સ્પષ્ટ નિરૂપણ કેવળજ્ઞાનના વિશિષ્ટ સામર્થ્યને જણાવે છે. આગમમાં પ્રત્યેક પંચમકાળના અંતમાં બનવાવાળી એક ઘટનાનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે —

એક દિવસ કલ્કી પોતાના મંત્રીને પૂછે છે કે હે મંત્રીવર! એવો કોઈ પુરુષ તો નથી કે મારા વશમાં ન હોય? ત્યારે મંત્રી કહે છે કે રાજન્! એક મુનિરાજ આપના વશમાં નથી ત્યારે કલ્કી રાજાની આજ્ઞા થાય છે કે તું તે મુનિરાજના આહારમાંથી પ્રથમ

૧૫૬. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૩૭



ગ્રાસને કરના રૂપમાં ગ્રહણ કર. ત્યારબાદ કલ્કીની આજ્ઞાથી પ્રથમ ગ્રાસ માગવામાં આવતા મુનિરાજ તરત તેને આપીને અંતરાય જાણીને પાછા ચાલ્યા જાય છે. અને અવધિજ્ઞાનને પ્રાપ્ત થઈને તે જ સમયે આર્યિકા, શ્રાવક-શ્રાવિકાને બોલાવીને પ્રસન્નચિત્તથી કહે છે કે હવે દુષમા કાળનો અંત આવી ગયો છે. તમારું અને મારું ત્રણ દિવસનું આયુષ્ય બાકી રહ્યું છે અને આ અંતિમ કલ્કી છે.

ત્યારે ચારેય જણા ચાર પ્રકારના આહાર આદિનો ત્યાગ કરે છે અને કારતક વદ અમાસ (ગુજ.—આસો વદ અમાસ)ના દિવસે સૂર્યના સ્વાતિ નક્ષત્રમાં રહેતાં સમાધિમરણપૂર્વક દેહત્યાગ કરી **સૌધર્મ સ્વર્ગ**માં દેવ ઉત્પન્ન થાય છે. મુનિરાજ એક સાગરોપમનું આયુષ્ય લઈને તથા અન્ય ત્રણેય પલ્યોપમથી કંઈક અધિક આયુષ્ય લઈને જન્મે છે. આ રીતે, તે જ દિવસે સવારથી ચતુર્વિધ સંઘરૂપ ધર્મનો અંત થઈ જાય છે.

તે જ દિવસે મધ્યાહ્નમાં અસુરકુમાર જાતિના કોઈ દેવ કલ્કી રાજાને મારી નાખે છે. સૂર્યાસ્તના સમયથી જ અગ્નિ પણ નષ્ટ થઈ જાય છે. બધા કલ્કી અને ઉપકલ્કી ધર્મવિદ્રોહના કારણે એક સાગરોપમનું આયુષ્ય લઈને પ્રથમ નરકની પૃથ્વી પર જન્મ લે છે.[૧૫૭]

## અવસર્પિણીનો છઠ્ઠો કાળ (દુષમા-દુષમા) —

અંતિમ કલ્કીના મૃત્યુના ૩ વર્ષ ૮ મહિના અને ૧૫ દિવસ પછી દુષમા-દુષમા નામનો છઠ્ઠો કાળ શરૂ થાય છે. આ પણ ૨૧ હજાર વર્ષનો હોય છે. તેના **પ્રારંભમાં** મનુષ્યોના શરીરની ઊંચાઈ ત્રણથી સાડા ત્રણ હાથ, પૃષ્ઠ ભાગમાં ૧૨ હાડકા અને ઉત્કૃષ્ટ

૧૫૭. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૪૧-૧૫૫૫ નો સારાંશ (અંતિમ કલ્કી અને અંતિમ આચાર્યના નામ ત્રિલોકસાર ગાથા ૮૫૭-૮૫૮માં છે.)

આયુષ્ય ૨૦ વર્ષ પ્રમાણ હોય છે. અવસર્પિણીકાળના પ્રભાવથી તેમાં ક્રમશઃ હ્રાસ થતા છઠ્ઠા કાળના અંતમાં મનુષ્યોની ઊંચાઈ માત્ર એક હાથ પ્રમાણ તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫-૧૬ વર્ષ રહી જાય છે.[૧૫૮]

આ કાળમાં જન્મેલા જીવોનું જીવન અત્યંત દુઃખમય વીતે છે. આ કાળમાં અગ્નિ ન હોવાને કારણે જીવોએ કાચું ભોજન જ કરવું પડે છે. ધાન્ય આદિનું ઉત્પાદન બંધ થઈ જવાના કારણે વૃક્ષ આદિના મૂળ અને માછલી આદિ જ તેમનો મુખ્ય આહાર થઈ જાય છે. આ કાળના બધા જીવો માંસાહારી હોય છે. આ મનુષ્યો મકાન અને વસ્ત્રોથી રહિત જંગલોમાં ફરતા રહે છે. પાપોદયથી મૂંગા, બહેરા, આંધળા, કાણા, ક્રૂર, દરિદ્રી, કાળા, નગ્ન, કૂબડા, હુંડકસંસ્થાનવાળા, અનેક પ્રકારના રોગોથી ગ્રસિત, દુર્ગંધિત શરીરથી યુક્ત, પાપીષ્ઠ, પરિવાર રહિત, પશુ સમાન આચરણ કરવાવાળા હોય છે. આચાર્ય યતિવૃષભ કહે છે —

**'दुक्खाण ताण कहिदु, को सक्कइ एक्क जीहाए।'**[૧૫૯]

અર્થાત્ તેમના દુઃખોને એક જીભથી કહેવા માટે કોણ સમર્થ છે? – કોઈ નહીં.

પાપના ફળમાં આવા કાળમાં જન્મ થાય છે અને અહીં રહીને પણ નિરંતર પાપ કરવાથી ફરી અધોગતિની પ્રાપ્તિ થાય છે. આ સંદર્ભમાં તિલોયપણ્ણત્તિમાં એ નિયમ બતાવ્યો છે કે આ કાળમાં જન્મેલા બધા જીવો નિયમથી નરક-તિર્યંચગતિથી જ આવે

૧૫૮. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૫૭, ૧૫૭૫

૧૫૯. એજન ૪/૧૫૬૪ (ઉત્તરાર્ધ)



છે અને મરીને પણ નરક-તિર્યંચગતિમાં જ જાય છે.

## કલ્પાંત કાળ (પ્રલય) —

કલ્પકાળનો પ્રારંભ ઉત્સર્પિણીથી થાય છે તથા અવસર્પિણીના છઠ્ઠા કાળની સમાપ્તિની સાથે જ કલ્પકાળ પણ સમાપ્ત થઈ જાય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીને ભેગા કરતાં એક કલ્પકાળ થાય છે. કલ્પકાળ સમાપ્ત થવામાં જ્યારે ૪૯ દિવસ બાકી રહે છે, ત્યારે અહીંના સર્વ પ્રાણીઓમાં ભયોત્પાદક પ્રલયકાળ[૧૬૧] શરૂ થાય છે. સર્વપ્રથમ મહાગંભીર, ભીષણ તોફાન શરૂ થાય છે કે જે વૃક્ષો અને પર્વતને ચૂર્ણ કરી દે છે. આચાર્ય માનતુંગસ્વામી કહે છે કે **'कल्पान्तकाल मरुता चलिताचलेन'**૧૬૨ અર્થાત્ એ કલ્પાંતકાળની હવાઓ અચળ પર્વતને પણ ચલિત કરી દે છે. આવા ભયંકર તોફાનના સમયે બધા પ્રાણી મહા દુઃખી થતા થકા સુરક્ષા માટે શરણ શોધતા રહે છે, પરંતુ તેમાંથી પૃથક્-પૃથક્ સંખ્યાત અને સંપૂર્ણ ૭૨ યુગલ[૧૬૩] જ ગંગા-સિંધુ નદીઓની વેદી અને વિજયાર્ધ વનની મધ્ય ગુફાઓ આદિમાં સુરક્ષા પ્રાપ્ત કરે છે. તે જ સ્થાનો પર દયાળુ દેવો અને વિદ્યાધરો[૧૬૪] દ્વારા પણ સંખ્યાત મનુષ્ય અને તિર્યંચોને સુરક્ષિત પહોંચાડી દેવામાં આવે છે.

૪૯ દિવસ સુધી ચાલવાવાળા આ પ્રલયકાળમાં ભયંકર

૧૬૦. તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૬૩

૧૬૧. એજન ૪/૧૫૬૫

૧૬૨. ભક્તામર સ્તોત્ર શ્લોક-૧૫

૧૬૩. (૧) 'पुहपुह संखेज्जाइं, बाहत्तरि सयल जयलाइं'
—તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૬૮
(૨) લોકવિભાગ ૫/૧૬૦

૧૬૪. 'देवा विज्जाहरया कारुण्णपरा णराण तिरियाणं'— તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૬૯

ગર્જનાયુક્ત મેઘ દ્વારા સાત-સાત દિવસ સુધી નિરંતર ક્રમશઃ બરફ, ક્ષારજળ, વિષજળ, ધૂમ્ર, ધૂળ, વજ્ર અને અગ્નિની વર્ષા થાય છે, જેથી ભરતક્ષેત્રના આર્યખંડ ચિત્રા પૃથ્વી ઉપર સ્થિત એક યોજન વૃદ્ધિંગત ભૂમિ બળીને નષ્ટ થઈ જાય છે.[૧૬૫]

આધુનિક વૈજ્ઞાનિકો દ્વારા માન્ય વર્તમાન ઉપલબ્ધ દુનિયાને જૈન માન્યતાનુસાર આર્યખંડની આ વૃદ્ધિંગત ભૂમિના રૂપમાં સ્વીકાર કરી શકાય છે. આ એક યોજન અર્થાત્ લગભગ ૬ હજાર કિલોમીટર મધ્યથી ઉપર ઉઠેલી આ ભૂમિ પ્રલય બાદ છઠ્ઠા કાળના અંતમાં ફરી સમતલ થઈ જશે.

તિલોયપણ્ણત્તિમાં આ વૃદ્ધિંગત ભૂમિ બળીને નષ્ટ થઈને ફરી સમતલ થવાની વાત તો કહી છે, પરંતુ આ ભૂમિ ક્યારે અને કઈ રીતે વૃદ્ધિંગત થઈ તેના વિષે કોઈ પ્રમાણ ઉપલબ્ધ થઈ શક્યું નથી. આ હજી પણ શોધનો વિષય છે. તત્ત્વાર્થ શ્લોકવાર્તિક ૪/૧૩, પૃ. ૫૬૩માં લખ્યું છે કે કાળના વશે ઘટવધ થઈને પૃથ્વીમાં ઉંચ-નીચપણું દેખાય છે. તિલોયપણ્ણત્તિના પ્રમાણ અનુસાર પણ આ તો નિશ્ચિત જ છે કે આર્યખંડની ભૂમિ એક યોજન વૃદ્ધિંગત થઈ છે. આ ઉઠેલો ભૂભાગ જ વૈજ્ઞાનિકો દ્વારા માન્ય પૃથ્વી છે.

## હુંડાવસર્પિણીકાળ —

અસંખ્યાત[૧૬૬] અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળ વ્યતીત થતાં એક પ્રસિદ્ધ અપવાદ સ્વરૂપ હુંડાવસર્પિણીકાળ આવે છે. આમાં

૧૬૫. (૧) તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૭૦-૧૫૭૩ નો સાર
(૨) લોકવિભાગ ૫/૧૬૧-૧૬૩

૧૬૬. તિલોયપણ્ણત્તિ, ૪/૧૬૩૭



થવાવાળી અનેક વિચિત્રતાઓની ચર્ચા તિલોયપણ્ણત્તિ[૧૬૭] આદિ ગ્રંથોમાં આપી છે, તેનો સંક્ષિપ્ત સાર આ રીતે છે —

(૧) સુષમા-દુષમા નામની ભોગભૂમિના ત્રીજા કાળમાં જ વર્ષા થવાનું તથા વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થવા લાગે છે.

(૨) જઘન્ય ભોગભૂમિમાં જ કલ્પવૃક્ષોનો અંત, કર્મભૂમિનો પ્રારંભ તથા પ્રથમ તીર્થંકર અને ચક્રવર્તી પણ ઉત્પન્ન થઈ જાય છે.

(૩) સુષમા-દુષમા કાળમાં જ જીવોનું મોક્ષગમન શરૂ થઈ જાય છે.

(૪) ચક્રવર્તીનો વિજયભંગ અને તેમના દ્વારા બ્રાહ્મણ વર્ણોત્પત્તિ.

(૫) શલાકા પુરુષોની ૬૩ સંખ્યામાં ઘટાડો થવો.

(૬) નવમાંથી ૧૬માં તીર્થંકરની વચ્ચે ધર્મની વ્યુચ્છિત્તિ થવી.

(૭) ૧૧ રુદ્ર અને કલહપ્રિય નવ નારદ ઉત્પન્ન થવા.

(૮) સાતમાં, ત્રેવીસમાં અને અંતિમ તીર્થંકર ઉપર ઉપસર્ગ થવો.

(૯) ત્રીજા, ચોથા અને પાંચમાં કાળમાં ઉત્તમ ધર્મને નષ્ટ કરવાવાળા વિવિધ પ્રકારના દુષ્ટ, પાપીષ્ઠ, કુદેવ અને કુલિંગી પણ દેખાવા લાગે છે.

(૧૦) ચાંડાળ, શબર, પુલિંદ, કિરાત આદિ હીન જાતિ ઉત્પન્ન થાય છે.

(૧૧) દુષમા નામના કાળમાં ૪૨ કલ્કી અને ઉપકલ્કી થાય છે.

(૧૨) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂવૃદ્ધિ અને વજ્રાગ્નિ આદિનું પડવું.

પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં થવાવાળા તીર્થંકરોનો

૧૬૭. તિલોયપણ્ણત્તિ, ૪/૧૬૩૭-૧૬૪૫

જન્મ નિમયથી અયોધ્યામાં જ થાય છે તથા બધા જ તીર્થંકર નિયમથી સમ્મેદશિખરથી જ મુક્તિ પ્રાપ્ત કરે છે,[૧૬૮] પરંતુ કાળના પ્રભાવથી વર્તમાનમાં પાંચ જ તીર્થંકર અયોધ્યામાં જન્મ્યા અને સમ્મેદશિખરથી ૨૦ જ તીર્થંકરોએ નિર્વાણની પ્રાપ્તિ કરી. કેટલાક લોકો પ્રથમ તીર્થંકર ઋષભદેવને પુત્રી થવા પાછળ પણ કાળનો જ પ્રભાવ માને છે.

આ રીતે, અનેક પ્રકારની વિવિધતાઓ, વિચિત્રતાઓ, દોષ અથવા અપવાદ આ હુંડાવસર્પિણીકાળમાં થાય છે.

## ઉત્સર્પિણીના છ કાળ —

પ્રાણીઓને પ્રાપ્ત અનુકૂળતાઓના હ્રાસરૂપ અવસર્પિણીના છ કાળ વ્યતીત થયા પછી તેનાથી વિપરીત ક્રમમાં ઉત્સર્પિણીકાળની શરૂઆત થાય છે. તેના છ કાળ અવસર્પિણીથી વિપરીત ક્રમમાં છે તથા પરિસ્થિતિઓ પણ તે જ અનુસાર થાય છે. અવસર્પિણીના પ્રારંભના ત્રણ કાળ ભોગભૂમિના તથા અંતિમ ત્રણ કાળ કર્મભૂમિના હોય છે, જ્યારે ઉત્સર્પિણીના પ્રારંભિક ત્રણ કાળ કર્મભૂમિના તથા અંતિમ ત્રણ કાળ ભોગભૂમિના છે. અવસર્પિણીકાળના અંતમાં ૪૯ દિવસ સુધી કુવૃષ્ટિઓના માધ્યમથી સૃષ્ટિમાં પ્રલય થાય છે તથા ઉત્સર્પિણીકાળના પ્રારંભમાં ૪૯ દિવસ સુધી સુવૃષ્ટિઓના માધ્યમથી ફરી સૃષ્ટિ રચના પ્રારંભ થાય છે. અહીં સાત-સાત દિવસ સુધી પુષ્કર, ક્ષીર, અમૃત, રસ, ઔષધિ, સુગંધ, જળ આદિની વર્ષા થવાથી વજ્રાગ્નિથી બળેલી સંપૂર્ણ પૃથ્વી શીતળ થઈ જાય છે.[૧૬૯]

૧૬૮. શાશ્વત તીર્થધામ સમ્મેદશિખર પૃ. ૯

૧૬૯. લોકવિભાગ ૫/૧૬૭-૧૬૯



શીતળ ગંધને ગ્રહણ કરીને ગુફાઓમાં છુપાયેલા મનુષ્યો અને તિર્યંચ બહાર નીકળવા લાગે છે.[૧૭૦] અત્યારે આ કાળમાં અહીં અગ્નિ નથી, તેથી તેમનું ખાન-પાન, રહન-સહન, આચરણ બધુ જ પશુઓ જેવું જ હોય છે. પછી ધીરે-ધીરે આયુષ્ય, તેજ, બુદ્ધિ, બાહુબળ, ક્ષમા, ધૈર્ય આદિની વૃદ્ધિ થતા ૨૧ હજાર વર્ષનો **દુષમા-દુષમા** કાળ અને તેના પછી જ્યારે આગામી **દુષમા** કાળના પણ ૨૦ હજાર વર્ષ વ્યતીત થઈ જાય છે ત્યાં સુધી મનુષ્યોના આહાર આદિ તે જ રીતે ચાલે છે.

## ઉત્સર્પિણીકાળમાં કુલકર —

જ્યારે **દુષમા-સુષમા** કાળ પ્રારંભ થવામાં ૧૦૦૦ વર્ષ બાકી રહે છે, ત્યારે આ ભરત-ઐરાવત ક્ષેત્રોની પૃથ્વી ઉપર ફરી ૧૪ કુલકર ઉત્પન્ન થાય છે.[૧૭૧] આચાર્ય નેમિચંદ્ર[૧૭૨] ૧૪ના સ્થાન પર ૧૬ કુલકરોનો ઉલ્લેખ કરે છે, ત્યાં પદ્મ તથા મહાપદ્મ તે બે નામ અધિક છે. આ બધા કુલકર જગતના પ્રાણીઓને અગ્નિ ઉત્પન્ન કરવી, ભોજન પકાવીને ખાવું, વિવાહ કરવા, બંધુ પરિવાર આદિની સાથે શિષ્ટાચારપૂર્વક રહેવું આદિ વાતોને શિક્ષક સમાન સમજાવે છે.

ઉત્સર્પિણીકાળમાં પણ ૨૪ તીર્થંકર હોય છે. અંતિમ કુલકરના પુત્ર પ્રથમ તીર્થંકર હોય છે.[૧૭૩] તીર્થંકર હમેશા દુષમા-

૧૭૦. (૧) 'ततो सियलगन्धं, णादित्ता णिस्सरंति णर तिरिया'
—તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૮૩
(૨) લોકવિભાગ ૫/૧૭૧

૧૭૧. 'वास सहस्से सेसे उप्पत्ति कुलकराण भरहम्मि'—તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૯૦

૧૭૨. ત્રિલોકસાર ગાથા ૮૭૧

૧૭૩. 'पढम जिणो, अंतिल्ल कुलकर सुदो....'— તિલોયપણ્ણત્તિ, ૪/૧૫૯૯

સુષમા કાળમાં જ થાય છે. **આ અવસર્પિણીની અપેક્ષા ચોથો કાળ અને ઉત્સર્પિણીની અપેક્ષાએ ત્રીજોકાળ કહેવાય છે.**

ઉત્સર્પિણીમાં થવાવાળા ૨૪ તીર્થંકરોના નામ અને તેમને ક્યા ભવમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ થશે તેનું પણ નામોલ્લેખ સહિત વિવેચન જૈન આગમોમાં પણ ઉપલબ્ધ છે. આચાર્ય યતિવૃષભ[૧૭૪] અને આચાર્ય નેમિચંદ્ર અનુસાર આગામી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થવાવાળા **મહાપદ્મ** એ **રાજા શ્રેણિક**ના ભવમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો. **શ્રીકૃષ્ણ**નો જીવ **નિર્મલ** નામથી ૧૬મા તીર્થંકર તથા સત્યકીપુત્ર (સ્થાણુ/મહાદેવ) અંતિમ રુદ્રનો જીવ અનંતવીર્યના નામથી અંતિમ તીર્થંકર થશે.

આ રીતે, તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, પ્રતિનારાયણ અને બળભદ્રના જન્મ અને કર્મ સહિત ત્રીજો કાળ પૂર્ણ થાય છે. **ઉત્સર્પિણીનો ચોથોકાળ પ્રારંભ થતાં જ એક સમયમાં વિકલેન્દ્રિય પ્રાણીઓના સમૂહ અને કુળભેદ નષ્ટ થઈ જાય છે તથા પ્રથમ સમયમાં કલ્પવૃક્ષોની ઉત્પત્તિ થઈ જાય છે.**[૧૭૬]

ઉત્સર્પિણીના ચોથા કાળમાં જઘન્ય ભોગભૂમિ, પાંચમા કાળમાં મધ્યમ ભોગભૂમિ તથા છઠ્ઠા કાળમાં ઉત્તમ ભોગભૂમિ સમાન રચના હોય છે. આ ભોગભૂમિઓની પરિસ્થિતિઓ અવસર્પિણીના ત્રીજા, બીજા અને પહેલા કાળ સમાન હોય છે,

૧૭૪. 'तित्थयर णामकम्मं बन्धन्ते ताण ते इमे णामा सेणिग...किण्हा...'
—તિલોયપણ્ણત્તિ, ૪/૧૬૦૫-૧૬૦૬

૧૭૫. 'सेणियचर पढमतित्थयरो... किण्हचरणिम्मलओ...सच्चइ पुत्तचरोऽतविरियन्तो'
—ત્રિલોકસાર ગાથા ૮૭૨, ૮૭૪-૮૭૫

૧૭૬. તિલોયપણ્ણત્તિ,૦ ૪/૧૬૩૨



ફરક માત્ર એટલો જ છે ઉત્સર્પિણી ઉત્તરોત્તર વૃદ્ધિનો કાળ છે, જ્યારે અવસર્પિણી હ્રાસનો કાળ છે.

આ રીતે, ઉત્સર્પિણીના છ કાળ સમાપ્ત થતાં ફરી અવસર્પિણીકાળ પ્રારંભ થાય છે. આ ક્રમ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને અનંતકાળ સુધી આ જ ક્રમ ચાલતો રહેશે.

## કાળ અપરિવર્તન વાળા ક્ષેત્ર —

આ લોકમાં ઘણા ક્ષેત્ર એવા છે કે જ્યાં સદાય એક જેવો જ કાળ વર્તે છે. છ કાળરૂપ પરિવર્તન માત્ર પાંચ ભરત અને પાંચ ઐરાવતક્ષેત્રોમાં જ હોય છે, તે પણ તેના આર્યખંડોમાં જ હોય છે, મ્લેચ્છ ખંડોમાં નથી થતો. તિલોયપણ્ણત્તિ[૧૭૭] અને ત્રિલોકસાર[૧૭૮]માં પાંચ મ્લેચ્છ ખંડ અને વિદ્યાધર શ્રેણીમાં અવસર્પિણીના ચોથા કાળના પ્રારંભથી અંત સુધી હાનિ તથા ઉત્સર્પિણીના ત્રીજા કાળના પ્રારંભથી અંત સુધી વૃદ્ધિ થવી કહ્યું છે. ભરત અને ઐરાવત ક્ષેત્રોને છોડીને બધી ભૂમિઓમાં કાળ પરિવર્તનનો નિષેધ કરતાં આચાર્ય ઉમાસ્વામી લખે છે— **'ताभ्यामपरा भूमयोऽस्थिताः'**[૧૭૯] અર્થાત્ અન્ય બધી ભૂમિઓ છ કાળ પરિવર્તનથી રહિત છે.

**દેવકુરુ**[૧૮૦]—**ઉત્તરકુરુ**[૧૮૧]માં સદાય સુષમા-સુષમા—ઉત્તમ ભોગભૂમિ નામના પ્રથમ કાળ જેવી રચના વર્તે છે. **વિદેહક્ષેત્ર**માં

૧૭૭. તિલોયપણ્ણત્તિ, ૪/૧૬૨૯

૧૭૮. ત્રિલોકસાર ગાથા-૮૮૩

૧૭૯. તત્ત્વાર્થસૂત્ર ૩/૨૮

૧૮૦. તિલોયપણ્ણત્તિ, ૪/૨૧૭૦

૧૮૧. એજન ૪/૨૨૧૯

સદાય દુષમા-સુષમા નામના ચોથા કાળ જેવી દશા રહે છે. અહીં ક્યારેય અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અકાળ આદિ થતા નથી.[૧૮૨] **હરિક્ષેત્ર**[૧૮૩] અને **રમ્યક્ક્ષેત્ર**માં સદાય સુષમા નામક બીજા કાળ સમાન મધ્યમ ભોગભૂમિની રચના રહે છે કે જે હાનિવૃદ્ધિથી સદાય રહિત છે. તથા **હૈમવતક્ષેત્ર**[૧૮૪] અને **હૈરણ્યવત્ ક્ષેત્ર**માં સદાય સુષમા-દુષમા નામના ત્રીજા કાળ સમાન જઘન્ય ભોગભૂમિ વર્તે છે. ઉપરોક્ત પહેલાથી ચોથા કાળના નિયમોને આચાર્ય નેમિચંદ્રએ[૧૮૫] એક જ ગાથામાં પ્રસ્તુત કરી દીધા છે. લોકવિભાગ[૧૮૬]માં નિષધ, નીલ આદિ પર્વતો ઉપર પણ કાળ અપરિવર્તન કહ્યો છે.

મધ્યલોકમાં અઢીદ્વીપ અને અંતિમ અડધાદ્વીપ અને સમુદ્રને છોડીને બાકીના અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાં જઘન્યભોગભૂમિ – સુષમા-દુષમા નામનો કાળ વર્તે છે. અંતિમ અડધા સ્વયંભૂરમણ દ્વીપ અને અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રમાં કર્મભૂમિ છે કે જ્યાં પાંચમા દુષમા કાળ જેવી સ્થિતિ છે.[૧૮૭]

ચારગતિમાં કાળપરિવર્તનના સંબંધમાં આચાર્ય નેમિચંદ્ર લખે છે —

**'पढमो देवे चरिमो णिरए, तिरिए णरेवि छक्काला'**[૧૮૮] અર્થાત્ **દેવગતિ**માં સદાય પ્રથમ સુષમા-સુષમા કાળ જેવું અને **નરક**માં

૧૮૨. તિલોયપણ્ણત્તિ, ૪/૨૨૭૭
૧૮૩. એજન ૪/૧૭૬૭
૧૮૪. એજન ૪/૧૭૨૬
૧૮૫. ત્રિલોકસાર ગાથા ૮૮૨
૧૮૬. (૧) લોકવિભાગ ૫/૩૫-૩૮/૧૮૭ (૨) હરિવંશપુરાણ ૫/૩૦-૩૧
૧૮૭. હરિવંશપુરાણ ૫/૩૦-૩૧
૧૮૮. ત્રિલોકસાર ગાથા ૮૮૪



સદાય છઠ્ઠા દુષમા-દુષમા કાળ જેવું વાતાવરણ રહે છે તથા મનુષ્ય-તિર્યંચોમાં છએ કાળ વર્તે છે. કુભોગભૂમિમાં ત્રીજોકાળ વર્તે છે. જ્યાં દેવ અને નારકીઓના પ્રથમ અને છઠ્ઠા કાળની વાત કહી, ત્યાં અનુકૂળ/પ્રતિકૂળ પરિસ્થિતિઓની અપેક્ષા જ વાત સમજવી જોઈએ, આયુષ્ય આદિની અપેક્ષા નહીં.

## કેટલીક સહજ જિજ્ઞાસાઓ —

વિવિધ આગમ પ્રમાણોના આધારે કાળના સ્વરૂપ અને તેના વિવિધ પ્રકારથી ભેદ-પ્રભેદોની ચર્ચા કરવા ઉપરાંત પણ આ વિષયોને લઈને મનમાં કેટલીક જિજ્ઞાસાઓ શેષ રહી જાય છે, અહીં તેમનું યથોચિત સમાધાન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### ● વર્તમાનમાં ક્યો કાળ – ઉત્સર્પિણી કે અવસર્પિણી ?

જૈનાગમ અનુસાર વર્તમાનમાં અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે.[૧૮૯] આ કાળ હ્રાસનો કાળ હોય છે, પરંતુ આજે માનવજાતિ પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસોન્મુખ જ નહીં, પરંતુ વિકાસશીલ દેખાય છે. આવી સ્થિતિમાં આગમાનુસાર વર્તમાન કાળ હ્રાસનો કાળ છે એ વાત સ્વીકાર કરવી અથવા ગળે ઉતારવી સહજ નથી. તેને આજના ભૌતિકવાદી યુગમાં સિદ્ધ કરવું પણ એક ચુનોતીભર્યું કાર્ય છે.

અષ્ટાપદ રિસર્ચ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તારીખ ૧૫-૧૬ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ અમદાવાદમાં આયોજિત સેમિનારમાં જ્યારે મેં 'અવસર્પિણીકાળ અને વર્તમાન દુનિયા' વિષય ઉપર મારું શોધપત્ર પ્રસ્તુત કર્યું તો ત્યાં મૌજૂદ નાસા અને

૧૮૯. મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૧૦

ઈસરોથી જોડાયેલા અનેક વૈજ્ઞાનિકોએ વર્તમાનકાળને અવસર્પિણી માનવામાં આપત્તિ વ્યક્ત કરી. પત્ર વાંચન ઉપરાંત અનેક સવાલ-જવાબ, તર્ક-વિતર્ક થયા. **તેમનું કહેવું હતું** કે —

'વર્તમાનમાં ઉત્સર્પિણીકાળ ચાલી રહ્યો છે. વર્તમાનકાળ હ્રાસનો નહીં, વિકાસનો કાળ છે. આ વિજ્ઞાનનો યુગ છે. નવા-નવા મશીનો, કેલ્ક્યુલેટર, કમ્પ્યુટર, ઈન્ટરનેટ આદિની શોધ મનુષ્યની પ્રગતિની ઉદ્યોત જ છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં લાઈટ નહોતી, આવાગમનના સાધન સુલભ ન હતા, મોબાઈલ, ટી.વી., એ.સી. આદિ સુખ-સુવિધા ન હતી. પહેલાના લોકોનું રહેણી-કહેણી અને આજના લોકોની જીવનશૈલીમાં જમીન-આસમાનનું અંતર છે અને આ અંતર વિકાસ તરફ છે, હ્રાસ તરફ નહીં.'

ઉપરની વાતો બૌદ્ધિક સ્તર પર સાચી પ્રતીત થવા છતાં પણ જો શ્રદ્ધાના સ્તર પર વાત કરવામાં આવે તો આગમની સત્યાર્થતા પર શંકા ન કરી શકાય, તે આપણા માટે શિરોધાર્ય છે. તેથી જરૂરત છે આ દિશામાં ગહન ચિંતન મનનની.

આજે વિજ્ઞાનનો વિકાસ થયો દેખાય છે, પરંતુ તેના દ્વારા મનુષ્યની શારીરિક અને માનસિક ક્ષમતાઓનો હ્રાસ જ થયો છે. આજે કેલક્યુલેટરથી હિસાબ કરવો ખૂબ જ સરળ થઈ ગયો છે, પરંતુ આપણા દિમાગ એટલા જ કમજોર થઈ ગયા છે. નાના-નાના હિસાબ માટે પણ આપણે કેલક્યુલેટર શોધીએ છીએ. આજે મનોરંજનના સાધનોમાં ટી.વી., (મોબાઈલ)ને સર્વોચ્ચ સ્થાન આપી રાખ્યું છે, પરંતુ તેનાથી આપણા સામાજિક અને પારિવારિક જીવનનો હ્રાસ જ થયો છે.

વોશિંગમશીન, મિક્સર આદિ અનેક આધુનિક ઉપકરણો



દ્વારા ઘરના કાર્યોમાં જોકે સુવિધા થઈ ગઈ છે, પરંતુ તેના પ્રયોગથી હાથથી કામ કરવાની ક્ષમતા જ ઘટી ગઈ છે. આજે શારીરિક સંહનન/શક્તિ ખૂબ જ ઘટી ગઈ છે, હાડકા કાંચ સમાન થઈ ગયા છે. આ બધો હ્રાસ જ છે.

મોબાઈલ, કમ્પ્યુટર અને ઈન્ટરનેટ જો કે આજના સમયમાં ખૂબ ઉપયોગી છે, તેનાથી કાર્ય આસાન થઈ ગયા છે, પરંતુ શું તેના વિના આપણે પોતાને અપંગ મહેસૂસ નથી કરતાં?

વિજ્ઞાન દ્વારા જે વિકાસ દેખાય છે, ક્યાંક તે વિકાસ વિનાશના દસ્તક તો નથીને? માર્ચ-૨૦૧૧માં રેડિએશનના કારણે જાપાનમાં થયેલી તબાહી કોઈનાથી છૂપી નથી.

વસ્તુતઃ અવસર્પિણીકાળના સંદર્ભમાં હ્રાસથી તાત્પર્ય આયુષ્ય, શરીરના ઉત્સેધ (ઊંચાઈ), બાહુબળ, ધર્મ, જ્ઞાન, ગાંભીર્ય, ધૈર્ય આદિના હ્રાસથી છે. માત્ર ભૌતિક વિકાસ ઉન્નતિનો સૂચક નથી. વર્તમામાં શારીરિક સામર્થ્ય આદિની કમીની સાથે-સાથે નૈતિક મૂલ્યોનો પણ હ્રાસ થતો જઈ રહ્યો છે. સમાજનું નૈતિક અને ચારિત્રિક પતન પણ વર્તમાનમાં અવસર્પિણીકાળને જ સિદ્ધ કરે છે.

આ રીતે, અનેક યુક્તિઓથી વર્તમાનકાળનું અવસર્પિણીપણું સિદ્ધ કરવા છતાં પણ તર્કશીલ યુવાવર્ગ તેને હૃદયથી સ્વીકાર કરતાં નથી. તેઓ કહે છે કે —

**● તમે કંઈ પણ કહો, અમને તો વર્તમાનમાં સર્વત્ર વિકાસ જ દેખાય છે. ફક્ત ભૌતિક જ નહીં, પરંતુ ધર્મક્ષેત્રમાં પણ વિકાસ ઘટી રહ્યો નથી. વર્તમાનમાં ગામ-ગામમાં શિબિર લાગી રહી છે,**

**પ્રતિવર્ષ સેંકડો વિદ્વાન તૈયાર થઈ રહ્યા છે, આધ્યાત્મિક ગોષ્ઠીઓ, પંચકલ્યાણક, જિનમંદિર નિર્માણ આદિ બધામાં પહેલાની શતાબ્દીઓની તુલનામાં વર્તમાનમાં ઘણી વૃદ્ધિ થઈ છે. આ સંદર્ભમાં આપનું શું કહેવું છે?**

ભાઈ! વાત તો બરાબર છે, પરંતુ આ ધર્મની વૃદ્ધિ નથી. ધર્મ બાહ્ય વસ્તુ નથી, તે તો અંતરંગ વીતરાગ પરિણતિનું નામ છે કે જે પોતાના નિજ આત્માના સ્વક્ષેત્રમાં જ થાય છે. આપ જેને ધર્મક્ષેત્રનો વિકાસ કહી રહ્યા છો તે વાસ્તવિક ધર્મનું ક્ષેત્ર જ નથી, તે તો પોતાની પર્યાયમાં ધર્મ પ્રગટ કરવા માટે બાહ્ય સંયોગોની અનુકૂળતા છે.

હાં, આ વાત અવશ્ય છે કે વર્તમાનયુગ આધ્યાત્મિક ક્રાંતિનો યુગ છે. આજે અધ્યાત્મની ચર્ચા કરવાવાળા લોકોની સંખ્યામાં અપેક્ષાકૃત ઘણી જ વૃદ્ધિ થઈ છે. આજની પરિસ્થિતિઓ આત્મકલ્યાણ કરવાવાળા માટે પાછલા ૧૫૦-૨૦૦ વર્ષની તુલનામાં અધિક અનુકૂળ છે. જો આપણો જન્મ આજ ભારતભૂમિ ઉપર ૧૫૦-૨૦૦ વર્ષ પૂર્વ થયો હોત તો વીતરાગી જૈન તત્ત્વજ્ઞાનના પઠન-પાઠનની આટલી સુલભતા પ્રાપ્ત થવી દુર્લભ હતી. આ રીતે, જો કે આધ્યાત્મિકદષ્ટિથી વર્તમાનકાળમાં ઘણો વિકાસ દેખાઈ રહ્યો છે.

પરંતુ, આ વિકાસના આધારે વર્તમાન કાળને ઉત્સર્પિણીકાળ માની શકાતો નથી. કાળ તો અવસર્પિણી જ છે, હ્રાસનો જ છે. સંયોગોની દૃષ્ટિથી આટલી બધી ઉન્નતિ જોવા છતાં પણ અહીં એકપણ અરિહંત પરમાત્મા નથી, અહીં શ્રેણી ચઢવાવાળા, શુક્લધ્યાની, દ્વાદશાંગના જ્ઞાતા આદિ પણ નથી. ભાવલિંગી સંતોના દર્શન પણ દુર્લભ છે. અનુભવી/સમ્યગ્દૃષ્ટિ/જ્ઞાની ધર્માત્મા પણ આ કાળમાં વિરલા જ દેખાય છે. અનુભવી જ્ઞાની વ્યક્તિઓની અલ્પસંખ્યા પણ અવસર્પિણીકાળને જ સિદ્ધ કરે છે.



તેમ છતાં જે કાંઈ થોડો ઘણો વિકાસ દેખાઈ રહ્યો છે, તે વિકાસ મિશ્રિત હ્રાસની પરિસ્થિતિને આપણે નીચે અનુસાર સમજી શકીએ છીએ —

જેવી રીતે હિમાલયથી નીકળવાવાળી ગંગાનદીનો પ્રવાહ નિયમથી નીચે તરફ જ રહે છે, પરંતુ વચ્ચે-વચ્ચે ઉઠવાવાળી લહેરો ઉપર તરફ પણ ઉછળતી દેખાય છે. તે ઉઠવાવાળી લહેરો ઉપર જ દૃષ્ટિ રાખવાવાળાને જળ ઉપર જતું દેખાય છે, જ્યારે સમગ્ર જળપ્રવાહને જોવાવાળાને તેનું અધોગમન સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

તેવી જ રીતે દસ કોડાકોડી સાગરના અવસર્પિણીકાળનો પ્રવાહ નિયમથી હ્રાસ તરફ જ રહે છે, પરંતુ વચ્ચે-વચ્ચે પૌદ્ગલિક શક્તિઓના પરિણમનથી દેખાતા આવિષ્કારો માત્ર ઉપર જ દૃષ્ટિ રાખવાવાળાને વિકાસ દેખાય છે. જ્યારે સમગ્ર અવસર્પિણીકાળના પ્રવાહને જોવાવાળાને હ્રાસ સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

જેવી રીતે ગંગા નદીના પ્રવાહમાં ઉઠવાવાળા જળ-તરંગોનું ઉત્થાન (ઊંચાઈ) અને કાળ બંને જ ઘણો જ અલ્પ હોય છે, તેવી જ રીતે, અવસર્પિણીકાળમાં થવાવાળો વિકાસ પણ આંશિક હોય છે અને તે વિકાસનો કાળ પણ ઘણો જ અલ્પ હોય છે.

આ રીતે, વર્તમાન અવસર્પિણીકાળમાં વિકાસની સ્થિતિ તે નદીની ઉઠેલી લહેરો સમાન જ સમજવો જોઈએ.

**● પ્રથમ આદિ કાળોમાં કહેલી મનુષ્યોની ઊંચાઈ, આયુષ્ય આદિ ઉપર વિશ્વાસ થતો નથી. પલ્ય અને પૂર્વમાં આયુષ્યનું વર્ણન અને ઊંચાઈની ચર્ચા કાલ્પનિક જેવી લાગે છે.**

જિનાગમ અનુસાર પ્રથમ તીર્થંકર ઋષભદેવના શરીરની ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી. એક ધનુષ ચાર હાથનું હોય છે અને એક હાથ લગભગ સવાફૂટનો હોય છે. આ રીતે, તેમની ઊંચાઈ લગભગ ૨૫૦૦ ફૂટની હતી. બીજી રીતે જોઈએ તો શાસ્ત્રોમાં ૨૦૦૦ ધનુષનો એક કોસ કહ્યો છે. એક કોસમાં લગભગ ત્રણ કિલોમીટર થાય છે, તે અનુસાર પાંચસો ધનુષનો અર્થ લગભગ પોણો કિલોમીટર થાય છે. તેની યથાર્થ ગણના કરતા ૧.૬૪ મીટરનું એક ધનુષ થાય છે. તે અનુસાર પાંચસો ધનુષમાં ૮૨૦ મીટર હોય છે. આટલી ઊંચાઈ ઋષભદેવની હતી.

ઋષભદેવનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ હોય છે. આવા એક પૂર્વનું નહીં, પરંતુ ૮૪ લાખ પૂર્વનું તેમનું આયુષ્ય હતું.

જ્યારે આપણે આ પ્રકારની વાતો વાંચીએ-સાંભળીએ છીએ તો એકાએક વિશ્વાસ નથી થતો, પરંતુ જો **કાળચક્ર** ઉપર દૃષ્ટિ દેવામાં આવે તો તેમાં કાલ્પનિક અથવા અસંભવ લાગવા જેવી કોઈ વાત નથી. કારણ કે વર્તમાનમાં અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે કે જે હ્રાસનો કાળ છે.

ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીર સ્વામી સુધી બધા તીર્થંકરોના શરીરની ઊંચાઈ અને આયુષ્ય ઉપર દૃષ્ટિ દઈએ તો વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવની



ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી અને અંતિમ તીર્થંકર મહાવીરસ્વામીની ઊંચાઈ માત્ર સાત હાથ અર્થાત્ લગભગ પોણા નવ ફૂટ હતી. આ રીતે, ઋષભદેવનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ હતું, જ્યારે મહાવીરસ્વામીનું માત્ર ૭૨ વર્ષ. ચક્રવર્તી આદિ બધા મહાપુરુષોનું આયુષ્ય, ઊંચાઈ આદિમાં પણ આ જ રીતનો ગ્રાફ બને છે.

શરીરની ઊંચાઈ અને આયુષ્યમાં એટલું પરિવર્તન એકદમ નથી થયું. પ્રથમ તીર્થંકરથી અંતિમ તીર્થંકરની વચ્ચે લગભગ એક કોડાકોડી સાગરનો કાળ વ્યતીત થયો છે. વર્તમાનમાં થઈ રહેલી શોધખોળ અનુસાર કરોડો વર્ષ પૂર્વના પ્રાપ્ત અવશેષોના આધારે પણ તેમની ઊંચાઈ આદિની સિદ્ધિ થઈ જાય છે.

ડાયનાસોરની શોધ આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે તે કાળમાં એટલા વિશાળકાય પ્રાણી આ ધરાતલ પર હતા. **કેનેડા**ના **ડ્રમહેલર પ્રાંત**માં અમે ત્રણ-ત્રણ માળ ઊંચાઈવાળા ડાયનાસોરના અવશેષ જોયા છે. આટલી ઊંચાઈવાળા પ્રાણીઓની સત્તા વર્તમાનમાં દેખાતી નથી, પરંતુ પ્રાપ્ત અવશેષોથી તેમની ભૂતકાળમાં સત્તાને બધા જ સ્વીકાર કરે છે. બસ, આ જ સ્થિતિ ભૂતકાળમાં થયેલા તીર્થંકર, ચક્રવર્તી આદિ મહાપુરુષોના આયુષ્ય, ઊંચાઈ આદિના સંબંધમાં છે.

આવા બીજા પણ અનેક પ્રમાણો અને ઉદાહરણોથી ઉપરોક્ત વાતોને સહજ સિદ્ધ કરી શકાય છે.

નિષ્કર્ષરૂપમાં કહી શકાય છે કે પ્રથમાનુયોગ અને કરણાનુયોગમાં ઉપલબ્ધ આ રીતની વાતો ઉપર વિશ્વાસ માટે **કાળચક્ર**ને સારી રીતે સમજવું જોઈએ.

**● અમે સાંભળ્યું હતું કે છઠ્ઠા પછી ફરી છઠ્ઠો કાળ આવે છે. તમે ટાઈટલ ઉપર છઠ્ઠા પછી પહેલો લખ્યું છે. સાચું શું છે?**

વાસ્તવમાં અવસર્પિણીના છઠ્ઠા કાળ પછી ઉત્સર્પિણીકાળ શરૂ થાય છે તેથી તે ઉત્સર્પિણીનો પહેલો કાળ જ છે. તે પહેલા કાળની પરિસ્થિતિઓ અવસર્પિણીના છઠ્ઠા કાળ સમાન જ હોય છે. અવસર્પિણીનો છઠ્ઠો અને ઉત્સર્પિણીના પહેલા કાળ – બંનેના નામ દુષમા-દુષમા છે, બંને ૨૧ હજાર વર્ષની છે, બંનેમાં ઉત્કૃષ્ટ આયુષ્ય, ઉત્કૃષ્ટ ઊંચાઈ આદિ સમાન જ છે. તેથી સમાનતા સમજાવવા માટે ઉપચારથી છઠ્ઠા પછી છઠ્ઠો કાળ કહેવામાં આવે છે. એટલું અંતર તો છે જ કે અવસર્પિણીના ૨૧ હજાર વર્ષ સુધી નિરંતર હ્રાસ થઈને અંતમાં પ્રલય થાય છે અને ઉત્સર્પિણીના ૨૧ હજાર વર્ષ સુધી નિરંતર કંઈક કંઈક ઉત્થાન થતું રહે છે.

**● શું કાળ પરિવર્તન થતાં બધું બદલાઈ જાય છે?**

નહીં, જો કે આ જગત પરિવર્તનશીલ છે, તેમ છતાં કાળચક્ર અનુસાર આ જગતમાં બધું જ બદલાઈ જાય એવી વાત નથી. ઘણી વસ્તુ કે જે કાળથી અપ્રભાવિત રહે છે.

નિરંતર પરિણમન કરવા છતાં જીવ ક્યારેય પણ અજીવ નથી થતો તથા અજીવ પણ ક્યારેય જીવ નથી થતો. કોઈપણ વસ્તુ પોતાના મૂળ સ્વરૂપને ક્યારેય પણ છોડતી નથી. વસ્તુનો સ્વભાવ અપરિવર્તનશીલ છે. અગ્નિની ઉષ્ણતા, મીઠાનું ખારાપણું, સાકરની મીઠાશ સમાન જ જાણવું-દેખવું આત્માનો સ્વભાવ છે કે જે કાળથી અપ્રભાવિત રહે છે.

સ્વભાવ સમાન જ સ્વરૂપ પણ કાળથી અપ્રભાવિત રહે છે.



જેવી રીતે સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ક્યારેય બદલાતું નથી. જો કે ચોથા કાળથી પાંચમા કાળમાં પરિસ્થિતિઓ ઘણી બદલાઈ જાય છે, પરંતુ સાચા દેવ તો વીતરાગી સર્વજ્ઞ જ હોય છે, ગુરુ પણ નિર્ગ્રંથ જ તથા ધર્મ પણ સદાય વીતરાગ સ્વરૂપ જ રહે છે.

ચોથા કાળમાં ધર્મ અલગ પ્રકારનો હશે અને પાંચમા કાળમાં ધર્મ અલગ પ્રકારનો હશે? ચોથા કાળમાં મુનિ અને શ્રાવકનું સ્વરૂપ અલગ પ્રકારનું હશે અને પાંચમા કાળમાં અલગ પ્રકારનું હશે? – એવું નથી. કાળ અને ક્ષેત્ર કોઈપણ હોય, સ્વરૂપ ક્યારેય બદલાતું નથી. જેવી રીતે અગ્નિ પ્રત્યેક કાળ અને પ્રત્યેક ક્ષેત્રમાં ઉષ્ણ જ હોય છે, તેનું સ્વરૂપ ક્યારેય બદલાતું નથી; તેવી રીતે મુનિ અને શ્રાવકનું સ્વરૂપ પણ ક્ષેત્ર અને કાળથી બદલાતું નથી.

તત્ત્વ સાત હોય છે અને દ્રવ્ય છ, કર્મ આઠ હોય છે અને ગુણસ્થાન ચૌદ, જીવ અસંખ્યાત પ્રદેશી છે અને આકાશ અનંતપ્રદેશી છે, નરક, સ્વર્ગ, મધ્યલોક આદિ અગણિત વાતો છે કે જે ત્રિકાળ એકસમાન છે. ત્રણેય કાળમાં મોક્ષનો માર્ગ રત્નત્રય સ્વરૂપ જ છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'

આ રીતે, એમ કહી શકાય કે ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ પરિવર્તિત થવા છતાં પણ વસ્તુનો દ્રવ્યસ્વભાવ અને સૈદ્ધાંતિક સ્વરૂપ ક્યારેય બદલાતું નથી. સિદ્ધાંત ત્રિકાળ હોય છે, તે કાળ અનુસાર બદલાયા કરતા નથી. તેથી, કાળચક્ર અનુસાર પરિવર્તનશીલ આ જગતમાં રહેવા છતાં પણ જ્ઞાનીઓની દૃષ્ટિ અપરિવર્તનશીલ સ્વભાવ ઉપર જ રહે છે.

## ● ક્યો કાળ શ્રેષ્ઠ?

કાળના એટલા ભેદ-પ્રભેદ કહ્યા છે, અંતે તેમાં ક્યો કાળ શ્રેષ્ઠ છે? આપણા માટે ક્યો કાળ સારો છે? ક્યા કાળમાં જીવ સૌથી વધારે સુખી હોય છે?

છ કાળ બે ભાગમાં વહેંચાયેલો છે. જો અવસર્પિણીને મુખ્ય કરીને ચર્ચા કરવામાં આવે તો પ્રારંભિક ત્રણ કાળ ભોગભૂમિના અને અંતિમ ત્રણ કાળ કર્મભૂમિના છે. તેમાં તમે ભોગભૂમિને સારી કહેશો અથવા કર્મભૂમિને. કેટલાક લોકો ઉત્તમ ભોગભૂમિરૂપ પહેલા કાળને શ્રેષ્ઠ કહે છે તો કેટલાક ચોથા કાળને. છ કાળમાં દુષમા અને અતિ દુષમા કાળને કોઈપણ શ્રેષ્ઠ કહેતા નથી. હવે આ બંને વિષે વિચાર કરીએ છીએ.

(૧) પહેલા કાળને શ્રેષ્ઠ કહેવાવાળાઓનો તર્ક છે કે ત્યાં મનવાંછિત ભોગ મળે છે. કલ્પવૃક્ષોથી બધા જ પ્રકારની સુખ-સુવિધાઓની પ્રાપ્તિ થઈ જાય છે. ભોગસામગ્રી પ્રચૂર માત્રામાં હોય છે. આયુષ્ય ખૂબ જ લાંબુ હોય છે તથા રોગ અને વૃદ્ધાવસ્થા પણ નથી તથા ભોગભૂમિથી મરીને બધા જીવ મરીને નિયમથી દેવગતિમાં જ જાય છે. તેથી, આ જ શ્રેષ્ઠ કાળ છે.

ઉપરોક્ત બધી વાતો **अविचारित रम्यं** જેવી છે કે જે ઉપર-ઉપરથી જોતાં સારી લાગે છે. આ કાળ ભોગોમાં સુખ માનવાવાળાઓને જ સારો લાગી શકે છે. માન્યું કે ત્યાં સુવિધાઓ ઘણી છે, આયુષ્ય અધિક છે, પરંતુ તે બધું શાશ્વત નથી, મરણ તો ત્યાં પણ થાય જ છે. બીજી વાત, અધિક ભોગસામગ્રી હોવા છતાં પણ તે આ જીવને સુખ કરવામાં સમર્થ નથી.



આચાર્ય નેમિચંદ્રસ્વામી ત્રિલોકસારમાં લખે છે કે 'પ્રચૂર ભોગસામગ્રી પણ ભોગભૂમિયા જીવોને તૃપ્તિ દેવામાં સમર્થ નથી.' પંચેન્દ્રિયના વિષય ભોગ તો, કર્મભૂમિના હોય કે ભોગભૂમિના, મધુર વિષ સમાન જ છે, તેને ભોગવતા શાંતિ મળતી નથી, તે તો આગમાં ઘી નાખવા જેવું કાર્ય કરે છે. તેથી ભોગભૂમિના કાળને શ્રેષ્ઠ કહી શકાતો નથી.

(૨) કર્મભૂમિના દુષમા-સુષમા નામના **ચોથાકાળ**ને શ્રેષ્ઠ કહેવાવાળા લોકોનો તર્ક છે કે આ કાળમાં તીર્થંકર હોય છે, જીવોને શુક્લધ્યાન, શ્રેણી ચઢવી અને નિર્વાણપ્રાપ્તિ આ કાળમાં સંભવ હોવાથી તેને જ શ્રેષ્ઠ કહેવો જોઈએ.

એક અપેક્ષાથી એ વાત બરાબર છે, પરંતુ શું ચોથા કાળમાં જન્મેલા બધા જીવ નિર્વાણની પ્રાપ્તિ કરે છે? શું ચોથા કાળમાં બધા ધર્માત્મા જ હોય છે? શું પાંચમા કાળમાં ધર્મ નથી થતો? ભાઈ! એવું નથી. ચોથા કાળના બધા જીવો ધર્માત્મા નથી હોતા અને પાંચમા કાળના બધા અધર્માત્મા નથી હોતા. પાંચમા કાળના કોઈપણ જીવ મરીને સાતમી નરકમાં નથી જતાં, જ્યારે ચોથા કાળવાળા જીવ સાતમી નરકમાં જઈ શકે છે.

જો કે આ વાત પરમ સત્ય છે કે ચોથાકાળમાં જન્મેલા જીવ મુક્તિની પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ ચોથા કાળના બધા જીવ મુક્તિની પ્રાપ્તિ કરતા નથી. આપણો જન્મ ચોથા કાળમાં પણ અનંતવાર થઈ ચૂક્યો છે. કાળ પરાવર્તનની દૃષ્ટિથી જોઈએ તો ચોથા કાળનો કોઈપણ સમય એવો નથી કે જ્યારે આપણો જન્મ ન થયો હોય! ચોથા કાળમાં જન્મ લઈને પણ જ્યાં સુધી આ જીવ

પોતાના નિજ જ્ઞાયક આત્માને ન જાણે, ત્યાં સુધી સુખી થઈ શકતો નથી તથા પાંચમા કાળમાં પણ પોતાના સ્વરૂપને જાણીને આત્માનુભવરૂપ સાચા સુખની પ્રાપ્તિ કરી શકાય છે. આ પાંચમા કાળમાં પણ ધર્મધ્યાનનો સદ્‌ભાવ આગમમાં કહ્યો છે.

ઋષભદેવે ત્રીજા કાળમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું તો ઇન્દ્રભૂતિ ગૌતમ, સુધર્માસ્વામી, જંબૂસ્વામી, શ્રીધર કેવળી આદિ અનેક જીવોને પાંચમા કાળમાં પણ નિર્વાણની પ્રાપ્તિ થઈ. એ વાત અલગ છે કે ઇન્દ્રભૂતિ આદિનો જન્મ ચોથા કાળમાં થયો હતો.

આ રીતે, એ સિદ્ધ થયું કે ચોથો કાળ પણ આ જીવ માટે શ્રેષ્ઠ નથી. આ કાળમાં જન્મ લઈને પણ મુક્તિની ગેરેંટી નથી. વસ્તુતઃ કોઈપણ બાહ્યકાળ આ જીવને સુખી-દુઃખી કરવામાં સમર્થ નથી. તેથી, સાચા સુખની પ્રાપ્તિની ઇચ્છા રાખવાવાળા આત્માર્થીઓએ કોઈ સારા કાળ કે મુહૂર્ત અથવા શ્રેષ્ઠ દિવસની રાહ જોવાની જરૂર નથી.

જે કાળમાં આ જીવ પોતાના સ્વભાવની સન્મુખ થાય તે જ કાળ શ્રેષ્ઠ છે. બાહ્ય કોઈપણ કાળથી સુખ-દુઃખ થવું માનવું મિથ્યાત્વ છે, કાળપરાવર્તનનું કારણ છે.

સાચું સુખ તો પોતાનામાં જ છે, તેથી બાહ્ય કાળથી દૃષ્ટિ હટાવીને પોતાનામાં દૃષ્ટિ કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ, તેમાં જ સાર છે, તે જ સુખી થવાનો ઉપાય છે, તેજ મુક્તિનો માર્ગ છે. આપણે પણ આ મર્મને સમજપૂર્વક, નિજ જ્ઞાયકનું શરણ લઈને પરમસુખની પ્રાપ્તિ કરીએ એ જ મંગલ ભાવનાથી વિરામ લઉં છું.

●



# અભિપ્રાય
## (વિદ્વાનોની દૃષ્ટિમાં પ્રસ્તુત પ્રકાશન)

### ○ વાણીભૂષણ પં. જ્ઞાનચંદજી જૈન 'જૈનરત્ન' વિદિશા (મ.પ્ર.)

**'કાળચક્ર' : એક સફળ પ્રયાસ**

વીતરાગી ભગવંતોની ચાર અનુયોગમયી જિનવાણીમાં કરણાનુયોગનું પોતાનું સ્થાન છે. 'કાળચક્ર' કૃતિમાં જે સરળ, સુબોધ શૈલીમાં વિભિન્ન જિનાગમોના પ્રમાણ આપીને પુસ્તકનું લેખન થયું છે, તે પ્રત્યેક સ્વાધ્યાયી જીવ માટે ઉપયોગી બની ગઈ છે.

પ્રસ્તુત કૃતિના સફળ રચનાકાર યુવા વિદ્વાન પં. સંજીવકુમારજી ગોધા, જયપુર જિનાગમના અભ્યાસી વિદ્વાન છે. અનેક વર્ષોથી સંપૂર્ણ ભારતવર્ષ જ નહીં, પરંતુ વિદેશોમાં પણ વીતરાગમાર્ગની પ્રભાવના કરી રહ્યા છે. એક સફળ પ્રવચનકારની સાથે હવે એક સફળ રચનાકાર પણ બની ગયા છે અને 'કાળચક્ર' કૃતિ તેમનો એક સફળ પ્રયાસ છે કે જેમાં તેઓ પૂર્ણતયા સફળ થયા છે.

આ જિનાગમના સૂક્ષ્મ અભ્યાસપૂર્વક નિજશુદ્ધાત્મતત્ત્વની આરાધના-પૂર્વક જિનમાર્ગની મંગળમય પ્રભાવના કરતાં રહે એ જ પવિત્ર ભાવના છે.

### ○ બ્ર. યશપાલજી જૈન, એમ.એ. (પ્રાકૃત, સંસ્કૃત), જયપુર

**હું ઘણો જ પ્રભાવિત છું**

ડૉ. સંજીવકુમાર ગોધા દ્વારા લિખિત ગ્રંથ કાળચક્ર બીજીવાર વાચ્યું. હું શાસ્ત્રથી પ્રભાવિત છું. પ્રભાવિત થવાના કારણોને હું અહીં કહેવા માંગુ છું —

આ ગ્રંથમાં ક્યાંય પણ અનાવશ્યક વિસ્તાર નથી. બધા કથન શાસ્ત્રાનુસાર લખ્યા છે અને સર્વત્ર શાસ્ત્રાધાર પણ નીચે સ્પષ્ટરૂપથી કહ્યા છે. સંદર્ભ ગ્રંથોમાં ચારેય અનુયોગના શાસ્ત્રોનો ઉપયોગ થયો છે. બધા કથન જાણે કે પારિભાષિક શબ્દોમાં લખ્યા છે. ક્યાંય પણ વિષયને અનાવશ્યક વિસ્તાર આપ્યો નથી. છ કાળનું જ્ઞાન કરાવવા માટે સુંદર ચિત્રનો પણ ઉપયોગ કર્યો છે. અનેક સ્થાનો ઉપર મતભેદોના કથન આચાર્યોના નામ

અને ગ્રંથાધારથી આપ્યા છે, તે ખૂબ જ સારા લાગ્યા.

વિજ્ઞાનની શોધને કારણે વર્તમાનકાળ ઉત્સર્પિણી લાગે છે, તેનો સારો ખુલાસો આ ગ્રંથમાં થયો છે.

તીર્થંકર ઋષભદેવે ત્રીજા કાળમાં અને ગૌતમ ગણધર આદિએ પાંચમા કાળમાં મોક્ષ પ્રાપ્ત કર્યો – આ પ્રકરણ પછી લેખકનું કથન – 'વસ્તુતઃ કોઈપણ બાહ્યકાળ આ જીવને સુખી-દુઃખી કરવામાં સમર્થ નથી. જે કાળમાં આ જીવ પોતાના સ્વભાવ સન્મુખ થાય તે જ કાળ શ્રેષ્ઠ છે. બાહ્યકાળથી સુખ-દુઃખ માનવું મિથ્યાત્વ છે.' — આ વિશ્લેષણ ખૂબ જ સારું લાગ્યું.

હું શ્રી અખિલજીને આ ગ્રંથના પ્રકાશનકાર્ય માટે ધન્યવાદ આપવા ઈચ્છું છું. કાળચક્ર પુસ્તકના લેખક ડૉ. ગોધાજીને હું વ્યક્તિગતરૂપથી અનેકવાર સાહિત્યિક કાર્ય વિશેષરૂપથી કરતાં રહેવા માટે કહેતો જ રહું છું. તેઓ આ જ રીતે લખતા રહે.

## ૦ બાલ બ્ર. હેમચંદજી 'હેમ' દેવલાલી, નાસિક (મહા.)

### આ એક લઘુ શોધપ્રબંધ જ છે

દાર્શનિક વિદ્વાન ડૉ. સંજીવકુમારજી ગોધા દ્વારા આગમના આલોકમાં લિખિત 'કાળચક્ર' (જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં) નામના ૭૨ પૃષ્ઠીય પુસ્તક એક લઘુ શોધપ્રબંધ જ છે. વર્તમાનમાં કુંદકુંદામ્નાયી પૂર્વ આચાર્ય ભગવંતો દ્વારા વિરચિત શ્રુતસ્કંધરૂપ જિનાગમ જ આ પંચમકાળમાં આપણા બધા આત્માર્થી મુમુક્ષુ બંધુઓ માટે પ્રકાશસ્તંભ સમાન છે. પં. સ્વર્ગીય ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી, વારાણસી મને કહેતાં રહેતા હતા — 'બેટા હેમચંદ ! આ પંચમકાળમાં જિનધર્મ ઉપલબ્ધ જિનાગમના બળથી ટકી રહેશે, કોઈ વ્યક્તિવિશેષના ચિંતનથી નહીં. તેથી તું આગમબળના આધારે આત્મબળ વધારીશ તો જિનધર્મના મર્મને પ્રાપ્ત કરી લઈશ.' પ્રિય ડૉ. સંજીવ હું તને પણ એ જ કહેવા ઈચ્છું છે કે તારું બુદ્ધિબળ સારું અને ઉત્તમ હોવાથી તું આગમબળ અને આત્મબળ બંનેની વૃદ્ધિ પર વિશેષ ધ્યાન આપજે. તારા જેવા યુવા ધર્મમાં ઉત્સાહી વિદ્વાનોના બળથી આપણા અહિંસક જૈન સમાજને માર્ગદર્શન પ્રાપ્ત થતું રહેશે અને જ્ઞાનદીપને પ્રજ્વલિત થતાં રહેવાની પરંપરા ચાલતી જ રહેશે.



આ પુસ્તક એક લઘુ શોધપ્રબંધ જ છે કે જેમાં કાળ દ્રવ્યનું સમગ્ર વિવેચન થયું છે. આ પુસ્તકમાં બધુ જ આગમ સંમત જ છે, બધુ જ સમીચીન જ લખ્યું છે. તારી લેખની પ્રામાણિક છે. તું આ રીતે જ લખતો રહે.

## ૦ ડૉ. અરવિંદકુમાર જૈન, સુજાનગઢ (રાજ.)

**શાસ્ત્રી, જૈનદર્શનાચાર્ય, એમ.એ. (હિન્દી, સંસ્કૃત), ધર્માલંકાર, પીએચ.ડી.**

### પ્રામાણિક અને નિર્વિવાદ કૃતિ

'કાળચક્ર' કૃતિ કાળ વિષયના સંદર્ભમાં લખાયેલી અત્યાર સુધીની કૃતિઓમાં સૌથી સરળ, સહજ, બાળગોપાળ, પ્રૌઢ અને પ્રબુદ્ધ બધા લોકો માટે સુબોધગમ્ય તથા ઉપયોગી છે. ડૉ. સંજીવજી ગોધા આ વિષયના શિબિર-કક્ષાઓમાં દેશ-વિદેશોમાં પ્રખર શિક્ષક તથા પ્રવચનકાર છે. તેનો લાભ વ્યવસ્થિત વિષયક્રમ, પરિમાર્જિત ભાષા અને સહજ પ્રસ્તુતિકરણમાં કૃતિને પ્રાપ્ત થયો છે. આધ્યાત્મિકતાનો ભંડાર સહિત અધિકૃત આગમ ગ્રંથોના સંદર્ભોએ કૃતિને પ્રામાણિક અને નિર્વિવાદ બનાવી છે. 'સહજ જિજ્ઞાસાઓ' પ્રકરણ કૃતિને અદ્યતન બનાવે છે.

કૃતિ બધા માટે ઉપયોગી સિદ્ધ થાય અને કૃતિકાર પોતાની પ્રતિભાનો ઉપયોગ એવી જ રીતે સમાજહિતમાં કરતાં રહે. હું તેમના દીર્ઘાયુ અને ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરું છું.

## ૦ ડૉ. રાજેન્દ્રકુમાર બંસલ, મહામંત્રી, વિદ્વત્પરિષદ, અમલાઈ

### કાળ વિષય પર સર્વાંગિણ કૃતિ

શ્રી અ.ભા.દિગ.જૈન વિદ્વત્પરિષદ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને પ્રખર યુવા વિદ્વાન ડૉ. સંજીવકુમાર ગોધા કૃત કાળચક્રનું અવલોકન કર્યું. અનાદિ સ્વચાલિત વિશ્વવ્યવસ્થા અને આત્મોત્થાનની પ્રક્રિયામાં કાળ અને કાળચક્રનું વિશિષ્ટ સ્થાન છે. લેખક ડૉ. ગોધાએ જૈન આગમના આલોકમાં કાળ અને કાળચક્રનું વિસ્તૃત અને સર્વાંગિણ વિવેચન આ કૃતિમાં પ્રસ્તુત કર્યું છે કે જે જ્ઞાનવર્ધક અને પ્રેરક છે. લેખકે કાળનું સ્વરૂપ દર્શાવીને કાળચક્રના ભેદ-પ્રભેદ આ રીતે — ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ, નિશ્ચય-વ્યવહારકાળ, ઉત્સર્પિણી-અવસર્પિણીકાળ આદિ અને તેની સામાજિક, ધાર્મિક

વિશેષતાઓ ઉપર પ્રકાશ કર્યો છે. વર્તમાનમાં હુંડાવસર્પિણીકાળ ચાલી રહ્યો છે. આ કાળની વિશેષતાઓનું વિવેચન પણ લેખકે ખૂબ જ સુંદર ઢંગથી કર્યું છે.

અંતમાં 'કેટલીક સહજ જિજ્ઞાસાઓ' શીર્ષકમાં લેખકે સહજ જિજ્ઞાસાઓનું સમાધાન કરી સાધકને સાચા સુખની પ્રેરણા આપી છે. આ જ્ઞાનવર્ધક કૃતિના લેખક, પ્રકાશક બધાને આ સુંદર લઘુકૃતિના પ્રકાશન હેતુ આભાર.

## ૦ પ્રો. ધર્મચન્દ્ર જૈન, ૧૭૫૬-બી/૫, જ્યોતિનગર, કુરુક્ષેત્ર

### આ વિષયની પહેલી કૃતિ

શ્રી અખિલ બંસલજી આપના દ્વારા મોકલેલ ગ્રંથ પ્રાપ્ત થયા, તેમાં કાળચક્ર ગ્રંથ મારા માટે સર્વાધિક મહત્વપૂર્ણ છે. આ શોધપરક રચના મારી દૃષ્ટિમાં પ્રથમ પણ છે. કાળના સંદર્ભમાં ઘણું જ સુંદર, સુપ્રમાણ અધ્યયન કરવામાં આવ્યું છે. તેમાં કેટલાક અછૂતા પ્રશ્નો પણ આપવામાં આવ્યા છે. કાળ વિષયક વ્યક્તિની અધિક ઉત્કંઠિત શંકાઓનું સમાધાન ગ્રંથમાં ખૂબ જ સારી રીતે પ્રતિપાદિત થયું છે કે જે વિદ્વાનની જ્ઞાન ગરિમાને સ્પષ્ટ ઝલકાવે છે. ટાઈટલ પૃષ્ઠ સુંદર અને આકર્ષક છે, મુદ્રણ પણ અત્યંત સુંદર છે. વિદ્વાન લેખકને મારા તરફથી ઉત્તમ લેખન માટે હાર્દિક અભિનંદન અને આપને ગ્રંથ મોકલવા માટે ધન્યવાદ !

## ૦ ડૉ. સુરેશચંદ જૈન, (વરિષ્ઠ સંપાદક, જૈન પ્રચારક), દિલશાદ ગાર્ડન, દિલ્હી-૯૫

### અંધવિશ્વાસને ખંડ-ખંડ કરવામાં સહાયક થશે.

ડૉ. સંજીવકુમાર ગોધાએ કાળચક્ર લઘુ પુસ્તકમાં જૈનદર્શનના મૂળ સિદ્ધાંતોને સમાવિષ્ટ કરતાં થકા જે તથ્ય પ્રકાશિત કર્યું છે, તે પરિણમનશીલ જગતની સ્થિતિ અને સૃષ્ટિ નિયામક અંધવિશ્વાસને ખંડ-ખંડ કરવામાં સહાયક સિદ્ધ થશે. વિશ્લેષણ પદ્ધતિ સુગમ, સરળ અને સહજગમ્ય છે. ગોધાજી અને ટ્રસ્ટ આવા પુસ્તકના પ્રકાશન માટે અભિનંદનને પ્રાપ્ત થાય છે.



## સંદર્ભ ગ્રન્થ સૂચી


આદિપુરાણ : આચાર્ય જિનસેન
સંપાદક – ડૉ. પન્નાલાલ જૈન, સાહિત્યાચાર્ય
ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી
ભાગ-૧,દસમીઆવૃત્તિ૨૦૦૪,ભાગ-૪,નવમીઆવૃત્તિ૨૦૦૩

કાર્તિકેયાનુપ્રેક્ષ : સ્વામી કાર્તિકેય
સંપાદક - પં. મહેન્દ્રકુમાર પાટની, કાવ્યતીર્થ
શ્રી દિગમ્બર જૈન શિક્ષણ સમિતી, ઇંદૌર અને
પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર, ચોથી આવૃત્તિ ૧૯૯૬

ગોમ્મટસાર જીવકાંડ : શ્રીમન્નેમિચન્દ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, છઠ્ઠી આવૃત્તિ ૧૯૮૫

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર : સ્થવીરપ્રણીત ષષ્ઠ ઉપાંગ
સંપાદક—ડૉ.છગનલાલ શાસ્ત્રી, પં. શોભાચંદ્ર ભારિલ્લ

જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ : ક્ષુલ્લક જિનેન્દ્ર વર્ણી
સંપાદક—પ્રો. એ. એન. ઉપાધ્યે, ડૉ. હીરાલાલ જૈન
પ્રકાશક—ભારતીય જ્ઞાનપીઠ દિલ્હી
ભાગ-૧, આઠમી આવૃત્તિ—૨૦૦૩

બૃહદ્ દ્રવ્યસંગ્રહ : આચાર્ય નેમિચન્દ્ર સિદ્ધાન્તિદેવ
સંસ્કૃત વૃત્તિ—શ્રી બ્રહ્મદેવ સૂરિ
શ્રી દિ.જૈન શિક્ષણ સંયોજન સમિતિ, ઇન્દૌર, બીજી આ. ૧૯૯૫

ભારતીય સૃષ્ટિવિદ્યા : ડૉ. પ્રકાશ
સંપાદક—લક્ષ્મીચંદ્ર જૈન જગદીશ
પ્રકાશક—ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી, વીર નિ.સં. ૨૫૦૦

ભક્તામર સ્તોત્ર : આચાર્ય માનતુંગ
પ્રકાશક/મુદ્રક—વીર પ્રેસ, મનિહારોંકા રાસ્તા, જયપુર

મહાપુરાણ : મહાકવિ પુષ્પદંત
સંપાદક—ડૉ. પી.એલ. વૈદ્ય
પ્રકાશક—ભારતીય જ્ઞાનપીઠ દિલ્હી
ભાગ-૧. આવૃત્તિ બીજી-૨૦૦૧

તત્ત્વાર્થવાર્તિક (રાજવાર્તિક) : ભટ્ટ અકલંકદેવ
સંપાદક—પ્રો, મહેન્દ્રકુમાર જૈન, ન્યાયાચાર્ય
ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી
ભાગ-૧, પાંચમી આવૃત્તિ-૧૯૯૯, આઠમી આવૃત્તિ-૨૦૦૮
ભાગ-૨,પાંચમી આવૃત્તિ-૧૯૯૯, આઠમી આવૃત્તિ-૨૦૦૯

તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર : શ્રી વિદ્યાનંદસ્વામી
સંપાદક—પં. વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી
આચાર્ય કુંથુસાગર ગ્રંથમાલા,સોલાપુર
પહેલોભાગ,ઇ.સ.૧૯૪૯,બીજોભાગ,ઇ.સ.૧૯૫૧,ત્રીજોભાગ
ઈ.સ.૧૯૫૩,ચોથોભાગ,ઈ.સ.૧૯૫૬,પાંચમોભાગઈ.સ.૧૯૬૪,
છઠ્ઠોભાગઇ.સ.૧૯૬૯,સાતમોભાગઈ.સ.૧૯૮૪

તત્ત્વાર્થસૂત્ર : આચાર્ય ઉમાસ્વામી
વીર પુસ્તક ભંડાર, જયપુર-૨૦૦૫

તિલોયપણ્ણત્તિ : આચાર્ય યતિવૃષભ
ટીકાકર્ત્રી—આર્યિકા વિશુદ્ધમતી
સંપાદક—ડૉ. ચેતનપ્રકાશ પાટની

શ્રી ભારતવર્ષીય દિગમ્બર જૈન મહાસભા
ભાગ-૧ પહેલી આ. ૧૯૮૪ (તિજારા અલવર, ત્રીજી આ. ૧૯૮૭
ભાગ-૨ પ્રથમ આ.૧૯૮૮, ભાગ-૩,પ્રથમ આવૃત્તિ ૧૯૮૯

તિલોયપણ્ણત્તી (ત્રિલોક પ્રજ્ઞપ્તિ) : આચાર્ય યતિવૃષભ
: સંપાદક—પ્રો. આદિનાથ ઉપાધ્યાય અને પ્રો. હીરાલાલ જૈન
જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ, સોલાપુર
ભાગ-૧, ૧૯૫૬, ભાગ-૨, ૧૯૫૧

ત્રિલોકસાર : શ્રીમન્નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી
ટીકાકર્ત્રી—આર્યિકા વિશુદ્ધમતિ
સંપાદક—પં. રતનચંદ જૈન મુખ્તાર, ડૉ. ચેતનપ્રકાશ પાટની
શ્રી શાંતિવીર દિ. જૈન સંસ્થાન, મહાવીરજી, વીર નિ.સં. ૨૫૦૧

નિયમસાર : આચાર્ય કુંદકુંદ
સંસ્કૃત ટીકા—શ્રી પદ્મપ્રભમલધારીદેવ
શ્રીકુંદકુંદકહાનદિ.જૈનતીર્થસુરક્ષાટ્રસ્ટ,સાતમીઆવૃત્તિ૧૯૯૩

પદ્મપુરાણ ભાગ-૩ : આચાર્ય રવિષેણ
ભારતીય જ્ઞાનપીઠ, દિલ્લી, પાંચમી આવૃત્તિ ૧૯૯૭

પંચાસ્તિકાય સંગ્રહ : આચાર્ય કુંદકુંદ
સંસ્કૃત ટીકા—આચાર્ય અમૃતચંદ્ર
પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર છઠ્ઠી આવૃત્તિ-૧૯૯૮

પંચાસ્તિકાય (તાત્પર્યવૃત્તિ) : આચાર્ય કુંદકુંદ
સંસ્કૃત ટીકા—આચાર્ય જયસેન
સંપાદક—બ્ર. કલ્પના જૈન, સાગર
તીર્થધામ મંગલાયતન, અલીગઢ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

પ્રવચનસાર : આચાર્ય કુંદકુંદ
સંસ્કૃત ટીકા (તત્ત્વપ્રદીપિકા)—આચાર્ય અમૃતચંદ્ર
સંપાદક—ડૉ. હુકમચંદ ભારિલ્લ
શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ

લોકવિભાગ : શ્રી સિંહસૂરર્ષિ
સંપાદક—પ્રો. એ.એન. ઉપાધ્યે, ડૉ. હીરાલાલ જૈન
પ્રકાશક—જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ, સોલાપુર, ૧૯૬૨

ષટ્દર્શનસમુચ્ચય : હરિભદ્રસૂરિ
સંપાદક—ભારતીય જ્ઞાનપીઠ, દિલ્લી, પાંચમી આવૃત્તિ ૨૦૦૦

સમાધિતંત્ર : આચાર્ય પૂજ્યપાદ
સંસ્કૃત ટીકા—આચાર્ય પ્રભાચંદ્ર
પ્રકાશક—શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ
પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર, શ્રી આદિનાથ
કુંદકુંદ-કહાન દિગંબર જૈન ટ્રસ્ટ, અલીગઢ

સર્વાર્થસિદ્ધિ : આચાર્ય પૂજ્યપાદ
સંપાદક—સિદ્ધાન્તાચાર્ય પં. ફૂલચંદજી શાસ્ત્રી
પ્રકાશક—ભારતીય જ્ઞાનપીઠ, દિલ્લી, છઠ્ઠી આવૃત્તિ ૧૯૯૫

હરિવંશપુરાણ : આચાર્ય જિનસેન
સંપાદક—પં. પન્નાલાલ જૈન, સાહિત્યાચાર્ય
પ્રકાશક—ભારતીય જ્ઞાનપીઠ, દિલ્લી, ૧૯૬૨

શાશ્વત તીર્થધામ સમ્મેદશિખર : ડૉ. હુકમચંદ ભારિલ્લ
પ્રકાશક—પં.ટોડરમલસ્મારકટ્રસ્ટ,જયપુર,સાતમીઆવૃત્તિ-૨૦૧૨